સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

ઑગસ્ટ, ૨૦૨૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-



## વિરાટનો હિંડોળો ઝાકમઝોળ...

**હૈયાના ભાવ-હિંડોળે શ્રીહરિને ઝુલાવતો ભક્તિભર્યો હિંડોળા ઉત્સવ**







**સાક્ષાત્ ગુણાતીત પ્રાકટ્ય તીર્થ ગુણાતીતનગર-ભાદરામાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો દિવ્ય લાભ**

પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણના અનન્ય સેવક અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના પ્રાકટ્યતીર્થમાં ભવ્ય બી.એ.પી.એસ. શિખરબદ્ધ મંદિરના પરિસરમાં પધારીને ગુરુહરિ મહંત સ્વામી મહારાજે જામનગર જિલ્લાના ભક્તોને લાભાન્વિત કર્યા હતા. અહીં, પ્રાસાદિક ગુણાતીત પ્રાકટ્યતીર્થ-ભૂમિમાં ગુણાતીતના પાંચમા અનુગામી મહંત સ્વામી મહારાજનાં દિવ્ય દર્શન.



# હૈયાના હિંડોળે હરિને હિંચકાવીએ...

## ક્રમિકા


૩. સંપાદકીય

૪. વિરાટનો હિંડોળો ઝાકમઝોળ
- સાધુ અક્ષરજીવનદાસ

૭. વંદે સંતપરંપરામ્
- સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી (૭)
- મહર્ષિ સુશ્રુત (૮)

- સાધુ અક્ષરવત્સલદાસ

૨૧. ગુરુ બિન કૌન બતાવે બાટ...
- શ્રી રાજાબાબુ ગુપ્તા (૨૨)
- શ્રી યશવંત જેઠવા (૨૫)

૨૯. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૪૨. નૂતન મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

૪૪. અમેરિકામાં પ્રથમ બી.એ.પી.એસ મંદિરની ૫૦મી જયંતીએ ન્યૂયોર્ક એસેમ્બલીમાં થયું સન્માન

૪૫. પેરિસમાં રચાનાર મંદિરનો ફાઉન્ડેશન દ્વારા થયો નિર્માણનો શુભારંભ

૪૬. અબુધાબીના હિન્દુ મંદિરમાં યોજાઈ રાષ્ટ્રીય શિબિર

૪૭. બી.એ.પી.એસ. યુવા સત્સંગ પ્રવૃત્તિ દ્વારા ઠેર ઠેર યોજાઈ યુવા શિબિર

૪૮. કાર્યકર અભિવાદન સમારોહ

૪૯. વિવિધ વૃત્ત

૫૦. અક્ષરવાસ


પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં ભક્તિનો મહિમા ગાતાં કહ્યું છે: ‘ભક્તિ વિના વિદ્વાન પણ અધોગતિને પામે છે.’ વચનામૃતમાં તેઓ ઉચ્ચારે છે: ‘જેને ગોપીઓના જેવી પ્રેમલક્ષણા ભક્તિ છે, તેને તો સર્વે સાધન પૂર્ણ થયાં છે.’ ભગવાન સ્વામિનારાયણે એવી ભક્તિને પોષી છે, સ્વીકારી છે, ભક્તોને કૃતાર્થ કર્યા છે.

એક વખત ભગવાન સ્વામિનારાયણ ગઢપુરમાં જીવાખાચરના દરબારમાં પોઢ્યા હતા. મધરાતનો સમય થયો હતો. એવા સમયે પોતાના ઘરે બેઠેલો નાગાર્જુન રાવળ, ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ હૈયે ધારીને રવાજ વગાડી કીર્તન ગાવા લાગ્યો. વાતાવરણમાં વહેતા ભક્તિના એ સૂરો શ્રીહરિના કાન સુધી પહોંચ્યા. શ્રીહરિ ભક્તિના સૂરો તરફ ખેંચાયા, પલંગ પરથી ઊભા થઈ સૂરની દિશામાં ઉતાવળી ચાલે નાગાર્જુનના ઘરે પહોંચ્યા. નાગાર્જુન તો નયનો મીંચીને એકાગ્રવૃત્તિથી ભક્તિમાં તલ્લીન હતો. તેના સૂરીલા કંઠે એક પછી એક ગવાતાં કીર્તનો અને રોમ-રોમ ફૂટતી ભક્તિ શ્રીહરિને તરબતર કરી રહી. નાગાર્જુનને એ શુધ પણ ન રહી કે ક્યારે સ્વયં શ્રીહરિ અહીં આવીને ઊભા છે. અચાનક તેની આંખ ખૂલી ત્યારે શ્રીહરિને નીરખીને ધન્ય થઈ ગયો. શ્રીહરિએ તેને કહ્યું: ‘તારા પ્રેમભર્યા ભક્તિભાવે અમને અહીં ખેંચ્યા છે.’ એમ કહી તેને દિવ્ય કૃપાસમાધિ કરાવીને શ્રીહરિએ પોતાના અક્ષરધામની અનુભૂતિ કરાવી. સમાધિ પૂર્ણ થઈ ત્યારે શ્રીહરિએ કહ્યું: ‘જ્યાં જ્યાં આવી પ્રેમભક્તિ હોય ત્યાં હું અવશ્ય ઉપસ્થિત થાઉં છું. તું જ્યારે આમ ભક્તિથી યાદ કરીશ ત્યારે આવીને ઊભો રહીશ.’ ભક્તિના પોષક શ્રીહરિએ આવી ભક્તિ સ્વીકારીને કંઈકને ધન્ય કર્યા છે. એવી ભક્તિનો એક અવસર એટલે હિંડોળા ઉત્સવ. આ અંકનું આવરણ ચિત્ર શ્રીહરિએ ઉજવેલા એવા હિંડોળા ઉત્સવની સ્મૃતિ કરાવે છે. ચાતુર્માસમાં આવતા આ ઉત્સવે હૈયાના હિંડોળે ભગવાન સ્વામિનારાયણને ઝુલાવતા ગુણાતીતાનંદ સ્વામી અને સંતો-ભક્તોની સ્મૃતિ સાથે આપણેય ભક્તિમાં તલ્લીન થઈ શ્રીહરિને હૈયે ઝુલાવીએ. ◆


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૬, અંક : ૮,**
**ઑગસ્ટ, ૨૦૨૪**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક ‘સ્વામિનારાયણ પ્રકાશ’ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક ‘સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા’ ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી ‘સ્વામિનારાયણ પ્રકાશ’માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ, સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક:** સાધુ નિખિલેશદાસ


**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)



**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**


વિરહનો હિંડોળો
ઝાકઝમઝોળ

સનાતન ધર્મમાં ભક્તિનું પ્રાધાન્ય ખૂબ રહ્યું છે, તેમાં પણ ચાતુર્માસમાં ભક્તિ સોળે કળાએ ખીલી ઊઠે છે. ભગવાન સ્વામિનારાયણે સનાતન ધર્મનાં ભક્તિનાં બધાં જ અંગો પુષ્ટ કર્યાં, ભક્તિને સોળે કળાએ ખીલવી. શ્રીહરિને કેવળ તપ કે વૈરાગ્યની શુષ્કતા ખપતા ન હતા, જીવનમાં ભક્તિ પાંગરવી જોઈએ, હૈયાના દોલા પર પ્રભુને હીંચોળવા જોઈએ. તેથી જ શ્રીહરિ ઉત્સવોમાં સૌને આમંત્રતા, સૌ સાથે રમતા, ખેલતા, હિંડોળે હીંચકતા, દિવ્ય લીલા કરતા, સૌનાં અંતર પોતાની દિવ્ય મૂર્તિની સ્મૃતિથી ભરી દેતા. ભગવાન સ્વામિનારાયણની એ દિવ્ય હિંડોળા લીલાનું ગાન કરતાં કવિવર ન્હાનાલાલે લખ્યું છે: *‘વિરાટનો હિંડોળો ઝાકમઝોળ...’*

અષાઢ-શ્રાવણના પવિત્ર પર્વે હિંડોળા ઉત્સવ ચાલી રહ્યા છે ત્યારે
એ ઐતિહાસિક હિંડોળા ઉત્સવોની સ્મૃતિઓ માણીએ...

■ **સાધુ અક્ષરજીવનદાસ**

ભગવાન સ્વામિનારાયણે ઊજવેલા હિંડોળા ઉત્સવની શરૂઆત થઈ હતી માંગરોળથી. રામાનંદ સ્વામીએ તેઓને ધર્મધુરા સોંપ્યાને એકાદ વર્ષ થયું હતું, ત્યારની વાત છે.

આષાઢી સંવત ૧૮૫૯નું વર્ષ બેઠું અને આષાઢનો મેઘ આકાશમાં છવાયો. મોર પણ ગેલમાં આવીને પોતાની ડોકની સાંકળના ત્રણ ત્રણ કટકા કરીને ગેહુક ગેહુક ગહેકવા લાગ્યા. મલ્હાર રાગની એ સૂરાવલિ સાંભળી વાદળાંઓ વરસવા લાગ્યાં. સૂર્યના તાપથી ધગેલી પૃથ્વી ટાઢી થઈ. તેના ઊના નિઃશ્વાસ ટાઢી વરાળ બની પૃથ્વીની માદક સુગંધ પ્રસરાવવા લાગ્યા અને રથયાત્રા, દેવપોઢી, ગુરુપૂનમના ઉત્સવ પછી હિંડોળા શરૂ થયા.

સંતો-ભક્તોએ આ તક ઝડપીને અદ્‌ભુત હિંડોળો તૈયાર કર્યો અને નવયુવાન ભગવાન સ્વામિનારાયણને હિંડોળા ઉપર પધરાવ્યા. સંતો શ્રીહરિની સન્મુખ બેસી વાજિંત્રો સહિત હિંડોળાનાં પદો ગાવા લાગ્યા. આજ સુધી તો ઠાકોરજીની ચલમૂર્તિને હિંડોળામાં પધરાવવામાં આવતી હતી, પરંતુ આજે પ્રત્યક્ષ પુરુષોત્તમને ઝુલાવતાં સૌ ગેલમાં આવી ગયા અને હિંડોળા ઉત્સવ ધામધૂમથી મનાવ્યો.

સૌને હિંડોળા ઉત્સવનું એ એવું સુખ આવ્યું કે દર વર્ષે શ્રીહરિને હિંડોળે ઝુલાવીને સૌ ઉત્સવ મનાવતા રહ્યા.

એકવાર શ્રીહરિ તમાસણ, જાળિયા થઈને ડાંગરા પધાર્યા હતા. કારણ કે ડાંગરાના ખીમા પટેલે સંકલ્પ કરી રાખ્યો હતો કે શ્રીજીમહારાજને હિંડોળે ઝુલાવવા છે. તેમણે પોતાના આંગણામાં પીંપરની ડાળે હિંડોળો બાંધી રાખ્યો. શ્રીહરિ આ સંકલ્પ પૂરો કરવા જ પધાર્યા હતા. તે સાથે સર્વે ભક્તોને પણ દેવોને દુર્લભ એવો શ્રીહરિને હિંડોળે ઝુલાવવાનો લાભ પ્રાપ્ત થયો. ખીમા પટેલ ગદ્‌ગદ થઈ ગયા. તેમણે હાથ જોડ્યા. શ્રીહરિ કહે, ‘જુઓ પટેલ ! અમારે પણ તમારા જેવા ભક્તોના મનોરથો પૂરા કરવાના સંકલ્પ તો હોય જ. એ માટે તો અમારો જન્મ છે.’

શ્રીહરિએ કારિયાણીમાં પણ હિંડોળા ઉત્સવ કર્યો હતો તે સ્મરણીય બની રહ્યો છે. સંવત ૧૮૬૧માં કારિયાણીમાં તળાવ ગળાવ્યું ત્યારે આજુબાજુનાં ગામોના ભક્તોને તળાવ ખોદવા જોડ્યા હતા. સૌને વિષ્ણુયાગ અને અતિરુદ્રનો લાભ આપી મોટો ઉત્સવ કર્યો. તેમાં પણ જ્યારે વસંતપંચમી આવી ત્યારે ગામધણી વસ્તાખાચર સહિત સૌના ભક્તિભાવને વશ થઈ શ્રીહરિ હિંડોળે ઝૂલ્યા. જાણે ભક્તોના હૃદય-હિંડોળે પર પ્રભુ હીંચ્યા!

એવો જ ઉત્સવ એકવાર રાજકોટમાં જામ્યો હતો.

સંવત ૧૮૬૪માં રાજકોટના રાજા સુરાજીરાજના આમંત્રણથી શ્રીહરિ રાજકોટ પધાર્યા ત્યારે આજુબાજુનાં પાડાસણ, ખાંભા, વડાળી તથા લોધિકા, ક્રાંકશિયાળી, મેંગણી, વાગુદડ, માખાવડ વગેરે રાજ્યના દરબારો પણ મહારાજનાં દર્શન કરવા આવ્યા હતા. શ્રીહરિનું વાજતે-ગાજતે સામૈયું થયું. નગરની બહાર એક મોટા ચોગાનમાં તંબુઓ, રાવટીઓમાં ઉતારા થયા. અહીં એક ઊંચી મજબૂત બોરડી હતી તેની એક વિશાળ શાખા પર ભક્તોએ હિંડોળો બાંધ્યો અને શ્રીહરિને ઝુલાવ્યા. સંઘને દૂધપાક-પૂરી ભાવપૂર્વક જમાડ્યા. રાજાએ શ્રીહરિનું પૂજન કર્યું. સૌએ વિવિધ હાર પહેરાવતાં શ્રીહરિનો કંઠ હારથી ભરાઈ ગયો. શ્રીહરિ એક-એક હાર ગળામાંથી કાઢી હરિભક્તો ઉપર ફેંકવા લાગ્યા. હરિભક્તોએ પ્રસાદીના હાર લેવા પડાપડી કરી. શ્રીહરિએ સૌને ખૂબ સુખ આપ્યું અને સત્સંગનો રંગ ચડાવી દીધો.

કચ્છના ભક્તોને ખૂબ સુખ આપનાર શ્રીહરિએ ભુજમાં પણ એવો હિંડોળા ઉત્સવનો લાભ આપ્યો હતો.

સંવત ૧૮૬૬માં ભુજનાં સૂરજબાએ ફૂલદોલ કરાવ્યો. શ્રીહરિ પધાર્યા. આ ઉત્સવમાં જરિયાની વસ્ત્રો તથા રૂપિયાના થાળ ભરી તેમના ભાઈઓ દ્વારા તેમણે શ્રીહરિની કેસર, ચંદન વગેરે ઉપચારોથી પૂજા કરાવી.

બીજે દિવસે ફૂલોનો હિંડોળો તૈયાર કર્યો. શ્રીહરિએ સૂરજબાએ આપેલો જરિયાની પોષાક ધારણ કર્યો. હિંડોળામાં બિરાજ્યા. સંતો-હરિભક્તોએ શ્રીહરિને સારી પેઠે ઝુલાવ્યા.

હિંડોળાનાં પદો ગાયાં. ઝાંઝ, મૃદંગ વગાડી ઉત્સવ કર્યો. ઉત્સવની સમાપ્તિ થઈ અને ભક્તો બાવરા બની ગયા.

અને ગઢડા તો એમનું પ્રિય ધામ. અહીં અનેકવાર શ્રીહરિએ હિંડોળા ઉત્સવની મોજ આપી હતી.

સંવત ૧૮૬૯માં ગઢડામાં દાદાખાચરના દરબારમાં શ્રીહરિએ અભૂતપૂર્વ રંગોત્સવ કર્યો. રંગ રમતાં બપોર વીતી ગઈ. સૂર્યની છાયા નમી એટલે શ્રીહરિએ તાળી પાડી. ઉત્સવ વિરમ્યો. શ્રીહરિ માણકીએ ચઢી સૌ સાથે ઘેલામાં નાહવા પધાર્યા. ત્યાં પણ કીર્તન-ઉત્સવ, જળક્રીડા ઉત્સવ! શ્રીહરિએ બધાને ઉત્સવમાં તરબોળ કર્યા. બ્રહ્મચારીએ શ્રીહરિનું શરીર લૂછી જરિયાની વસ્ત્ર પહેરવા આપ્યાં. શ્રીહરિએ પૂછ્યું: 'આ જરિયાની વસ્ત્રો કેમ લાવ્યા? સાદાં લાવવાં હતાં ને?' એટલે બ્રહ્મચારીએ કહ્યું: 'હજુ હિંડોળે ઝુલાવવા છે. ઉત્સવ ક્યાં પૂરો થયો છે? તેની તો હેલી ચડી છે. સુરતી હરિભક્તો દરેક ઉત્સવે નવાં નવાં વસ્ત્રો લાવે છે. આપ તે પહેરો અને તેઓ દર્શન કરે એવું ઇચ્છે છે.'

ભક્તવત્સલ શ્રીહરિ જરિયાની વસ્ત્રો પહેરીને દરબારમાં પધાર્યા. અહીં ભક્તોએ ફૂલોનો ભવ્ય હિંડોળો તૈયાર કર્યો હતો, તેના પર બિરાજ્યા. દાદાખાચર અને સૌ ભક્તોએ ફૂલના શણગારથી શણગારી શ્રીહરિને ઝુલાવ્યા. શ્રીહરિની દરેક ક્રિયાનાં દર્શન, દરેક પ્રસંગનાં દર્શન નિરાળાં જ રહેતાં. જેમાં ભક્તોના ચિત્તનો શ્રીહરિની મૂર્તિમાં લય થઈ જતો!

બીજા વર્ષે પણ લાડુબા-જીવુબાની ભક્તિને વશ થઈને શ્રીહરિ ફૂલના શણગાર સજીને હિંડોળે ઝૂલ્યા હતા.

સંવત ૧૮૭૦માં વડતાલના જોબનપગીના આમંત્રણથી શ્રીહરિ રંગોત્સવ કરવા પધાર્યા ત્યારે રાયણના વૃક્ષની પૂર્વમાં એક આંબા નીચે સંતો, હરિભક્તોએ હિંડોળો તૈયાર કર્યો હતો. સૌએ વિનંતી કરી: 'પ્રભુ! આ હિંડોળા ઉપર બિરાજો. આપને ઝુલાવવાનો અમને લાભ આપો.'

શ્રીહરિ તેમની વિનંતી સ્વીકારી તે ઉપર બિરાજ્યા. સંતો-હરિભક્તોએ ભાવથી ઝુલાવ્યા. હિંડોળાનાં પદો પણ ગવડાવ્યાં. શ્રીહરિના આ દિવ્ય સંબંધથી, સંતો-હરિભક્તોના ભક્તિભાવથી વરતાલ અક્ષરધામ તુલ્ય બની ગયું.

સંવત ૧૮૭૧માં શ્રીહરિ વિચરણ કરતાં ઉમરેઠ, વડતાલ થઈ વલાસણ પધાર્યા. અહીંના હરિભક્ત જાલમે રસોઈ આપી. પાટીદારના ફળિયામાં બ્રાહ્મણોએ રસોઈ કરી. સૌ સંતોને શ્રીહરિએ પોતે પીરસ્યું. અહીં વૃક્ષની ડાળે હિંડોળો બાંધ્યો અને શ્રીહરિને સૌ સંતો-હરિભક્તોએ ઝુલાવ્યા. શ્રીહરિ સાથેનું આવું અદ્ભુત વિચરણ, આવી દિવ્ય લીલાનો આસ્વાદ, દિવ્ય પ્રસાદનો ભોગ - આ બધું કયાં સાધનોથી મળ્યું હશે! તેનો સંતો વિચાર કરવા લાગ્યા. શ્રીહરિએ તેમને પૂછ્યું: 'સંતો! શું વિચારમાં પડી ગયા?'

સંતોએ કહ્યું: 'મહારાજ! આપ ક્રિયાસાધ્ય છો કે કૃપાસાધ્ય?' શ્રીહરિએ હસતાં હસતાં કહ્યું: 'એવું તમારું કયું સાધન છે કે તમને આ દિવ્ય સુખ મળે? આગળ મોટા મોટા ઋષિમુનિઓએ હજારો વર્ષો સુધી તપ કર્યાં, શરીર ઉપર રાફડા બાઝી ગયા, છતાં તેમને આ સ્વરૂપની ઝાંખી પણ થઈ નથી; જ્યારે આજે અમે તમારી ભેગા ને ભેગા - જમવામાં, રમવામાં, ફરવામાં - આ પ્રાપ્તિ કોઈ સાધનથી મળતી નથી પરંતુ કેવળ કૃપાથી જ મળે છે.'

સંતો શ્રીહરિની આવી કૃપાથી કૃતકૃત્ય થઈ ગયા!

સંવત ૧૮૭૧માં જન્માષ્ટમી કરજીસણમાં કરી ત્યારે ગોવિંદભાઈ અને નાનાભાઈ ભટ્ટ તેમજ અન્ય હરિભક્તોના ભક્તિભાવને વશ થઈને ૧૫ દિવસ સુધી શ્રીહરિ રોકાયા હતા. ગામ બહાર મહામોટા ઘેઘૂર વડલાની ડાળે વિરાટ હિંડોળો બાંધ્યો હતો. ઘણાં વર્ષોની તપશ્ચર્યાને અંતે આ વડલાનાં ભાગ્ય આજે ઊઘડી ગયાં. અહીંયાં જન્માષ્ટમી ઉપરાંત જેટલા દિવસ શ્રીહરિ રહ્યા તેટલા દિવસ રોજ હિંડોળે હીંચકતા. કથાવાર્તાનો લાભ આપતા અને હરિભક્તોને બ્રહ્માનંદમાં રસ-તરબોળ કરી દેતા.

એકવાર શ્રીહરિ કહે: 'આત્યંતિક પ્રલય સમયે ફક્ત અક્ષરધામ, ધામના ધામી અમે અને મુક્તો આટલું જ રહે છે.' ઉપાસનાની આ અતિ માર્મિક વાત સૌ સમજે એવું ન હતું, પરંતુ જેમને સમજાણી તેમના અંતરમાં શ્રીહરિની પ્રાપ્તિથી આનંદ થઈ ગયો. એક સંતે શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો: 'મહારાજ! આપે કહ્યું ને કે ધામ પણ ભગવાનની મૂર્તિ ભેળું જ દેખાય છે, તો અમને કેમ તે દેખાતું નથી?'

શ્રીહરિએ હસતાં હસતાં કહ્યું: 'ધામ સહિત મૂર્તિ ધારો તો ધામ પણ દેખાય!'

સંવત ૧૮૭૧માં શ્રીહરિ વડતાલ પધાર્યા હતા ત્યારે પણ એવો સ્મરણીય હિંડોળા ઉત્સવ જામ્યો હતો. જોબનપગી અને તેમના સાગરીતો તખોપગી વગેરે શ્રીહરિના ઉત્તમ ભક્ત થઈ ગયા હતા. કેવળ તેમને લાભ આપવા માટે શ્રીહરિ પધાર્યા હતા. તખાપગીએ શ્રીહરિને પોતાની વાડીએ પધરાવ્યા. આ પગી ભાઈઓએ શ્રીહરિનો ઉત્તમ લાભ પ્રાપ્ત કરવા માટે રાયણના વિશાળ વૃક્ષની ડાળે હિંડોળો બાંધી રાખ્યો હતો. તેમને ભાવ હતો શ્રીહરિને ઝુલાવવાનો. માણકી પણ તખાપગીના ભાવને સમજી ગઈ હોય તેમ હાવળ દેવા લાગી. શ્રીહરિ માણકી ઉપરથી છલાંગ મારી આરૂઢ થયા. વાજતે-ગાજતે **(અનુસંધાન પૃષ્ઠ ૨૮ ઉપર)**

# વંદે સંતપરંપરામ્...



શાસ્ત્રોના પારંગત પ્રકાંડ વિદ્વાન સદ્‌ગુરુ

## નિત્યાનંદ સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન સંતોમાં માળાના મેર સમાન હતા - સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી. સન ૧૭૯૩માં ચૈત્ર સુદ ૯ના શુભ દિને લખનૌ પાસેના દતિયા ગામે જન્મેલા શ્રી નિત્યાનંદ સ્વામીએ યુવાન વયે કાશીમાં શાસ્ત્રોનો ગહન અભ્યાસ તો કર્યો, પરંતુ તેમને લાગ્યું કે ‘પરમાત્માના સાક્ષાત્કાર વિના જીવન વ્યર્થ છે.’ અને પ્રભુમિલનની અદમ્ય ઝંખના સાથે, ચાળીસ હજાર રૂપિયાની મિલકતને છોડી સત્પુરુષને ખોળવા તેઓ નીકળી પડ્યા. ભારતભરમાં ફરતાં ફરતાં તેઓ ગુજરાત આવ્યા અને અહીં ઊંઝા ગામે ભગવાન સ્વામિનારાયણનાં પ્રથમ દર્શને જ તેમને શ્રીહરિમાં ભગવાનપણાનો દૃઢ નિશ્ચય થયો. ‘મને આપનાં ચરણોમાં સદાય રાખો’ એમ સ્તુતિ કરીને તેઓ સમર્પિત થઈ ગયા. મેઘપુરમાં શ્રીહરિએ તેમને ભાગવતી દીક્ષા આપી, તેમનું ‘નિત્યાનંદ’ શુભ નામ રાખ્યું.


ન્યાય, મીમાંસા વગેરે દર્શનશાસ્ત્રોમાં પારંગત નિત્યાનંદ સ્વામીને શ્રીહરિએ વરદાન આપ્યું હતું: ‘ગમે તેવો મોટો પંડિત શાસ્ત્રાર્થમાં તમને જીતી શકશે નહીં.’ વડતાલ, અમદાવાદ, વડોદરા જૂનાગઢ જેવાં અનેક સ્થળોએ વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરીને સ્વામીએ ભગવાન સ્વામિનારાયણનું અવતારીપણું સિદ્ધ કર્યું હતું.

શ્રીહરિના ચરિત્રયુક્ત ‘સત્સંગિજીવન’ ગ્રંથના લેખન વેળાએ શ્રીહરિના સ્વરૂપ અંગે નિત્યાનંદ સ્વામીએ સૌને કહ્યું હતું: ‘શ્રીહરિએ અવતારોને પોતાની મૂર્તિમાં લીન કરી બતાવ્યા છે, કૃપાસમાધિઓ કરાવી હજારોને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં છે, અનેકનાં જીવનપરિવર્તન કરી અક્ષરધામના અધિકારી બનાવ્યા છે. માટે તેઓ સ્વયં પરબ્રહ્મ અવતારી જ છે.’ તેમની આવી નિષ્ઠાથી પ્રસન્ન થઈ શ્રીહરિ બોલ્યા હતા: ‘ઉપાસક તો આવા જ જોઈએ.’

સ્વામિનારાયણ સંપ્રદાયનું બંધારણ ઘડવામાં મહત્ત્વનું યોગદાન આપનારા આ વિદ્વાન સંત વડતાલમાં સન ૧૮૫૧માં માગશર સુદ ૧૧ના રોજ અક્ષરવાસી થયા હતા. તેમણે સંસ્કૃતમાં અનેક વિદ્વત્તાપૂર્ણ ગ્રંથો રચીને ભગવાન સ્વામિનારાયણનો અપરંપાર મહિમા ગાયો છે, જેમાં શ્રીહરિદિગ્વિજય, શ્રીહરિકવચ, શાંડિલ્ય સૂત્રનું ભાષ્ય વગેરે શાસ્ત્રો સદા સ્મરણીય રહેશે...

છબિ: નિત્યાનંદ સ્વામી, સ્વામિનારાયણ અક્ષરધામ, ન્યૂજર્સી, યુ.એસ.એ.

જેમણે ૨૬૦૦ વર્ષ પહેલાં વિશ્વને પ્લાસ્ટિક સર્જરીનો પ્રથમ પ્રયોગ શીખવ્યો,
જેમણે આધુનિક સર્જરીનો પાયો નાંખ્યો, એવા મહાન ભારતીય ઋષિ વિજ્ઞાની



## આધુનિક સર્જિકલ સાયન્સના પિતામહ

# મહર્ષિ સુશ્રુત

ભારતની મહાન ઋષિ પરંપરામાં એવા અનેક મહાપુરુષો થઈ ગયા છે,
જેમનાં અદ્‌ભુત પ્રદાનોએ વિશ્વને સુખ અને શાંતિનાં વરદાન આપ્યાં છે.
અહીં એવા એક તેજસ્વી અને શુક્રતારકની જેમ સદા ઝળહળતા આચાર્ય સુશ્રુતની વાત કરવી છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં પૂર્વ અને પશ્ચિમના ઇતિહાસકારોએ જગતના તબીબી વિજ્ઞાનના ઇતિહાસમાં ખૂબ ખાંખાંખોળાં કર્યાં છે અને ભારતીય તબીબી વિજ્ઞાન એટલે કે આયુર્વેદ અને તેની સિદ્ધિઓ તરફ વિશ્વનું ધ્યાન આકર્ષિત કર્યું છે. તેમાં જેમને 'ફાધર ઓફ સર્જરી' અને 'ફાધર ઓફ પ્લાસ્ટિક સર્જરી' તરીકે સાર્વત્રિક આદર અપાય છે, એવા મહર્ષિ સુશ્રુતને અહીં અર્પી છે એક અંજલિ...

■ સાધુ અક્ષરવત્સલદાસ

## કોણ હતા આચાર્ય સુશ્રુત?

એક મહાન ઋષિપુત્ર, રાજવી, મહાન ફિલોસોફર, મહાન શિક્ષક, મહાન સર્જ્યન અને મહાન વિજ્ઞાની હતા – મહર્ષિ સુશ્રુત. તેમણે આજથી શતાબ્દીઓ પહેલાં કરેલી શોધખોળો આધુનિક સર્જિકલ વિજ્ઞાનના પાયામાં ધરબાયેલી છે.

પ્રાચીન હિન્દુ શાસ્ત્રોમાં જેમનો ઉલ્લેખ છે, એવા મહાન ઋષિ વિશ્વામિત્રના પુત્ર હતા – સુશ્રુત. મહર્ષિ વિશ્વામિત્રના પિતા મહારાજ ગાધિ કાશીના સમ્રાટ હતા. વિશ્વામિત્ર અને તેમની પત્ની માધવી થકી કાશીમાં જ એક રાજકુમાર તરીકે સુશ્રુતનો જન્મ થયો હતો.[૧] એક રાજવી હોવા છતાં વિશ્વામિત્ર નૈમિષારણ્યમાં તપ કરવા ચાલી નીકળ્યા ત્યારે બીજી તરફ, કાશીમાં તેમના પુત્ર સુશ્રુતે વિજ્ઞાન-તપસ્યાનો પ્રારંભ કર્યો. સુશ્રુત એક રાજકુમાર હતા. પરંતુ એક રાજકુમાર તરીકે નહીં, પરંતુ એક ઋષિપુત્ર તરીકે તેમણે પોતાની આખી જિંદગી લોકોને સુખી રાખવા માટે સમર્પિત કરી દીધી. પિતાનો વિષય હતો – પરમ જ્ઞાન અને અધ્યાત્મ. પુત્ર સુશ્રુતનો વિષય હતો – આરોગ્ય વિજ્ઞાન અને જિવાતું જીવન. પિતા વિશ્વામિત્ર તત્ત્વદર્શનમાં પરોવાયા અને પુત્ર સુશ્રુતે શૈલ્ય ચિકિત્સા એટલે કે સર્જરી વિજ્ઞાનમાં ઝંપલાવ્યું. સુશ્રુતના ગુરુ હતા કાશીપતિ દિવોદાસ ધન્વંતરિ.

સુશ્રુતે ધન્વંતરિ પાસેથી અભ્યાસ કર્યો એટલું જ નહીં, તેમણે પોતાની આગવી પ્રતિભાથી નવાં નવાં સંશોધનો કરીને 'સુશ્રુતસંહિતા' નામનો એક એવો ગ્રંથ લખ્યો, જે તબીબી વિજ્ઞાનના ઇતિહાસમાં સર્જરીના ક્ષેત્રે આદિ ગ્રંથ કે Handbook of Surgery સમો ગ્રંથ બની રહ્યો.

આ ગ્રંથમાં તેમણે એવી અજાયબ વાતો લખી છે કે જેમાંની કેટલીક શોધખોળો તો પશ્ચિમ વિશ્વમાં છેક ૧૮મી અને ૧૯મી સદીમાં થઈ છે!

સુશ્રુતનો સમયગાળો કયો હતો?

એ વિષે અનેક મતભેદો છે. પશ્ચિમના વિદ્વાનોએ આધુનિક ચોથી શતાબ્દીથી લઈને બારમી શતાબ્દી સુધીના વિવિધ સમય આપ્યા છે. જેમ કે મેકડોનલ નામના પ્રસિદ્ધ વિદ્વાનના મતે સુશ્રુત ઋષિ આધુનિક સંવતની ચોથી શતાબ્દીમાં થયા છે, તો જોન્સ અને વિલ્સન નામના વિદ્વાનો નવમી શતાબ્દીમાં સુશ્રુત થયા હોવાનું કહે છે. તો હર્બર્ટ ગોવન(Hebert Gowen) જેવા વિદ્વાન તો એટલી હદ સુધી કહે છે કે સુશ્રુત જેવી કોઈ વ્યક્તિ જન્મી જ નહોતી! વળી કેટલાક લોકોએ ગ્રીક વિદ્વાન સોક્રેટિસને જ આચાર્ય સુશ્રુત તરીકે ઓળખાવી દીધા![૨]

આવા અનેક મતમતાંતરો વચ્ચે પ્રાચીન ભારતના તબીબી વિજ્ઞાનનું મંથન કરીને પ્રસિદ્ધ જર્મન વિદ્વાન એ.

---

૧. विश्वामित्रसुतं शिष्यमृषिं सुश्रुतमन्वशात्।
(सुश्रुतसंहिता, चिकित्सास्थानम्, अध्याय २.३)
विश्वामित्रसुतः श्रीमान् सुश्रुतः परिपृच्छति।
(सुश्रुतसंहिता, उत्तर तंत्र, अध्याय ६६)
કેટલાક વિદ્વાનો માને છે કે સુશ્રુતના પિતા વિશ્વામિત્ર અને રામાયણકાલીન કે વેદકાલીન વિશ્વામિત્ર અલગ છે. વિશ્વામિત્ર કુળમાં તેમનો જન્મ થયો હોવાથી તેઓ વિશ્વામિત્રના પુત્ર હોવાનું કેટલાક વિદ્વાનો કહે છે. આમ છતાં પ્રાચીન ગ્રંથોમાં આવાં એકનાં એક નામોનું પુનરાવર્તન થવાથી ક્યારેક સમયની બાબતમાં ગેરસમજ થઈ શકે છે.

૨. कविराज रत्नाकर शास्त्री, *भारत के प्राणाचार्य, Indian Masters of The Science of Life,* (आत्माराम एण्ड सन्स, दिल्ली, १९७६), पृष्ठ ३४९

એફ. રુડોલ્ફ હૉર્નલ(A. F. Rudolf Hoernle) સુશ્રુતનો સમય આજથી ઓછાંમાં ઓછાં ૨૬૦૦ વર્ષ પહેલાંનો નિશ્ચિત કરી આપે છે.[૩] એવા જ પ્રસિદ્ધ ભારતીય વિદ્વાન જી. એન. મુખોપાધ્યાય આજથી ૩૦૦૦ વર્ષ પહેલાં સુશ્રુત થયા હોવાનું જણાવે છે.[૪] વળી, વિદ્વાનોના મત મુજબ સુશ્રુતસંહિતામાં ક્યાંય બૌદ્ધ પરંપરાનો નિર્દેશ માત્ર મળતો નથી. આથી તે બુદ્ધ પહેલાં એટલે કે આજથી ૨૬૦૦ વર્ષ પહેલાં થયા હોવાનું માનવામાં આવે છે.

સુશ્રુતની સર્જિકલ કુશળતાનો પ્રભાવ એટલો બધો ફેલાયો હતો કે પાછળનાં વર્ષોમાં સર્જરી કરતા કોઈપણ તબીબને પણ 'સુશ્રુત'ની ઉપમા આપવામાં આવતી હતી. જેમ કે, કમ્બોડિયામાં મળેલા એક શિલાલેખમાં, સમ્રાટ યશોવર્માના રાજ્યના એક વૈદ્યને પણ 'સુશ્રુત' તરીકે બિરદાવાયા છે.[૫]

સુશ્રુત પોતાના ગ્રંથમાં લખે છે કે ગુરુ દિવોદાસ ધન્વંતરિએ તેમને સર્જરીના ક્ષેત્રમાં જે શીખવ્યું તે તેમણે આ ગ્રંથમાં ઉતાર્યું છે. આ ગ્રંથમાં સુશ્રુત પોતાની ગુરુપરંપરા વર્ણવીને ગુરુવંદના કરે છે અને કહે છે કે આ પૂર્વ ગુરુઓની કૃપાથી જ તેમને આ જ્ઞાન પ્રાપ્ત થયું છે. સુશ્રુત એમ પણ નોંધે છે કે મારી જેમ સર્જરીના અન્ય મહાન વિદ્વાનો પણ છે, તેમનું જ્ઞાન પણ ખૂબ ઊંચું છે અને તેમની પાસેથી પણ સૌએ શીખવું જોઈએ. જો કે આજે એ વિદ્યાના ગ્રંથો નષ્ટ થઈ ગયા છે, પરંતુ એનો એટલો અર્થ જરૂર થાય છે કે એ જમાનામાં સર્જરીના ક્ષેત્રે ભારતે ઘણી પ્રગતિ કરી હતી અને તેનાં કેટલાંક અદ્‌ભુત ઉદાહરણો હિન્દુ ગ્રંથોમાં નોંધાયેલાં છે તે, આજે પણ આપણને અચંબિત કરે છે.

સામાન્ય રીતે આયુર્વેદ ઉપચાર એટલે આપણે માત્ર ચૂર્ણ, વટીઓ, ઉકાળા, પંચકર્મ અને નાનાં-મોટાં લેપ-લેપનની વાતો જ સમજીએ છીએ. પરંતુ પ્રાચીન સમયથી આયુર્વેદનાં આઠ અંગો પ્રચલિત છે, જેમાં સૌથી પ્રથમ અંગ તરીકે સર્જરીને દર્શાવવામાં આવી છે. એ આઠ અંગો આ મુજબ છેઃ શલ્ય ચિકિત્સા (Surgery), શાલાક્ય ચિકિત્સા (ENT and Opthalamology) કાય ચિકિત્સા(Medicine), કૌમારભૃત્ય ચિકિત્સા (Paediatrics and Obstretics), અગદ તંત્ર (Toxicology), ભૂત વિદ્યા (Psychiatry), રસાયણ વિદ્યા (Rejuvenation therapy and geriatrics), વાજીકરણ ચિકિત્સા (Sexology).

આ આઠ અંગો પૈકી શલ્ય અને શાલાક્ય ચિકિત્સા દર્શાવતાં સુશ્રુત ઋષિ પોતાના ગ્રંથનો આરંભ વેદ અને ઓમકારના સ્મરણથી કરે છે અને વિશિષ્ટ રીતે ગુરુ દિવોદાસ ધન્વંતરિ સમક્ષ તબીબી વિદ્યાની વાત શીખવાનો પ્રસ્તાવ મૂકે છે. સુશ્રુત પોતાના ગુરુને કહે છે કે લોકો પાસે બધું હોવા છતાં સારું સ્વાસ્થ્ય ન હોવાને કારણે તેઓ દુઃખી રહે છે. તો તેમને સુખી કરવા માટે આપ અમને આયુર્વેદનું એવું જ્ઞાન આપો કે જેથી અમે લોકોની સેવા કરીને તેમને સ્વસ્થ અને સુખી કરી શકીએ.[૬] તબીબી વિદ્યા શીખવાનો તેમનો હેતુ કેટલો ઉદાત્ત છે!

આવી ઉદાત્ત ભાવના સાથે સુશ્રુત અને તેમના અન્ય છ સહાધ્યાયીઓએ ધન્વંતરિને આમ પ્રાર્થના કરી ત્યારે તેમના પર પ્રસન્ન થઈને ધન્વંતરિએ તેમને જ્ઞાન આપ્યું અને તેમાં ખાસ કરીને શૈલ્ય શાસ્ત્ર એટલે કે સર્જરીની વિદ્યા શીખવી. ગુરુ પાસેથી પ્રાપ્ત થયેલા એ જ્ઞાનને પોતાના પ્રયોગ, પુરુષાર્થ અને અનુભવના સંયોગ સાથે સુશ્રુત ઋષિએ જે ગ્રંથ લખ્યો એ જ સુશ્રુતસંહિતા, એ જ વિશ્વની સૌથી પ્રાચીન Handbook of Surgeons.

સુશ્રુતસંહિતામાં બે મુખ્ય વિભાગ છેઃ પૂર્વતંત્ર અને ઉત્તરતંત્ર. આ બંને વિભાગોમાં સુશ્રુત ઋષિ ૩૦૦થી વધુ સર્જિકલ પ્રોસિજરનું જ્ઞાન આપે છે, જેમાંની એક સર્જિકલ પ્રોસિજર છે – પ્લાસ્ટિક સર્જરી.

## પ્લાસ્ટિક સર્જરીના પિતામહ સુશ્રુતઃ

'શું તમને એમ લાગે છે કે પ્લાસ્ટિક સર્જરી એ કોઈ આધુનિક લક્ઝરી છે? ના. ફરીથી વિચાર કરી જુઓ. આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં કોસ્મેટિક અને રિકન્સ્ટ્રક્ટિવ સર્જરીનાં મૂળિયાં નંખાયેલાં છે.' આમ જણાવીને અમેરિકાની જગપ્રસિદ્ધ કોલંબિયા યુનિવર્સિટી, ઈરવિંગ મૅડિકલ સેન્ટરનો પ્લાસ્ટિક સર્જરી વિભાગ જણાવે છે કે, સામાન્ય રીતે લોકોના મનમાં એવી ગેરસમજ હોય છે કે પ્લાસ્ટિક સર્જરીમાં

૩. A. F. Rudolf Hoernle, *Studies In The Medicine of Ancient India,* part 1, (Oxford, London, 1907) p. 8

૪. Mukhopadhyaya Girindranath, *Ancient Hindu Surgery, Surgical Instruments of The Hindus,* (Cosmo Publications, New Delhi, 1994) p. 15

**નોંધઃ** મોટા ભાગના આધુનિક વિદ્વાનો આજથી ૨૬૦૦ વર્ષ પહેલાં સુશ્રુત થયા હોવાનું સ્વીકારે છે. કેટલાક વિદ્વાનો કાશીમાં થયેલા વિશ્વામિત્રના પુત્ર સુશ્રુત સિવાય અન્ય એક 'વૃદ્ધ સુશ્રુત' થયા હોવાનું પણ માને છે. પરંતુ સર્જરીના પિતામહ ગણાતા સુશ્રુત ૨૬૦૦ વર્ષ પૂર્વે કાશીમાં થયા હોવાનું સ્વીકારવામાં આવ્યું છે.

૫. कविराज रत्नाकर शास्त्री, *भारत के प्राणाचार्य,* Indian Masters of The Science of Life, (आत्माराम एण्ड सन्स, दिल्ली, १९७६), पृष्ठ ३५८

૬. *महर्षिणा सुश्रुतेन विरचिता सुश्रुतसंहिता,* कविराज अंबिकादत्तशास्त्री, टीकाकार, (चौखम्बा, बनारस, १९५४), सूत्रस्थानम्, ३

'પ્લાસ્ટિક' એ એક આર્ટિફિશિયલ મટીરિઅલ છે. હકીકતે પ્લાસ્ટિક શબ્દનું મૂળ ગ્રીક ભાષામાંથી આવે છે, જેનો અર્થ થાય છે – આકાર આપવો અથવા ઘાટ ઘડવો. આજથી ૨૬૦૦ વર્ષ પહેલાં ભારતમાં સુશ્રુત નામના એક એવા તબીબ થઈ ગયા, જે 'ફાધર ઑફ સર્જરી' એટલે કે સર્જરીના પિતામહ તરીકે ઓળખાય છે, તેમણે વિશ્વનું સૌથી પહેલું મૅડિસિન અને સર્જરીનું વિધિવત્ શાસ્ત્ર લખ્યું છે. સુશ્રુતસંહિતા ૧૧૦૦ કરતાં વધુ રોગોની સારવાર દર્શાવે છે, એટલું જ નહીં, હજારો ઔષધિઓનો ઉપયોગ કરીને તે એવી કેટલીય સર્જિકલ વિધિ દર્શાવે છે, જેમાં કપાઈ ગયેલા નાકનું રિકન્સ્ટ્રક્શન પણ શામેલ છે. અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીની આ ઑફિશિયલ વેબસાઈટમાં સુશ્રુત ઋષિનો આમ મહિમા ગવાયો છે.[૭]

પ્લાસ્ટિક સર્જરી એટલે કે શરીરમાંથી એક જગ્યાએથી ત્વચા લઈને શરીરમાં બીજી જગ્યાએ એને ચોંટાડવાનું કૌશલ્ય સુશ્રુતે સહજતાથી હાંસલ કર્યું હતું. સુશ્રુતસંહિતા એક એવો સર્વપ્રથમ અને પ્રાચીનમાં પ્રાચીન લેખિત રેકોર્ડ છે કે જે કપાળમાંથી ત્વચા લઈને કપાયેલા નાકની જગ્યાએ તેનું આરોપણ કરીને નવું નાક બનાવવાની વૈજ્ઞાનિક પદ્ધતિ દર્શાવે છે. આધુનિક સમયમાં આ સર્જરીને 'રાયનોપ્લાસ્ટી' (rhinoplasty) કહે છે. આજે વિશ્વમાં વધુ સૌંદર્ય મેળવવા માટે આવી રાયનોપ્લાસ્ટી અથવા તો પ્લાસ્ટિક સર્જરીનો ભરપૂર ઉપયોગ કરવામાં આવે છે. વિશ્વપ્રસિદ્ધ પોપ સિંગર માઈકલ જેક્સને રાયનોપ્લાસ્ટી અને પ્લાસ્ટિક સર્જરી કરાવીને પોતાના ચહેરાને કોસ્મેટિક દૃષ્ટિએ સુંદર બનાવવાનો પ્રયાસ કર્યો હતો. હોલિવુડ કે ભારતીય મનોરંજન ઉદ્યોગના આવા અનેક ચહેરાઓ આ કોસ્મેટિક સર્જરી કરાવીને પોતાની જાતને યુવાન, તંદુરસ્ત અને વધુ સુંદર દેખાડવાનો પ્રયાસ કરે છે. પરંતુ એવા લોકોને ભાગ્યે જ ખ્યાલ હશે કે તેનાં મૂળ ભારતીય સુશ્રુત ઋષિ જેવા સર્જ્યન સુધી લંબાયેલાં છે. શરીરમાં એક સ્થાનેથી કુશળતાપૂર્વક ત્વચા લઈને બીજી જગ્યાએ તેનું આરોપણ કરવાની પ્રક્રિયા એટલે પ્લાસ્ટિક સર્જરીનો પ્રથમ સફળ પ્રયોગ સુશ્રુતે આજથી ૨૬૦૦ વર્ષ પહેલાં કર્યો છે.[૮]

અમેરિકાની વિશ્વપ્રસિદ્ધ *જ્હોન્સ હોપકિન્સ યુનિવર્સિટી*ના અગ્રણી પ્લાસ્ટિક સર્જન અને *ધ અમેરિકન સર્જિકલ એસોસિયેશન*ના એક વિદ્વાન તબીબ ડૉ. જ્હોન્સ સ્ટેઈજ ડેવિસે 'Plastic Surgery: Its Principles And Practice' નામનું વિદ્વત્તાસભર પુસ્તક લખ્યું છે. આ પુસ્તકનો પ્રારંભ જ તેમણે ભારતીય સર્જિકલ સ્કિલથી કર્યો છે. તેઓ નોંધે છેઃ 'Many years before plastic surgery was attempted in Europe, certain members of the Tilemaker caste in India obtained wonderful results in plastic operations with pedunculated flaps from the cheek and later from the forehead, in the reconstruction of amputated noses. This is known as the Indian Method.'

'... They used a secret cement for the adhesion, to which was ascribed special healing power. This is called the Ancient Indian Method.'[૯]

ડૉ. જ્હોન્સ લખે છે કે યુરોપિયન સર્જ્યનોને પ્લાસ્ટિક સર્જરીની આ *'ઇન્ડિયન મેથડ'*ની સૌપ્રથમ વખત જાણ થઈ ૧૮મી સદીમાં!

લંડનથી પ્રકાશિત થતા *'Gentleman's Magazine'* નામના એક નામાંકિત બ્રિટિશ સામયિકમાં, ઑક્ટોબર ૧૭૯૪માં[૧૦], ભારતીય પ્લાસ્ટિક સર્જરી અંગે યુરોપિયનોને આશ્ચર્ય ઉપજાવતા એક સમાચાર છપાયા હતા. એ સમાચારમાં વાત એમ હતી કે –

'૧૭૯૨માં ટીપુ સુલતાન સાથેની બ્રિટિશરોની લડાઈમાં બ્રિટિશ આર્મીના 'બુલોક ડ્રાઈવર' એટલે કે બળદ ગાડું ચલાવનાર કાવસજી (Cowsjee) નામના એક મરાઠા વ્યક્તિને પકડીને ટીપુ સુલતાને જેલમાં પૂર્યો હતો. જેલવાસ દરમ્યાન ટીપુએ ક્રૂરતાથી તેનું નાક કાપી નાખ્યું હતું. કપાયેલા નાક સાથે તેને જેલમાંથી છોડી દેવામાં આવ્યો ત્યારે બ્રિટિશરોની ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ તેને ફરીથી એક પેન્શનર તરીકે શ્રીરંગપટ્ટનમ્ પાસે આર્મીમાં દાખલ કર્યો. ૧૨ મહિના સુધી તે કપાયેલા નાક સાથે ઘૂમતો રહ્યો. આખરે પૂનામાં એક વૈદ્યે સર્જરી કરીને તેને નવું નાક જોડી આપ્યું.'

આટલી વાત લખીને '*Gentleman's Magazine*'ના રિપોર્ટર લખે છે કે 'ભારતમાં આવી સર્જરી એ નવી નવાઈની વાત નથી. ભારતમાં આવી પ્રેક્ટિસ તો કેટલાય યુગોથી ચાલે છે. બોમ્બે પ્રેસિડેન્સીના મૅડિકલ ઑફિસર મિ.

---

૭. https://columbiasurgery.org/news/2015/05/28/history-medicine-ancient-indian-nose-jobs-origins-plastic-surgery

૮. ibid.
सुश्रुतसंहिता, सूत्रस्थानम्, अध्याय १६

૯. John Staige Davis, *Plastic Surgery: Its Principles And Practice,* (P. Blakiston's Son & Co., Philadelphia, 1919) p.1

૧૦. Sylvanus Urbans, *The Gentleman's Magazine and Historical Chronicle, Vol. LXIV,* (John Nichols London, 1794 ) p. 891

થોમસ ક્રુસો (Thomas Cruso) અને મિ. જેમ્સ ટ્રીન્ડલેએ (James Trindlay) પોતાની નજરે આ સર્જરી નિહાળી છે.'

આ બે તબીબોએ શું જોયું? તેની વાત કરતાં મૅગેઝિન લખે છેઃ 'પ્રથમ મીણની પાતળી પાંખડી લઈને દર્દીના મોં પર લગાડીને નાકના ટેરવાનો એવી રીતે ઘાટ આપવામાં આવ્યો કે જેથી સુંદર દેખાવવાળું નાક બને. પછી તે પાતળી પાંખડીને ત્યાંથી લઈને સપાટ કરીને કપાળ પર બિછાવવામાં આવી. ત્યારબાદ તે આકારની આજુબાજુ રેખા દોરવામાં આવી. તે પછી સર્જ્યને બે આંખો વચ્ચેનો નાનો ટુકડો છૂટો ન પડી જાય તે રીતે તેટલી ત્વચાને કાપી. પછી ત્વચાને કપાળ પરથી નીચે નાક પર એવી રીતે મૂકવામાં આવી કે જેથી નાકના બે ઉપલા કિનારા અને નીચેના કાપમાં ગોઠવાઈ જાય. (જુઓ સામેના પૃષ્ઠ પરનું ચિત્ર) તેના ઉપર, ટેરા જાપોનિકા(કાથો)વાળા પાણીમાં બોળીને નરમ થયેલા ભીનાં કપડાના ટુકડા લગાડવામાં આવ્યા. એકબીજા પર એવા પાંચ-છ ટુકડા એવી રીતે લગાડવામાં આવ્યા કે જે જોડાણને સુરક્ષિત કરે. ચાર દિવસ સુધી આ સિવાય કોઈ પણ ડ્રેસિંગ કરવામાં આવ્યું નહીં. ચાર દિવસ પછી તે કાઢી નાખવામાં આવ્યું અને ઘીમાં ભીંજવાયેલા કપડાના ટુકડાઓ લગાડવામાં આવ્યા. આશરે પચ્ચીસમા દિવસે જોડાણ થઈ ગયેલી ત્વચા પર એક વધુ નાની સર્જરી કરીને નવા નાકના દેખાવને વધુ સુંદર કરવામાં આવ્યો... આ પ્રક્રિયાથી કૃત્રિમ નાક સુરક્ષિત રહે છે અને કુદરતી નાક જેવું જ નવું નાક સુંદર દેખાય છે; તેમજ કપાળ પર ડાઘ પણ દેખાતો નથી.'[૧૧]

આમ, ભારતના એક સામાન્ય વૈદ્ય પાસે પ્લાસ્ટિક સર્જરીનું આ સર્વપ્રથમ દર્શન નિહાળીને એ યુરોપિયનો મોંમાં આંગળાં નાંખી ગયા હતા.

આવી અનેક ઘટનાઓ ઇતિહાસમાં નોંધાઈ હોવા છતાં, સુશ્રુતની ખ્યાતિ એટલી બધી ફેલાઈ ગઈ હતી કે કેટલાક યુરોપિયન વિદ્વાનોએ હેતુપૂર્વક 'સુશ્રુતે તો ગ્રીક તબીબ હિપોક્રેટસ પાસેથી તબીબી જ્ઞાન મેળવ્યું હતું' તેવો અપપ્રચાર શરૂ કર્યો. પરંતુ કેટલાય પુરાવાઓ એ સિદ્ધ કરે છે કે ગ્રીક વિદ્વાનોને ભારતમાંથી ગયેલા વિદ્વાનોએ જ્ઞાન આપ્યું હતું.[૧૨] ઇંગ્લેન્ડથી પ્રકાશિત થયેલ પુસ્તક 'India in Greece: or Truth in Mythology'માં બ્રિટિશ લેખક ઈ. પોકોક નોંધે છે કે હકીકતે ભારતીય વિદ્વાનોએ જ ગ્રીસમાં હિન્દુ મૅડિસિન એટલે કે સુશ્રુતસંહિતા સહિતનું મૅડિકલ જ્ઞાન પ્રસરાવ્યું હતું.[૧૩]

ગોંડલના વિદ્વાન મહારાજા ભગવત્સિંહજીએ લંડનની વિખ્યાત રોયલ કૉલેજ ઑફ ફિઝિશિયનમાં મૅડિકલ અભ્યાસ કરીને ભારતીય તબીબી વિદ્યા ઉપર ઊંડું સંશોધન કર્યું હતું. તેમણે લખેલું અને ઇંગ્લેન્ડથી પ્રકાશિત થયેલું પુસ્તક 'History of the Aryan Medical Science' તે સમયે ખૂબ વિખ્યાત થયું હતું. તેમાં મહારાજાએ નોંધ્યું છે કે સુશ્રુત અને ચરકના ગ્રંથોનું બગદાદના બીજા ખલીફા અલ મનસુરે અરેબિક ભાષાંતર કરાવ્યું હતું, જે 'Kelale-Shawshoor-al-Hindi' તરીકે ઓળખાય છે. આ અરેબિક ગ્રંથો લેટિન ભાષામાં ભાષાંતરિત થયાં, જે યુરોપિયન તબીબી વિદ્યાના પાયાના લેટિન ગ્રંથો બન્યા અને તેનો પ્રભાવ છેક સત્તરમી શતાબ્દી સુધી છવાયેલો રહ્યો.[૧૪]

આ જ વાતને દોહરાવતાં પ્રસિદ્ધ અમેરિકન ઇતિહાસકાર વિલ ડ્યુરાં(Will Durant) જણાવે છે કે 'The great Caliph Haroun-al-Rashid accepted the pre-eminence of Indian medicine and scholarship, and imported Hindu physicians to organize hospitals and medical schools in Baghdad.[૧૫] Lord Ampthill concludes that medieval and modem Europe owes its system of medicine directly to the Arabs, and through them to India.[૧૬] Probably this noblest and most uncertain of the sciences had an approximately equal antiquity, and developed in contemporary contact and mutual influence, in Sumeria, Egypt and India.'[૧૭]

લંડનમાં આવેલું વિખ્યાત બ્રિટિશ સાયન્સ મ્યુઝિયમ સુશ્રુત ઋષિની સિદ્ધિઓની ભરપૂર તારીફ કરીને કહે છેઃ 'કપાળમાંથી ત્વચા લઈને નાક બનાવવાની સુશ્રુતે વિકસાવેલી પદ્ધતિને સન ૭૦૦માં અરેબિક ભાષામાં ભાષાંતરિત કરવામાં આવી હતી જેનું ઇંગ્લિશ ભાષાંતર સન

૧૧. Ibid.

૧૨. Mukhopadhyaya Girindranath, *Ancient Hindu Surgery, Surgical Instruments of The Hindus,* (Cosmo Publications, New Delhi, 1994) p. 330


૧૩. Pococke, E., *India in Greece: or Truth in Mythology,* (John J. Geieein and Co., London, 1852), Introduction

૧૪. H.H. Sir Bhagvat Sinh Jee, Thakore Saheb of Gondal, *A Short History of Aryan Medical Science,* (Macmillan And Co., Ltd. London, New York, 1896) p. 196

૧૫. Havell E. B., *History of Aryan Rule in India,* (Harrap, London, n.d.) p. 255


૧૬. Lajpat Rai, *England's Debt to India*, (B. W. Huebsch, New York, 1917) p. 287

૧૭. Will Durant, *Our Oriental Heritage,* (Simon And Schuster, New York, 1954) p. 532










સન ૧૭૯૪માં ભારતમાં બ્રિટિશ ડૉક્ટરોએ જ્યારે પહેલી વખત પ્લાસ્ટિક સર્જરી નિહાળી ત્યારે તેઓ અભિભૂત થઈ ગયા હતા! એનો ઐતિહાસિક ઉલ્લેખ કરતું સામયિક. એ પ્લાસ્ટિક સર્જરી કરાવનાર કાવસજીની તેમાં છપાયેલ ચિત્ર છબી અને કપાળમાંથી ત્વચા લઈ કપાયેલા નાકની જગ્યાએ નવું નાક બેસાડવાની ભારતીયોની સિદ્ધિનું ચિત્રાત્મક વર્ણન.

૧૭૦૦માં કરાયું હતું. ઇટલીમાં આવો એક પ્રયાસ છેક સન ૧૫૦૦ની આસપાસ કરવામાં આવ્યો હતો.'[૧૮]

યુરોપમાં પ્લાસ્ટિક સર્જરીની શરૂઆતનો યશ ભારતીયોને આપતાં પ્રસિદ્ધ જર્મન ડૉ. હર્શબર્ગ (Hirschberg) કહે છે કે 'The whole plastic surgery in Europe took a new flight when these cunning devices of Indian workmen became known to us.'[૧૯]

સુશ્રુતના પ્રભાવથી ભારતમાં સર્જિકલ સ્કિલ કેવી ચરમસીમાએ હતી તેનું એક વધુ ઉદાહરણ 'ભોજપ્રબંધ'માં જોવા મળે છે. ગિરીન્દ્રનાથ મુખોપાધ્યાયે પોતાના 'Ancient Hindu Surgery' ગ્રંથમાં, મહારાજા ભોજ (સન ૯૭૭) પર થયેલી એક બ્રેઈન સર્જરી વિષે વાત કરી છે,[૨૦] જે પ્રસંગ પંડિત બલ્લાલે 'ભોજપ્રબંધ' ગ્રંથમાં આમ નોંધ્યો છેઃ એકવાર મહારાજા ભોજ અત્યંત સરદર્દથી પીડાતા હતા. એમણે ઘણા પ્રયાસો કર્યા પરંતુ રાહત થતી નહોતી. છેવટે બે વૈદ્ય ભાઈઓએ તેમને તપાસ્યા. આ બંનેએ કહ્યું કે મહારાજાના મસ્તકની સર્જરી કરવી પડશે. મહારાજાએ સંમતિ આપી. આથી, એ વૈદ્યોએ 'સંમોહિની' નામની ઔષધિથી મહારાજાને બેભાન કર્યા અને તેમની ખોપરી ખોલીને તેમાંથી માછલી આકારની એક ગાંઠ બહાર કાઢી. ત્યારબાદ મસ્તક પર ટાંકા લઈને, તેના પર કેટલાક મલમ લગાડીને પાટાપિંડી કરી. ત્યારબાદ તેમણે મહારાજા પર 'સંજીવની' નામની ઔષધિનો પ્રયોગ કર્યો અને મહારાજા ભાનમાં આવી ગયા. મહારાજાને હવે રાહત અનુભવાતી હતી.[૨૧] આ કિસ્સો એ વાતનો પુરાવો છે કે તે સમયે ભારતીય વૈદ્યો કેવી બ્રેઈન સર્જરી કે ન્યૂરોસર્જરી કરી શકતા હતા! અહીં એક નોંધપાત્ર બાબત

૧૮. broughttolife.sciencemuseum.org,uk/broughttolife/techniques/rhinoplasty

૧૯. Kaviraj Kunja Lal Bhishagratna, *An English Translation of the Sushruta Samhita,* (Wilkins Press, Calcutta, 1907) p. xvii

૨૦. Mukhopadhyaya Girindranath, *Ancient Hindu Surgery, Surgical Instruments of The Hindus,* (Cosmo Publications, New Delhi, 1994) p. 60

૨૧. 'ततस्ताचपि राजानां मोहचूर्णेन मोहयित्वा शिरःकपालमादाय तत्करोटिकापुटे स्थितं शफरकुलं गृहीत्वा कस्मिंश्चिद्राजने निक्षिप्य संधानकरण्या कपालं यथावदारचय्य संजीविन्या च तं जीवयित्वा तस्मै तद्दर्शयताम्।' - श्री वल्लालकविविरचित: भोजप्रबंध:, (चौखम्बा अमरभारती प्रकाशन, वाराणसी, 1979) पृष्ठ १७६

પર ધ્યાન દોરતાં મહારાજા ભગવત્‌સિંહજી લખે છે કે પૂર્વે 'સંમોહિની' ઔષધિનો નિર્દેશ કર્યો તે આધુનિક ક્લોરોફોર્મ જેવી એનેસ્થેટિક દવા હોઈ શકે પરંતુ આધુનિક મૅડિકલ ફાર્મેકોલોજીમાં 'સંજીવની' જેવી કોઈ દવા જોવામાં આવી નથી કે જેનાથી બેભાન થયેલો દર્દી પાછો ભાનમાં આવી જાય.[૨૨]

આવી અનેક સર્જિકલ સિદ્ધિઓના મૂળમાં આચાર્ય સુશ્રુતનું પ્રદાન કેવી રીતે ભૂલી શકાય!

### સુશ્રુતની સર્જિકલ સિદ્ધિઓનો વિસ્તાર:

વિશ્વની સર્જિકલ સિદ્ધિઓના ઇતિહાસમાં સૌથી પ્રથમ નામ સુશ્રુતનું એટલા માટે લેવામાં આવે છે કે તેમણે એક સિસ્ટેમૅટિક મેથડ દ્વારા સર્જિકલ સાયન્સને સમાજ સમક્ષ મૂક્યું. સુશ્રુત એ એવા સૌ પ્રથમ તબીબી વિજ્ઞાની હતા, જેમણે તમામ સર્જિકલ ઑપરેશનોને આઠ વિભાગોમાં વિભાજિત કર્યાં હતાંઃ ૧. આહાર્ય (extraction), ૨. ભેદ્ય (excising), ૩. છેદ્ય (incising), ૪. એષ્ય (exploration), ૫. લેખ્ય (scarification), ૬. સિવ્ય (suturing), ૭. વેધ્ય (puncturing) અને ૮. વિસ્રવણીય (evacuating fluids). આ સર્જિકલ પ્રક્રિયાઓ કરવા માટે સુશ્રુતે પોતાના ગ્રંથમાં કુલ ૧૨૧ સર્જિકલ ઇન્સ્ટ્રુમેન્ટ્સની નોંધ કરી છે.[૨૩] સર્જ્યને જુદા જુદા પ્રકારની સર્જરી માટે આવા જુદાં જુદાં પ્રકારનાં સાધનોનો ઉપયોગ કરવાનું સુશ્રુતે વિગતવારથી સમજાવ્યું છે.

સુશ્રુતે કેટલીક એવી બાબતો જણાવી છે કે જે આધુનિક સર્જિકલ વિજ્ઞાનમાં પણ સ્વીકારાય છે. જેમ કે - સર્જિકલ ઑપરેશન કરવાનું હોય તે પહેલાં દર્દીને આનંદ આવે તેવું હળવું રિફ્રેશમૅન્ટ એટલે કે હળવું પીણું કે હળવો ખોરાક આપીને પછી સર્જરી કરવી. પરંતુ પેટનું ઑપરેશન કરવાનું હોય ત્યારે તેઓ દર્દીને ઉપવાસ કરવાનું સૂચવે છે.[૨૪]

સુશ્રુત દર્દીના રૂમને જંતુમુક્ત રાખવાનું પણ સૂચવે છે. એ માટે સફેદ રાઈ, લીમડાંનાં પાન, સાલ વૃક્ષનો ગુંદર, તુલસી વગેરેના ધૂપનો ઉપયોગ કરીને રૂમને ફ્યુમિગેટ કરવાનો નિર્દેશ કરે છે.[૨૫]

સુશ્રુતે કુલ ૩૦૦ કરતાં વધુ પ્રકારની સર્જરીઓનું વર્ણન કર્યું છે, જેમાં આંખની સર્જરી નોંધપાત્ર છે. વિશ્વમાં સૌપ્રથમ વખત આંખમાંથી મોતિયો (Cataract) કાઢવાની શોધ કરનાર પણ આચાર્ય સુશ્રુત છે. સુશ્રુતે આંખના ૭૬ રોગોનું વર્ણન કર્યું છે, જેમાંથી ૫૧ રોગોનું નિવારણ સર્જરી દ્વારા કરવાનું કૌશલ્ય તેમણે કેળવ્યું હતું.[૨૬]

સુશ્રુતસંહિતામાં જોવા મળે છે કે તે સમયે આંખની સર્જરી, પ્રસૂતાના ગર્ભની સિઝેરિયન સર્જરી અને અન્ય સર્જરી અસાધારણ કુશળતા સાથે કરવામાં આવતી હતી.

બાળકના જન્મ વેળાએ માતાને તકલીફ થઈ રહી હોય તો બાળક અને માતાની રક્ષા માટે સિઝેરિયન ઑપરેશન કરવાનું જગતને સૌપ્રથમ સુશ્રુતે જ શીખવ્યું છે. સુશ્રુતસંહિતામાં એવાં સાધનો પણ દર્શાવવામાં આવ્યાં છે જે સિઝેરિયન સર્જરી દ્વારા બાળકને સફળ જન્મ આપી શકે.[૨૭] પશ્ચિમ જગતને જ્યારે આવી બાબતોની સામાન્ય સૂઝ પણ નહોતી ત્યારે ભારતીય ઋષિ વિજ્ઞાનીઓ કેટલી પ્રગતિ કરી ચૂક્યા હતા! ઇતિહાસમાં નોંધાયું છે કે ચંદ્રગુપ્ત મૌર્યની સગર્ભા પત્નીને વિરોધીઓ દ્વારા ઝેર આપવામાં આવ્યું ત્યારે ચાણક્યે તાત્કાલિક સિઝેરિયન સર્જરી દ્વારા બાળકને જન્મ અપાવીને રાજવંશને બચાવી લીધો હતો. એ સમયે નવજાત શિશુના શરીરમાં ઝેરનાં થોડાં બિંદુઓ પ્રસરી ગયાં હોવાથી તેનું નામ બિંદુસાર રાખવામાં આવ્યું હતું.[૨૮]

### માનવ શરીરના ડિસેક્શનની પ્રથમ તાલીમ:

વિશ્વમાં મૅડિકલ વિદ્યાર્થીઓને માનવ શરીરનું ડિસેક્શન કરીને પ્રૅક્ટિકલ ઍનેટોમીની તાલીમ આપવાનું પણ સૌ પ્રથમ ભારતે શીખવ્યું હતું. સુશ્રુત એનું એક ઝળહળતું ઉદાહરણ છે.[૨૯] એક પ્રૅક્ટિકલ સર્જ્યન તરીકે સુશ્રુતે પોતાના ગ્રંથમાં ઍનેટોમિકલ ડિસેક્શનની પૂરતી તાલીમ મેળવવાનો અત્યંત આગ્રહ રાખ્યો છે. વિદ્યાર્થીને સર્જિકલ ઑપરેશનની પ્રૅક્ટિકલ તાલીમ એટલે કે 'યોગ્યા' (योग्या अर्थात् प्रत्यक्ष कर्माभ्यास) આપવા અંગે સુશ્રુત ખૂબ જાગ્રત છે.[૩૦] સુશ્રુત

૨૨. H.H. Sir Bhagvat Sinh Jee, Thakore Saheb of Gondal, *A Short History of Aryan Medical Science,* (Macmillan And Co., Ltd. London, New York, 1896) p. 198

૨૩. Mukhopadhyaya Girindranath, *Ancient Hindu Surgery, Surgical Instruments of The Hindus,* (Cosmo Publications, New Delhi, 1994) Chapter IV

૨૪. Kaviraj Kunja Lal Bhishagratna, *An English Translation of the Sushruta Samhita,* (Wilkins Press, Calcutta, 1907) p. xvi

૨૫. सुश्रुतसंहिता, १.१९.२८

૨૬. Ibid. सूत्रस्थानम्, अध्याय ८

૨૭. Kaviraj Kunja Lal Bhishagratna, *An English Translation of the Sushruta Samhita,* (Wilkins Press, Calcutta, 1907) p. xx

૨૮. सत्यकेतु विद्यालंकार, *मौर्य साम्राज्य का इतिहास,* (सरस्वती सदन, मसूरी, १९७१), पृष्ठ ४५८

૨૯. Kaviraj Kunja Lal Bhishagratna, *An English Translation of the Sushruta Samhita,* (Wilkins Press, Calcutta, 1907) p. xx

૩૦. सुश्रुतसंहिता, ३.५

કહે છે કે જે વિદ્વાન માત્ર સર્જરીની થિયરી જાણે છે પરંતુ તેણે પ્રૅક્ટિકલ તાલીમ લીધી નથી તો તે એક પાંખવાળા પક્ષી જેવો છે, જે ક્યારેય ઊડી શકશે નહીં. સુશ્રુત લખે છે કે તબીબી વિજ્ઞાનના બધા જ ગ્રંથો પર ઊંડું અધ્યયન કર્યા પછી પણ વિદ્યાર્થીએ ગુરુ પાસે સર્જિકલ ઑપેરેશનની પ્રૅક્ટિકલ તાલીમ લેવી જ જોઈએ.[૩૧]

કેવો હોવો જોઈએ સર્જ્યન? સુશ્રુત ઋષિ તેનું સુંદર માર્ગદર્શન આપે છે. માનવ શરીર પર સર્જરી કરવી એ કોઈ સામાન્ય કામ નથી. એમાં કુશળતા મેળવવા કેટલીય સાધના કરવી પડે છે. એટલે સુશ્રુત કહે છે કે સર્જરી કરનાર તબીબ હિંમતવાળો, સારી યાદદાસ્તવાળો, સારી વાણી બોલનારો, શાંત અને ધીરજવાળો હોવો જોઈએ. સુશ્રુત સર્જરી શીખનાર વિદ્યાર્થી કેવો હોવો જોઈએ તેની પણ વિગતે વાત કરે છે. સર્જરીમાં એડમિશન મેળવવાની કડક પદ્ધતિ દર્શાવીને સુશ્રુત લખે છે કે સર્જરીમાં પ્રવેશ મેળવવા ઇચ્છતો વિદ્યાર્થી પ્રામાણિક, નમ્ર, ઉદાર, સખત પરિશ્રમ કરવાવાળો અને ધીરજવાળો હોવો જોઈએ.[૩૨] સુશ્રુત નોંધે છે કે તેનું ચારિત્ર્ય શુદ્ધ હોવું જોઈએ. તે સ્ત્રીઓ સાથેના વ્યવહારમાં નીતિમત્તાવાળો હોવો જોઈએ તેમજ જુગાર કે શિકાર વગેરે દૂષણોથી મુક્ત હોવો જોઈએ.

સુશ્રુતના અનુગામી સર્જ્યન જીવક નોંધે છે કે એ સમયે સર્જિકલ વિદ્યામાં દાખલ થયેલા વિદ્યાર્થીને સાત વર્ષની કડક તાલીમ લેવી ફરજિયાત હતી અને વિદ્યાર્થીએ આચાર્યોએ લખેલી સંહિતાઓને કંઠસ્થ કરવી અનિવાર્ય હતી.[૩૩]

આવી લાયકાત સાથે વિદ્યાર્થીને માનવ-શરીરનું ડિસેક્શન (શવછેદન) કરવાની પ્રેક્ટિસ કરાવાતી. આજથી લગભગ અઢી હજાર વર્ષ પહેલાં વિશ્વમાં માનવ શરીરનું ડિસેક્શન (શવછેદન) કરવાની પ્રેક્ટિસ કોઈ કરતું નહોતું. પરંતુ સુશ્રુતસંહિતા સર્જિકલ વિદ્યાની તાલીમ માનવ શરીરના ડિસેક્શનની વિગતે વાત કરે છે.

સુશ્રુતે જેમની પાસે સર્જરીની તાલીમ લીધી હતી એ એમના ગુરુ આચાર્ય દિવોદાસ ધન્વંતરિ, સર્જરીની પ્રૅક્ટિકલ શરૂઆત કરાવે ત્યારે વિદ્યાર્થીને હાથમાં છરી આપીને, કમળની ડાંડલી, કોળું, દૂધી, તરબૂચ, કાકડી વગેરે પર કાપો મુકાવવાની પ્રૅક્ટિસ કરાવતા.[૩૪] શરીરમાં રહેલી ગાંઠ કે તેના જેવો ભાગ કાઢવાની તાલીમ આપવા માટે વિદ્યાર્થીને ફણસ પર પ્રયોગ કરાવતા. ભઠ્ઠામાં પકાવ્યા વિનાના પાણી ભરેલા માટીના પાત્રમાં કેથેટરાઇઝેશનનો પ્રયોગ શીખવતા. ત્યારબાદ મૃત પ્રાણીઓના શરીર પર કાપો મૂકવાની (છેદ, ઊર્ધ્વછેદ, અધોછેદ વગેરે) તાલીમ આપતા. સાથે સાથે માનવ શરીરનું ડિસેક્શન-શવછેદન કરીને શરીરવિજ્ઞાન એટલે કે પ્રૅક્ટિકલ ઍનેટોમીની તાલીમ અપાતી. ત્યારબાદ જ માનવ પર સર્જરીની કાર્યવાહી કરવાની અનુમતિ અપાતી.[૩૫]

સુશ્રુત કહે છે કે જે મૃત શરીરનું કોઈપણ અંગ કપાયું ન હોય, ઝેરથી જેનું મૃત્યુ થયું ન હોય, લાંબા સમયના રોગથી જેનું મૃત્યુ થયું ન હોય, સો વર્ષનું આયુષ્ય પૂરું થયું ન હોય, શરીરમાંથી મળ દૂર કરી નાખ્યો હોય, એવા શરીરને એક પિંજરામાં બાંધીને મુંજ, વલ્કલ, કુશ, શણ વગેરેથી લપેટીને શાંત નદીમાં લઈ જવું. પરિણામે શરીર થોડું decompose થઈ નરમ પડશે. અહીં થોડો સમય શરીરને રાખીને બહાર લાવવું અને સાત દિવસ સુધી આ શરીરનાં એક પછી એક અંગ-પ્રત્યંગોને ખોલતાં ખોલતાં તેનું પ્રત્યક્ષ અધ્યયન કરવું.[૩૬]

અહીં મજાની વાત એ છે કે સમગ્ર શરીરનું પરીક્ષણ કર્યા પછી તેમાં આત્માને જોવો હોય તો શું કરવું? શરીર વિજ્ઞાનની ભરપૂર ચર્ચા કર્યા પછી સુશ્રુત ઋષિ આ જિજ્ઞાસા વ્યક્ત કરે છે. અર્થાત્ માત્ર સ્થૂળ શરીર નહીં, પરંતુ આત્માના આધ્યાત્મિક સ્તર સુધી તબીબે જવું જોઈએ તેનો તેઓ નિર્દેશ કરે છે. તેઓ લખે છે કે આ રીતે શરીરનું ડિસેક્શન-પરીક્ષણ કરવાથી અતિ સૂક્ષ્મ એવા આત્માનું દર્શન થશે નહીં, પરંતુ (સત્પુરુષના પ્રતાપે પ્રાપ્ત થયેલા) જ્ઞાનચક્ષુઓ અથવા તપચક્ષુઓ દ્વારા જ આત્માનું દર્શન થઈ શકે છે.[૩૭]

તબીબી વિદ્યાના પ્રસિદ્ધ જર્મન વિદ્વાન એ. એફ. રુડોલ્ફ

૩૧. अधिगतसर्वशास्त्रार्थमपि शिष्यं योग्याङ्कारयेत्। स्नेहादिषु छेद्यादिषु च कर्मपथमुपदिशेत्। सुबहुश्रुतोप्यकृतयोग्या कर्मस्वयोग्यो भवति॥
– सुश्रुतसंहिता, १.९.३

૩૨. सुश्रुतसंहिता, १.२.४–६

૩૩. Mazars G. *The Conceptual Foundations of Indian Medicine. A Concise Introduction to Indian Medicine,* (Motilal Banarsidass Publishers Private Limited; 2006) pp. 25–46

૩૪. तत्र, पुष्पफलालावुकालिन्दकत्रपुसैर्वारुकर्कारुकप्रभृतिषूछेद्य विशेषान् दर्शयेत्, उत्कर्तनपरिकर्त्तनानि चोपदिशेत्, दृतिबस्तिप्रसेवकप्रभृतिषु उदकपंकपूर्णेषु भेद्ययोग्याम्।
– सुश्रुतसंहिता, १.९.४

૩૫. सुश्रुतसंहिता, १.९.२–४

૩૬. सुश्रुतसंहिता ३.५.६०–६४

૩૭. न शक्यश्चक्षुषा द्रष्टुं देहे सूक्ष्मतमो विभुः।
दृश्यते ज्ञानचक्षुर्भिस्तपश्चक्षुर्भिरेव च॥ सुश्रुतसंहिता ३.५.६२
शरीरे चैव शास्त्रे च दृष्टार्थः स्याद्विशारदः।
दृष्टश्रुताभ्यां सन्देहमवापोह्य चरेत् क्रियाः॥ सुश्रुतसंहिता ३.५.६३

હર્નલ કહે છે કે ‘ઘણા લોકોને કદાચ એ જાણીને આશ્ચર્ય થશે કે ભારતના પ્રાચીન તબીબી નિષ્ણાતોએ શરીર વિજ્ઞાન એટલે ઍનેટોમિકલ વિજ્ઞાન ઉપર સૌથી વધુ શાસ્ત્રો રચ્યાં છે.’ એમ કહીને તેઓ લખે છે: ‘માનવ શરીરના ડિસેક્શનની ગ્રીક લોકોને પણ પ્રેક્ટિસ નહોતી. આધુનિક મૅડિકલ વિજ્ઞાનના પિતા ગણાતા મહાન ગ્રીક વિદ્વાન હિપોક્રેટસનું માનવ શરીર અંગેનું જ્ઞાન મુખ્યત્વે મૃત પશુઓના શરીર પર આધારિત હતું. કસાઈવાડામાં કપાતાં પશુઓનું નિરીક્ષણ કરીને તેમજ સર્જિકલ કેસનું નિરીક્ષણ કરીને તેમણે માનવ શરીરની ઍનેટોમી અંગેનું જ્ઞાન તારવ્યું હતું. એ સમયની યુરોપની ધાર્મિક માન્યતાઓ મુજબ મૃત્યુ પામ્યા બાદ શરીરને તાત્કાલિક દફનાવી દેવાનું હોવાથી, માનવ શરીર પર સિસ્ટેમેટિક ડિસેક્શન(શવછેદન)નો તો કોઈ સવાલ જ ઊભો થતો નહોતો. અને વળી, દફનાવેલા શરીરની સાથે તો કેટલીય ભય ભરેલી અંધશ્રદ્ધાઓ જોડાયેલી હતી.’ આથી માનવ શરીરની ઍનેટોમી માટે શવછેદનનો ભારતીય વિદ્વાનો સિવાય કોઈને અભ્યાસ નહોતો.[૩૮] સુશ્રુત પછી ૩૦૦-૪૦૦ વર્ષે એટલે કે આધુનિક સંવત પૂર્વે બીજી-ત્રીજી શતાબ્દીમાં ઈજિપ્ત ખાતે એલેક્ઝાંડ્રિયા સ્કૂલમાં હિરોફિલસ (Herophilus), ઈરેસિસ્ટ્રેટસ (Erasistratus) જેવા ગ્રીક વિદ્વાનોએ આ અંગે જેલના કેદીઓના શરીર પર ઍનેટોમિકલ અભ્યાસ કર્યો હોવાનું વિદ્વાનો કહે છે.[૩૯]

એક તરફ યુરોપમાં જ્યારે આવી પરિસ્થિતિ હતી ત્યારે બીજી તરફ આજથી ૨૬૦૦ વર્ષ પહેલાં સુશ્રુતે માનવ શરીરનું ડિસેક્શન કરવાની અને તેમાંથી માનવજાતને સર્જિકલ જ્ઞાન આપવાની આગવી સિદ્ધિઓ મેળવી લીધી હતી. આવા અધ્યયનને કારણે માનવ શરીરમાં મસ્તિષ્કથી લઈને અંગૂઠા સુધી એક એક અંગની સ્પષ્ટ વિગતો સુશ્રુતે પોતાની સંહિતામાં ‘શારીરસ્થાનમ્’ પ્રકરણમાં આપેલી છે. જેમ કે, માનવ શરીરમાં કુલ કેટલાં હાડકાંઓ છે, કયા કયા અંગમાં, કેવા કેવા આકાર અને પ્રકારનાં હાડકાં છે, તેની વિગતે વાત કરતાં સુશ્રુત ઋષિ હાડકાંઓની સંખ્યા ૩૦૦ દર્શાવે છે.[૪૦]

૩૮. A. F. Rudolf Hoernle, *Studies In The Medicine of Ancient India, part 1,* (Oxford, London, 1907), Preface, iii

૩૯. Neuberger Max, *History of Medicine,* (Oxford University Press, London, 1910), p. 239

૪૦. આધુનિક વિજ્ઞાન નવજાત શિશુમાં ૨૭૦ અને વયસ્ક વ્યક્તિમાં ૨૦૬ હાડકાંઓનો ઉલ્લેખ કરે છે. સુશ્રુત ઋષિ માત્ર હાડકાં નહીં, પરંતુ શિરા, ધમની, માંસપેશીઓ વગેરેની પણ અંગ-ઉપાંગો મુજબ વિગતે ગણતરી આપે છે.


સુશ્રુત પોતાના ગ્રંથમાં ‘શારીરસ્થાનમ્’ પ્રકરણમાં માનવ શું છે, તે કેવી રીતે અસ્તિત્વમાં આવે છે, તેનું મૃત્યુ કેવી રીતે થાય છે, તેનો આત્મા ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે વગેરે પાયાના તાત્ત્વિક પ્રશ્નો એક તત્ત્વજ્ઞાનીની જેમ પૂછીને તેઓ વૈશ્વિક નિયમોની ચર્ચા કરે છે. એ ભૂમિકા બાંધ્યા પછી ખૂબ બુદ્ધિપૂર્વક તે માનવ શરીરનાં અંગ-ઉપાંગોની ચર્ચા કરે છે. સુશ્રુત પ્રકૃતિ અને પુરુષની સાંખ્ય વિચારધારા રજૂ કરે છે. આમ, એક તત્ત્વજ્ઞાનીની ભૂમિકાએથી લઈ સુશ્રુત સર્જિકલ વિદ્યાની ઊંચાઈએ પહોંચે છે.

જો કે સુશ્રુતસંહિતા સિવાય એવા ઘણા શાસ્ત્રીય સંદર્ભો છે કે જેમાં એક યા બીજા સ્વરૂપે પ્રાચીન ભારતીય સર્જિકલ સિદ્ધિઓ જોવા મળે છે. તબીબી વિદ્યાનો વિશ્વનો સૌથી પ્રાચીન રેકોર્ડ ઋગ્વેદમાં મળી આવે છે. ઋગ્વેદ આવી સર્જિકલ સિદ્ધિઓ ધરાવતા દૈવી વૈદ્ય અશ્વિનીકુમારોનો નિર્દેશ કરે છે.[૪૧] પૌરાણિક ગ્રંથોમાં સર્જિકલ સિદ્ધિઓનાં આવાં કેટલાંય ઉદાહરણો પ્રાપ્ત થાય છે. જેમ કે, દક્ષ પ્રજાપતિના મસ્તક પર બકરાનું મુખ કાપીને બેસાડવામાં આવ્યું હતું, તો ગણેશજીના મસ્તક પર હાથીનું માથું કાપીને બેસાડવામાં આવ્યું હતું. આવાં પૌરાણિક ઉદાહરણોની વચ્ચે વિશ્વનો સૌથી પ્રાચીન તબીબી વિદ્યાનો આર્કિયોલોજિકલ રેકોર્ડ પણ ભારતીય ઉપખંડમાં જ મળી આવ્યો છે, જે આજથી ૯૦૦૦ વર્ષ પ્રાચીન પુરવાર થયો છે. તા. ૭ એપ્રિલ, ૨૦૦૬ના રોજ જગવિખ્યાત ન્યૂયોર્ક ટાઇમ્સ અને બી.બી.સી. ન્યૂઝમાં આ સમાચારે ચકચાર જગાવી હતી: ભારતીય ઉપખંડમાં મેહરગઢ ખાતે ૯૦૦૦ વર્ષ જૂનાં એવાં માનવકંકાલ મળી આવ્યાં છે, જેના દાંતમાં ડ્રિલિંગ કરીને આધુનિક રૂટકેનાલ ટ્રીટમેન્ટ જેવી સારવાર કરવામાં આવી છે![૪૨] એટલે કે આજથી ૯૦૦૦ વર્ષ પહેલાં ભારતીય ઉપખંડમાં આવી આધુનિકતમ ડેન્ટલ સર્જરી કરનારા સર્જ્યનો હતા! ઇતિહાસના પન્ના પર નોંધાયેલી ગૌતમ બુદ્ધના અંગત ફિઝિશિયન જીવકની પણ કેટલીક આશ્ચર્યકારક સિદ્ધિઓ છે. જેમ કે જીવકે ક્રેનિયલ સર્જરી એટલે કે એક પ્રકારની ન્યૂરોસર્જરીમાં આગવી સિદ્ધિ મેળવી હતી.[૪૩]

૪૧. सुश्रुतसंहिता, शारीरस्थानम्, अध्याय ५

૪૨. https://www.nytimes.com/2006/04/07/science/on-the-origins-of-the-dentist-with-a-stoneage-drill.html
http://news.bbc.co.uk/2/hi/science/nature/4882968.stm

૪૩. Mukhopadhyaya Girindranath, *Ancient Hindu Surgery, Surgical Instruments of The Hindus,* (Cosmo Publications, New Delhi, 1994) p. ii




ચિત્ર સંદર્ભ: Mukhopadhyaya Girindranath, *Surgical Instruments of The Hindus, Part 2*

વિવિધ પ્રકારના સર્જિકલ ઉપયોગ માટે સુશ્રુત ઋષિએ ડિઝાઇન કરેલાં કેટલાંક સર્જિકલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ. પ્રાણીઓ અને પંખીઓના મુખના આકારે બનાવેલાં આ સાધનો આજે પણ તબીબી ક્ષેત્રમાં ઉપયોગમાં લેવાય છે.

## સર્જિકલ ઇન્સ્ટ્રુમેન્ટ્સના ડિઝાઇનર સુશ્રુત :

સુશ્રુતની આગવી બાબત છેઃ તેમણે કરેલી સર્જિકલ સાધનોની ડિઝાઇન. સુશ્રુત ઋષિ પોતાના ગ્રંથમાં ૧૨૧ પ્રકારનાં સર્જિકલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એટલે કે ઑપરેશન કરવાનાં સાધનોનું વર્ણન કરે છે. પરંતુ સુશ્રુત કહે છે કે આ બધામાં સૌથી અગત્યનું સાધન સર્જ્યનનો પોતાનો હાથ અને તેનું એકાગ્ર મન છે, જેના દ્વારા તે અન્ય સાધનોનો ઉપયોગ કરી શકે. એમ કહીને સુશ્રુત સર્જિકલ સાધનોને મુખ્ય છ વિભાગોમાં વહેંચે છે.[૪૪]

૧. સ્વસ્તિકયંત્ર (cruciform instruments) ૨. સન્દંશયંત્ર (pincher-like instruments) ૩. તાલયંત્ર (picklock-like instruments) ૪. નાડીયંત્ર (tubular instruments) ૫. શલાકાયંત્ર (pricker-like instruments) ૬. ઉપયંત્ર (other accessories). આ છયે વિભાગોમાં વિવિધ સાધનનો આકાર અને તેનો ઉપયોગ ખૂબ વિચારપૂર્વક પ્રયોજવામાં આવ્યો છે. જેમ કે, આ છ વિભાગમાં પ્રથમ વિભાગ છેઃ સ્વસ્તિક યંત્રનો વિભાગ, જેને અંગ્રેજીમાં cruciform instruments કહેવામાં આવે છે. આ વિભાગનાં ૨૪ યંત્રોની સુશ્રુતે મૌલિક ડિઝાઇન કરી છે. એક મજાની વાત છે કે આ સાધનોની ડિઝાઇન પ્રાણીઓ અને પક્ષીઓના મુખના આકાર પરથી કરવામાં આવી છે, તેની સાથે સાથે તેના ઉપયોગો પણ એ રીતે નિર્ધારિત કરવામાં આવ્યા છે. જેમ કે, સિંહમુખ યંત્ર અને મકરમુખ યંત્રમાં સિંહ અને મકર એટલે કે મગરના મુખનો આકાર કરવામાં આવ્યો છે. અઢી હજાર વર્ષ પછી આધુનિક પશ્ચિમી સર્જ્યનો ઑપરેશન દરમ્યાન આજે આધુનિક સમયમાં પણ આ જ સાધનો 'Lion forceps' અને 'Crocodile forceps' તરીકે ઉપયોગમાં લે છે! ખાસ કરીને ઑપરેશન દરમ્યાન હાડકાને મજબૂતાઈથી પકડવા માટે આ સાધનનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રાણીઓના મુખ પરથી આવાં વિવિધ ઉપયોગનાં સાધનોની થોડીક વધુ વિગતો જાણોઃ

૧. સિંહમુખ, ૨. વ્યાઘ્રમુખ, ૩. વૃકમુખ, ૪. તરક્ષુમુખ ૫. ઋક્ષમુખ, ૬. દ્વીપિમુખ, ૭. માર્જારમુખ, ૮. શૃગાલમુખ, ૯. ઐરવારુકમુખ, ૧૦. કાકમુખ, ૧૧. કંકમુખ, ૧૨. કુરરમુખ, ૧૩. ચાષમુખ, ૧૪. ભાષમુખ, ૧૫. શશઘાતિમુખ, ૧૬. ઉલુકમુખ, ૧૭. ચિલ્લીમુખ, ૧૮. ગૃધ્રમુખ, ૧૯. શ્યેનમુખ, ૨૦. ક્રૌંચમુખ, ૨૧. ભૃંગરાજમુખ, ૨૨. અંજલિકર્ણમુખ, ૨૩. અવભંજનમુખ અને ૨૪. નંદિમુખ.

૪૪. सुश्रुतसंहिता, १.७

સુશ્રુતે શોધેલા આવાં સાધનોમાં વધુ નોંધપાત્ર સાધનો એટલે આધુનિક સ્કાલપેલ જેવાં તીક્ષ્ણ ધારવાળાં ૨૦ 'અનુશસ્ત્ર' યંત્રો. સુશ્રુત વાઢ-કાપ કરવા માટે વીસ પ્રકારનાં તીક્ષ્ણ સાધનોનું વિવરણ કરે છે. તેમાં એક વિશિષ્ટ સાધન છે મુદ્રિકા. આંગળી પર વીંટીની જેમ પહેરીને આ સ્ટીલની બ્લેડ દ્વારા ઑપરેશન કરવાની પદ્ધતિ સૂચવવામાં આવી છે.[૪૫]

આવાં અન્ય તીક્ષ્ણ સાધનોનાં નામ નીચે મુજબ છેઃ ૧. મંડલાગ્રમ્ (Circular knife), ૨. કરપત્રમ્ (Bone saw), ૩. વૃદ્ધિપત્રમ્ (Scalpel), ૪. નખશસ્ત્રમ્ (Nail parer), ૫. મુદ્રિકા (Finger knife), ૬. ઉત્પલપત્રમ્ (Lancet), ૭. અર્ધધારમ્ (Single-edged knife), ૮. સૂચી (Needle-Straight, Half Curved, Fully Curved), ૯. કુશપત્રમ્ (Bistoury), ૧૦. આટીમુખમ્ (Hawk bill scissors), ૧૧. શરારીમુખમ્ (Scissors), ૧૨. અંતર્મુખ (Curved bistoury), ૧૩. ત્રિકુરચકમ્ (Trocar or Brush), ૧૪. કુઠારિકા (Axe-shaped Knife), ૧૫. વ્રીહિમુખમ્ (Trocar), ૧૬. આરા (Awl), ૧૭. વેતસપત્રકમ્ (Narrow bladed knife), ૧૮. વડિશ (Hook), ૧૯. દંતશંકુ (Tooth scaler) અને ૨૦. એપણિ (Sharp probe).

સર્જિકલ ઑપરેશનોમાં આ સાધનોનાં જુદાં જુદાં કાર્યોને સુશ્રુતે વિગતે સમજાવ્યાં છે.

ઉપરોક્ત સાધનોથી વાઢ-કાપ કર્યા પછી સર્જરી કર્યા પછી ટાંકા લેવા માટે દોરો કેવો વાપરવો જોઈએ? સુશ્રુત ઋષિ ઘોડાના વાળનો આગ્રહ રાખે છે. કારણ કે તે ખૂબ મુલાયમ છતાં મજબૂત હોય છે. બ્રેઈન સર્જરી કર્યા પછી પણ મસ્તક પર ટાંકા લેવા માટે પણ સુશ્રુત ઘોડાના વાળનો નિર્દેશ કરે છે. તેમણે કીડીના દાંત દ્વારા ટાંકા લેવાની એક વિશિષ્ટ પદ્ધતિ પણ દર્શાવી છે, જે આજે સમજી શકાય તેમ નથી.[૪૬]

સર્જરી દરમ્યાન દર્દીને પીડા ન થાય તે માટે સુશ્રુતે એનેસ્થેસિયાનું પણ સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું છે. વિશ્વમાં એ સમયે ક્યાંય એનેસ્થેસિયાનો પ્રયોગ થતો નહોતો.

સુશ્રુતે ૧૨ પ્રકારનાં ફ્રેક્ચર્સનો ઉલ્લેખ કરીને હાડકાં સાંધવાનો ઇલાજ દર્શાવ્યો છે. ઓર્થોપેડિક સર્જરીનું તેમનું આ જ્ઞાન આધુનિક કક્ષાનું છે.

સુશ્રુત ઋષિએ આધુનિક એન્ડોસ્કોપ જેવાં ડાયગ્નોસ્ટિક્સ સાધનો પણ દર્શાવ્યાં છે કે જેનો આજે પણ 'ઓપ્ટિકલ સિસ્ટમ' તરીકે ઉપયોગ થાય છે. તેમણે 'અગ્નિકર્મ' જેવા ઉપચારો પણ દર્શાવ્યા છે જેને આજે કિરણોત્સર્ગ સારવાર તરીકે ઉપયોગમાં લેવાય છે.

સુશ્રુત ઋષિએ ડાયાબિટીસ, સ્ટ્રેસ, ઓબેસિટી (સ્થૂળકાયા) તેમજ ન્યૂરોલોજી અંગે પણ વિગતવાર માર્ગદર્શન આપ્યું છે.

સુશ્રુતની આવી સિદ્ધિઓને બિરદાવતાં અમેરિકન ઇતિહાસલેખક વિલ ડ્યુરાં લખે છેઃ He was the first to graft upon a torn ear portions of skin taken from another part of the body; and from him and his Hindu successors rhinoplasty – the surgical reconstruction of the nose – descended into modern medicine." "The ancient Hindus," says Garrison, "performed almost every major operation except ligation of the arteries." Limbs were amputated, abdominal sections were performed, fractures were set, haemorrhoids and fistulas were removed. Sushruta laid down elaborate rules for preparing an operation, and his suggestion that the wound be sterilized by fumigation is one of the earliest known efforts at antiseptic surgery."

ટૂંકમાં કહીએ તો, સુશ્રુતે ભારતીય તબીબી વિદ્યાનો વિશ્વમાં ડંકો વગાડ્યો હતો.

સુશ્રુત ઋષિ આવાં કુલ ૩૦૦ પ્રકારનાં ઑપરેશનો સમજાવીને, દર્દીની વિવિધ ઔષધિઓના પ્રયોગ સાથે 'પોસ્ટ સર્જિકલ' સારવારનું પણ સુંદર માર્ગદર્શન આપે છે.

તેમાંનું એક નોંધપાત્ર માર્ગદર્શન છે - દર્દીના ખંડને જંતુમુક્ત રાખવાનું માર્ગદર્શન. સુશ્રુત કહે છે કે જેમણે સર્જરી કરાવી છે, તેવા દર્દીના રૂમને ઓછામાં ઓછા દસ દિવસ સુધી સવારે અને સાંજે જંતુમુક્ત કરવા માટે ધૂપ (fumigation) કરવો જોઈએ. આ ધૂપમાં કેવાં કેવાં દ્રવ્યો હોવાં જોઈએ? સુશ્રુતસંહિતા તેનું પણ માર્ગદર્શન આપતાં કહે છેઃ સરસવ, લીમડાંનાં પાન, નમક અને ઘી વગેરેનું મિશ્રણ કરીને તેનો ધૂપ દિવસમાં બે વખત અવશ્ય આપવો.[૪૭]

સુશ્રુતસંહિતા દર્દીની સર્જરી પહેલાંની સ્થિતિથી લઈ સર્જરી પછી તેની પાટાપિંડી કેવી હોવી જોઈએ, સોજો ન આવે અથવા તો સોજો દૂર થાય તે પ્રકારની તેની દવાઓ કેવી હોવી જોઈએ, તેનો ખોરાક કેવો હોવો જોઈએ, તેની

૪૫. સુશ્રુતસંહિતા, ૧.૮

૪૬. સુશ્રુતસંહિતા, ૪.૨

૪૭. સુશ્રુતસંહિતા, ૧.૧૯.૨૮

પથારી કેવી હોવી જોઈએ, તેની આસપાસનું વાતાવરણ કેવું હોવું જોઈએ વગેરે વિષયોથી સમૃદ્ધ છે.[૪૮]

સુશ્રુત ઋષિ આવી સર્જિકલ સિદ્ધિઓની સાથે સાથે આધ્યાત્મિક બાબતોને પણ ચૂકતા નથી. તેઓ કહે છે કે સર્જરી પછી દર્દીને જ્યાં રાખવામાં આવ્યો હોય ત્યાં દીપ, જલ, શાસ્ત્ર, માળા, પુષ્પ વગેરે રાખીને દર્દીએ ધર્મકથાઓનું પ્રસન્ન મને શ્રવણ કરવું જોઈએ. અનુકૂળતા અનુસાર ઉપાધ્યાય અને વૈદ્યે સવાર-સાંજ ચારેય વેદો તેમજ અન્ય શાસ્ત્રોના આશીર્વાદ મંત્રોનું દર્દી પાસે ગાન કરવું જોઈએ, જેથી એ શાસ્ત્રોક્ત આશીર્વચનોથી દર્દીની રક્ષા થાય.[૪૯]

માત્ર સર્જરી અંગે જ નહીં, પરંતુ સ્વચ્છતા(hygiene) અને શરીર સ્વાસ્થ્ય અંગે સુશ્રુત ઋષિએ વિગતે માર્ગદર્શન આપ્યું છે. સવારે દાતણ કેવી રીતે કરવું, શૌચ અને સ્નાન કેવી રીતે કરવાં, નિયમિત માથાના વાળ કાપવા, માથામાં તેલ નાખીને નિયમિત વાળ ઓળવા, ઋતુ ઋતુ પ્રમાણે વસ્ત્રો તેમજ મસ્તક પર પાઘ કે ટોપી પહેરવાં, અતિ સૂર્યપ્રકાશ અને વરસાદથી રક્ષા મેળવવા છત્રી રાખવી, પગમાં અનુકૂળ પગરખાં પહેરવાં, તેમજ નિત્ય shaving એટલે કે દાઢી કરવા સુધીની કેટલીયે વિગતો વિસ્તારથી સુશ્રુતે આપી છે.[૫૦] એટલું જ નહીં, કયા પ્રકારના વાસણમાં કયા પ્રકારની રસોઈ રાખવી જોઈએ તેની પણ સુશ્રુતે વિગતે વાત સમજાવી છે.[૫૧]

## શું ભારતની આ સિદ્ધિ ઉછીની હતી?

ભારતીયોના માનસમાંથી તેમના પૂર્વજોની સિદ્ધિઓનું ગૌરવ ભસ્મીભૂત કરીને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટે વિદેશીઓ છેલ્લી બે-ત્રણ સદીથી પ્રયાસ કરી રહ્યા છે. દુર્ભાગ્યે તેમાં કેટલાક સ્વદેશીઓ પણ જોડાયા છે. એવા લોકોએ આપણા માનસમાં એવી વાત પરાણે બેસાડી દીધી છે કે પ્રાચીન સમયમાં બધું જ્ઞાન-વિજ્ઞાન ગ્રીસ, રોમ અને યુરોપમાંથી જ ઉદ્‌ભવ્યું છે. પરંતુ એ મિથ્યા ભ્રમનો છેદ ઉડાડતાં અનેક વિદ્વાનોએ નવાં સંશોધનો કરીને જગત સમક્ષ સ્પષ્ટ કર્યું છે કે યુરોપ પહેલાં ભારતના વિદ્વાનોએ મેળવેલી સિદ્ધિઓ જરાય કમ નથી.[૫૨]

તેનું એક ઉદાહરણ સુશ્રુત અને તેના જેવા આયુર્વેદના

૪૮. Mukhopadhyaya Girindranath, *Ancient Hindu Surgery, Surgical Instruments of The Hindus,* (Cosmo Publications, New Delhi, 1994) p. 177

૪૯. सम्पदाद्यनुकूलाभिः कथाभिः प्रीतमानसः।
आशावान् व्याधिमोक्षाय क्षिप्रं सुखमवाप्नुयात्॥26॥
ऋग्यजुःसामाथर्ववेदाभिहितैरपरैश्चाशीर्विधानैरुः उपाध्याया
भिषजश्च सन्ध्ययो रक्षां कुर्युः ॥27॥ सुश्रुतसंहिता, १.१९.२५-२७

૫૦. सुश्रुतसंहिता, ४.२४

૫૧. सुश्रुतसंहिता, १.५६

૫૨. Neuberger Max, *History of Medicine, Vol. 1,* (Oxford University Press, London, 1910), p. 437

## એક જમાનામાં આયુર્વેદના એક ભાગ તરીકે સર્જિકલ સિદ્ધિઓમાં ભારતનો ડંકો વાગતો હતો, તે વિદ્યા ભારતમાંથી અચાનક જ કેમ અદૃશ્ય થઈ ગઈ?

તેનાં કારણો અનેક છે. છેલ્લી કેટલીક સદીઓમાં આયુર્વેદના ઇતિહાસમાં એવું બન્યું કે તેનાં મૂળ આઠ અંગો - શૈલ્ય, શાલાક્ય, કાય, ચિકિત્સા... વગેરેમાં ત્રણ વિભાગ પાડી દેવામાં આવ્યા. દૈવી, માનુષી અને આસુરી. ઔષધિ દ્વારા કરવામાં આવતી ચિકિત્સાને માનુષી ચિકિત્સા તરીકે ઓળખાવવામાં આવી. રસ ચિકિત્સાને દૈવી ચિકિત્સા તરીકે કહેવામાં આવી. પરંતુ કોઈપણ કારણસર શૈલ્ય ચિકિત્સાને એટલે કે સર્જરીની વિદ્યાને આસુરી ચિકિત્સા કહી દેવામાં આવી! સંભવતઃ શૈલ્ય ચિકિત્સામાં મૃત શરીરના અભ્યાસને હિંસા સાથે જોડીને તેને આસુરી કહી દેવામાં આવી હશે. ખાસ કરીને બૌદ્ધોએ સર્જરીનો ઘણો નિષેધ કર્યો. ઉલ્લેખનીય છે કે અશોકના શાસન દરમ્યાન મૃત પશુઓ કે માનવના શરીર પર પ્રૅક્ટિકલ ઍનેટોમી શીખવાની મનાઈ ફરમાવવામાં આવી હતી. પરિણામે ધીમે ધીમે સર્જરીની તાલીમ વિલુપ્ત થઈ જવા પામી હતી. આના કારણે ભારતમાં ધીમે ધીમે શૈલ્ય ચિકિત્સા પ્રત્યે ઉપેક્ષા વધી અને તેના વિદ્વાનો ઓછા થતા ગયા. એક સમયે સર્જરી કરનાર તબીબો પ્રત્યે એટલી હદે આભડછેટ રાખવામાં આવી કે સર્જરી કરનાર તબીબના હાથે ક્યારેય ખોરાક કે દવા પણ ન લેવાય - એવો જનતાને શાસ્ત્રીય આદેશ આપવામાં આવ્યો.[૧] પરિણામે સમય એવો આવ્યો કે વિશ્વમાં સર્જરીના ક્ષેત્રે પ્રથમ હરોળમાં રહેનાર ભારતમાંથી સર્જરીની પ્રૅક્ટિસ કરનારા લોકો અદૃશ્ય થઈ ગયા અને સુશ્રુતસંહિતા જેવી અદ્‌ભુત સર્જિકલ જ્ઞાનની પોથીઓ અભરાઈઓમાં સડતી રહી.

૧. Mukhopadhyaya Girindranath, *Ancient Hindu Surgery, Surgical Instruments of The Hindus,* (Cosmo Publications, New Delhi, 1994) p.viii

મહાન આચાર્યો છે.

સુશ્રુત જેવા ભારતીય તબીબની ગ્રીસ, ઇજિપ્ત વગેરે પ્રદેશો પર ઊંડી અસર હતી તેવી ચર્ચા વિદ્વાનોએ ગ્રંથોના ગ્રંથો ભરીને કરી છે. સમ્રાટ સિકંદર પોતાની સાથે ભારતીય વૈદ્યોને લઈ ગયો હતો; ગ્રીક ફિઝિશ્યન ટેસિયસ (Ktesias, 400 BCE) ભારત આવીને અહીંથી જ્ઞાનગ્રંથો લઈ ગયો હતો; ઇજિપ્તના વિદ્વાન ટોલેમી(Ptolemy)એ પાટલી પુત્રમાં પોતાનો એક સંઘ વિદ્યા મેળવવા મોકલ્યો હતો - એવા અનેક પ્રસંગો ઇતિહાસમાં નોંધાયા છે.[૫૩] અહીં તે ચર્ચાને કોઈ અવકાશ નથી, પરંતુ એટલું ચોક્કસ કે હવે વિશ્વ ભારતની એ પ્રાચીન સિદ્ધિઓને બિરદાવતું થયું છે. અમેરિકાથી પ્રકાશિત થયેલ 'The Story of Wound Healing Repair' ગ્રંથમાં વિદ્વાન લેખક એ. ઓ. વ્હિપલ નોંધે છે કે "All in all Sushrut must be considered the greatest surgeon of the pre medieval period.'[૫૪]

અમેરિકાની પ્રસિદ્ધ જ્હોન હોપકિન્સ યુનિવર્સિટીમાંથી પ્રકાશિત થયેલ 'A Short History of Medicine' નોંધે છે કે '... plastic surgery in Europe which flourished in mediaeval Italy is a direct descendant of classical Indian surgery.'[૫૫]

ઑક્સફર્ડ યુનિવર્સિટીના તબીબી વિદ્વાન અને જર્મન સંશોધક એ. એફ. રુડોલ્ફ હોર્નલનું આ નિરીક્ષણ વાંચો:

'હિન્દુઓનું તબીબી જ્ઞાન જરાયે પ્રાથમિક કક્ષાનું નહોતું. એવા પુરાવાઓ છે કે પ્રાચીન યુગમાં વૈજ્ઞાનિક જ્ઞાનની સમાનતા અથવા માત્રામાં તેઓ કોઈનાથીય ઓછા નહોતા. તેની વ્યાપકતા અને સચોટતાને જોતાં, હિન્દુઓનું જ્ઞાન આશ્ચર્યજનક છે! માનવશરીરોના વિચ્છેદન(ડિસેક્શન) કરીને જે શારીરિક અભ્યાસ કરેલ તેની ગુણવત્તા ઉચ્ચ કક્ષાની હતી. અમે જોયું છે કે તેમણે વિવિધ પ્રકારનાં સર્જિકલ સાધનોનો ઉપયોગ કર્યો, તેમણે પથરી માટે સર્જરી કરી, મોતીબિંદુ માટે આંખમાં ઑપરેશનો કર્યાં, સિઝેરિયેન ઑપરેશન દ્વારા ગર્ભાશયમાંથી બાળકને બહાર કાઢ્યું, તેમણે ખોપરી ખોલીને, સફળતાપૂર્વક ક્રેનિયલ સર્જરી કરીને બ્રેઈનસર્જરી કરી. તેઓએ પ્લાસ્ટિક સર્જરી દ્વારા નાક અને કાનને નવાં કર્યાં, હાડકાંના ફ્રેક્ચરનો ઇલાજ કર્યો, હાડકાંના ડિસલોકેશનનો ઇલાજ કર્યો, અને એમ્પ્યુટેશનોમાં તો તેઓ નિષ્ણાત હતા. તેમણે હર્નિયા, પાઇલ્સને સર્જિકલ તકનીક દ્વારા સાજા કર્યા, અને સ્મોલપોક્સ માટે રસીકરણ અને ટીકાકરણ કર્યું. મસ્તકમાં ઘૂસી ગયેલા તીરને તેઓ કુશળતાપૂર્વક કાઢતા હતા. તેઓને રક્ત પરિભ્રમણ, ધમની અને શિરાની વચ્ચેનો તફાવત, એનેસ્થેટિક્સનો ઉપયોગ, હેમરેજને રોકવાના ઉપાય અને સર્જિકલ ઘાના યોગ્ય ઉપચારથી માહિતગાર હતા.'[૫૬]

હા, વિશ્વની જુદી જુદી પ્રાચીન સંસ્કૃતિઓમાં મૅડિકલ વિદ્યાનો વિકાસ તો થયો હતો, પરંતુ તે બધાંમાં ભારત એક આગવી ઊંચાઈને આંબી ગયું હતું. The most methodical and holistic medical system એટલે કે અત્યંત પદ્ધતિસર અને સર્વાંગી તબીબી વિદ્યા તરીકે ભારતે વિશ્વને આગવી દિશા ચીંધી હતી.

એમાં મહાન ઋષિ સુશ્રુતનું નામ સદા અમર રહેશે.

અમેરિકી વિદ્વાન ફ્રેન્ક મેકડોવેલ (Frank McDowell) સુશ્રુત ઋષિને 'The Source Book of Plastic Surgery' ગ્રંથમાં ઉચિત અંજલિ આપે છે: 'When the path did not exist, he made one.'[૫૭]

જ્યારે તબીબી વિદ્યામાં રસ્તો જ અસ્તિત્વમાં ન હતો, ત્યારે તેણે પોતાનો આગવો માર્ગ બનાવ્યો.

આચાર્ય સુશ્રુતનાં પ્રદાનોને કારણે આજથી ૨૬૦૦ વર્ષ પહેલાં ભારતમાં સર્જરીનો સુવર્ણયુગ ખીલ્યો હતો. મૅડિકલ ક્ષેત્રે આધુનિક વિશ્વે જે અજોડ સિદ્ધિઓ મેળવી છે તેના મૂળમાં 'મોન્યુમેન્ટલ' પ્રદાન આપનારા આચાર્ય સુશ્રુત જેવા ઋષિઓને વિશ્વ ક્યારેય ભૂલી શકશે નહીં. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે નવી દિલ્હીમાં સ્વામિનારાયણ અક્ષરધામમાં તેમજ અમેરિકાની ધરતી પર રોબિન્સવિલ અક્ષરધામમાં મહંત સ્વામી મહારાજે સુશ્રુતનાં શિલ્પો પધરાવીને એ મહાન ઋષિને આંતરરાષ્ટ્રીય સ્તરે અંજલિ અર્પી છે. જેમનું ઋણ ક્યારેય ચૂકવાશે નહીં એવી ભારતની આ મહાન ઋષિ પરંપરાને વંદન. ◆

૫૩. Mukhopadhyaya Girindranath, *Ancient Hindu Surgery, Surgical Instruments of The Hindus,* (Cosmo Publications, New Delhi, 1994) p. 344-45

૫૪. Whipple AO, *The Story of Wound Healing Repair,* (Springfield, Illinois, 1963, Charles C Thomas:18; In *Sushrut: the Ancient Surgeon,* by Satish Saroshe, Hektoen International, A Journal of Medical Humanities.

૫૫. In *Sushrut: the Ancient Surgeon,* by Satish Saroshe, Hektoen International, A Journal of Medical Humanities.

૫૬. Mukhopadhyaya Girindranath, *Ancient Hindu Surgery, Surgical Instruments of The Hindus,* (Cosmo Publications, New Delhi, 1994) p. 332


૫૭. McDowell F., *The Source Book of Plastic Surgery,* (Williams and Wilkins Company, Baltimore, 1997), pp. 5–85. in *Sushrutha - Our Proud Heritage,* by Surajit Bhattacharya, Indian Journal of Plastic Surgery, 2009 Jul-Dec; 42(2): pp. 223–225.

# ગુરુ બિન કૌન બતાવે બાટ...



## અમારી અનુભૂતિ

જીવનની અજાણી કેડી પર
આપણી યાત્રાને મુકામ પર પહોંચાડે છે
એ માર્ગના ભોમિયા ગુરુહરિ.
ગુરુ વિના જીવનની કેડી કોને,
ક્યાં અને ક્યારે લઈ જશે
એ કોઈ કહી શકતું નથી.
એવા અજાણ્યા પથ પર એક
એવા સાચા ભોમિયા ગુરુદેવ મળી જાય
તો જીવન સાર્થક થઈ જાય.
જીવનમાં અચાનક આવતાં વળાંકો,
ખાડા-ખબડા કે ઉપર-નીચે લઈ જતાં
ટેકરાઓ અને પગથિયાં વખતે
શું કરવું? કયાં જવું? કોની સાથે જવું?
આવી અનેક ભૌતિક અને આધ્યાત્મિક
મૂંઝવણોમાં કોને પૂછવું?
આવી સમસ્યા સાચા ગુરુ મેળવનારને
કયારેય રહેતી નથી.
કબીરજી યથાર્થ ગાય છેઃ
**ગુરુ બિન કૌન બતાવે બાટ...**
સાચા ગુરુ વિના સાચી વાટ એટલે કે
સાચો માર્ગ કોણ બતાવી શકે?
બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને
પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે
અસંખ્ય લોકોને જીવનની કેડીનો
સાચો માર્ગ ચીંધ્યો છે. અહીં ગતાંકની
શૃંખલામાં એવા વધુ હરિભક્તોના
અનુભવો માણીએ...



# એ દિવ્ય ગુરુહરિ, જેમણે અમારા સંકલ્પો સિદ્ધ કર્યા...



■ શ્રી રાજાબાબુ ગુપ્તા
(GEMEX, હોંગકોંગ)

સન ૧૯૭૦માં પ્રમુખસ્વામી મહારાજ સંતમંડળ સાથે જયપુર આવ્યા હતા અને એ વખતે સર્વ પ્રથમ મને સ્વામીશ્રીનાં દર્શન થયાં હતાં. એ વખતે સ્વામીશ્રી સાત દિવસ જયપુર રોકાયા હતા. એ સમયે જયપુરમાં બે-પાંચ સત્સંગી હરિભક્તો જ હતા અને તે બધા નોકરી કરતા હતા. એટલે સ્વામીશ્રીના ઉતારા પર દિવસ દરમ્યાન કોઈને રોકાવાની અનુકૂળતા નહોતી. એ વખતે સ્વામીશ્રીએ સામેથી મારું નામ લઈને કહ્યું કે આ રોકાઈ જશે. અને એ રીતે સ્વામીશ્રીની કૃપાથી મને સર્વ પ્રથમ એમની સેવાનો લાભ મળ્યો.

હું રાજસ્થાની હિન્દીભાષી હોવાથી સ્વામીશ્રી મારી સાથે હિન્દીમાં વાત કરે ત્યારે તેમનું મધુર હિન્દી અને તેમની સરળતા મને ખૂબ સ્પર્શી જતી.

એક વખત સ્વામીશ્રી સવારે કોઈ ગુજરાતી વર્તમાનપત્ર પર નજર કરી રહ્યા હતા. ત્યારે સ્વામીશ્રીએ મને પૂછ્યું કે તને ગુજરાતી વાંચતા આવડે છે? મેં જણાવ્યું કે 'મને ગુજરાતી નથી આવડતું.' ત્યારે સ્વામીશ્રીએ એ વર્તમાનપત્ર મને આપ્યું અને કહ્યું કે આ વાંચીને ગુજરાતી બોલવાનો પ્રયાસ કરો. ત્યારે સ્વામીશ્રીની કૃપાથી એ વખતે મેં એ સર્વપ્રથમ વખત એક ગુજરાતી વર્તમાનપત્રનો થોડો અંશ વાંચી સંભળાવ્યો. મારું ગુજરાતી સાંભળીને સ્વામીશ્રી ખૂબ પ્રસન્ન થયા. અને તેઓએ મને કહ્યું કે તમે ગુજરાતી સરસ વાંચી શકો છો, તો હવેથી 'સ્વામિનારાયણ પ્રકાશ' અને 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા'નું લવાજમ ભરી દેજો. મેં સત્વરે તેમની એ આજ્ઞા ઝીલી લીધી, ત્યારથી આજ સુધી છેલ્લાં ૫૪ વર્ષોથી મારા ઘરે નિયમિત 'સ્વામિનારાયણ પ્રકાશ' આવે છે અને તેનો પાઠ કરીને અમે સ્વામીશ્રીને યાદ કરીએ છીએ. તેઓના આશીર્વાદથી આજે મારા પરિવારમાં બધા જ સભ્યો ગુજરાતી વાંચી અને સમજી શકે છે, તેનો મને ખૂબ આનંદ છે.

રાજસ્થાનમાં આમ તો બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સમયથી બી.એ.પી.એસ. સત્સંગની શરૂઆત થઈ ગઈ હતી. અમારા જયપુરમાં શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ - એ ત્રણેય ગુરુઓએ એકસાથે પધરામણી કરીને અમારા નાના સત્સંગમંડળ ઉપર ખૂબ કૃપા કરી હતી. ત્યારબાદ યોગીજી મહારાજની આજ્ઞાથી અમે સ્થાનિક રીતે સત્સંગસભાઓ કરતા.

સન ૧૯૬૪-૬૫ના સમયમાં જયપુરમાં એક અન્ય મંદિર હતું ત્યાં અમારી બાળમંડળની સભા થતી હતી. બાળમંડળમાં લગભગ ૫૦ જેટલા બાળક આવતા હતા. સન ૧૯૬૮માં એક દિવસે મંદિરના ટ્રસ્ટીએ મૂર્તિઓ અમારા હાથમાં આપી દીધી અને કહ્યું કે હવેથી તમે કોઈ બીજી જગ્યાએ તમારો સત્સંગ કરજો. આ સાંભળીને અમે બધા બાળકો જીદ કરીને ત્યાં જ બેસી ગયા કે અમારે અહીં જ સત્સંગ કરવો છે. વાત એટલી આગળ વધી ગઈ કે ત્યાં પોલીસ આવી. ત્યારે જેઓ અમારું બાળમંડળ ચલાવતા હતા એ આપણા પરમ ભક્ત શ્રી કૈલાશ નારાયણ બડગોટીએ ટેલિગ્રામ દ્વારા આ સમાચાર યોગીજી મહારાજને આપ્યા. યોગીજી મહારાજે ત્યારે કહ્યું કે કોઈને ઇચ્છા ન હોય તો તેમને ત્યાં પરાણે સત્સંગ કરવાની જરૂર નથી. તમે બધા કોઈ બીજી જગ્યાએ જઈને સત્સંગ કરો. ત્યારે અમે નજીકમાં રામજી મંદિરમાં જઈને સત્સંગ કરવા લાગ્યા. ત્યારે મેં યોગીજી મહારાજને પત્ર લખીને પ્રાર્થના કરી કે આપ એવા આશીર્વાદ આપો જેથી જયપુરમાં આપણું કોઈ સ્થાન થઈ જાય અને અમે બધા સુખપૂર્વક સત્સંગ કરી શકીએ.

આ પત્રના જવાબમાં યોગીજી મહારાજે આશીર્વાદ આપતાં લખ્યું હતું કે, 'ચિંતા ન કરતા, ભવિષ્યમાં અહીં મોટું મંદિર થશે, પરંતુ તમે સત્સંગ નિયમિત રીતે કરતા રહેજો.'

ત્યારબાદ વર્ષો વીતી ગયાં. યોગીજી મહારાજ અંતર્ધાન

થઈ ગયા પછી અમે પ્રમુખસ્વામી મહારાજની કૃપાદૃષ્ટિથી સત્સંગ કરતા રહ્યા.

સન ૧૯૯૪માં પ્રમુખસ્વામી મહારાજે એક નાના હરિમંદિરની પ્રતિષ્ઠા કરી અને સાથે સાથે તેમણે મોટા મંદિરની ભૂમિ મેળવવાની વગેરે પ્રવૃત્તિ શરૂ કરી દીધી.

આ દરમ્યાન બંસીપહાડપુરમાં પથ્થરોના કામ માટે અને મંદિરની મૂર્તિઓ માટે સંતો જયપુર પધારતા. આના પરિણામે જયપુરના હરિભક્તોને સંતોનો ખૂબ લાભ મળતો હતો. તેમાં ખાસ કરીને સ્વામીશ્રીની કૃપાથી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અવારનવાર જયપુર પધારતા રહ્યા, અમને પ્રેરણાઓ આપતા રહ્યા. સ્વામીશ્રી પણ ૧૯૯૪, ૧૯૯૬, ૨૦૦૩ વગેરે વર્ષોમાં જયપુરમાં પધારતા રહ્યા અને મારા પર પ્રેમ વરસાવતા રહ્યા. સન ૧૯૮૭માં ચાર-ધામની યાત્રા સમયે આમેરમાં મહંત સ્વામી મહારાજ સહિત ૩૫૦ જેટલા સંતો આમેરમાં અમારા ઘરે પધાર્યા હતા. પરંતુ મનમાં એવું રહેતું હતું કે પ્રમુખસ્વામી મહારાજ મારા ઘરે નથી પધાર્યા. પણ ૧૯૯૪માં સ્વામીશ્રી જયપુર આવ્યા ત્યારે મારો સંકલ્પ પૂર્ણ કર્યો અને આમેરમાં જૂની ઢબના મારા સાવ નાના એવા ઘરમાં સ્વામીશ્રી રોકાયા. મને તેમજ મારા પરિવારને ધન્ય કરી દીધો.

સ્વામીશ્રીની અમારા પર એવી કૃપાદૃષ્ટિ હતી કે અમે ગમે ત્યારે તેમની પાસે જઈએ તો તેઓ અવશ્ય સમય કાઢીને અમને ખૂબ પ્રેમથી મળે અને વાત્સલ્ય વરસાવે. તેમના એ પ્રેમનો એક વિશિષ્ટ અનુભવ એટલે જયપુરનું શિખરબદ્ધ મંદિર. આમ જુઓ તો, અમારું જયપુરનું સત્સંગમંડળ સાવ નાનું. પરંતુ તેમ છતાં અમારા પર કૃપા કરીને સ્વામીશ્રીએ અમારી કલ્પના કરતાં ખૂબ મોટું એવું ભવ્ય શિખરબદ્ધ મંદિર રચી દીધું.

સન ૨૦૦૫માં જયપુરમાં આ શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠાનો મહોત્સવ પૂર્ણ થઈ ગયા બાદ અમે સમગ્ર પરિવાર સાથે દિલ્હી અક્ષરધામનાં દર્શન માટે ગયા હતા. ત્યાં સ્વામીશ્રી સાથે મુલાકાત થઈ, ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે ‘યોગીજી મહારાજનો સંકલ્પ પૂર્ણ થયો, તમે જોયોને!? હવે તમે ખુશ છો ને?’ ત્યારે હું અચંબિત થઈ ગયો! કારણ કે યોગીજી મહારાજે છેક ૧૯૬૮માં મને આશીર્વાદ આપ્યા હતા કે ‘જયપુરમાં મંદિર થશે, કંઈ ચિંતા ન કરશો.’ આ વાતની જાણ મેં કોઈને કરી નહોતી. પરંતુ સ્વામીશ્રીએ અંતર્યામીરૂપે યોગીજી મહારાજે કરેલો સંકલ્પ પૂર્ણ કરીને અમને સૌને કૃતાર્થ કરી દીધા.

મારા જીવનના તમામ નિર્ણયોમાં સ્વામીશ્રીએ જ માર્ગદર્શન આપ્યું છે.

સન ૧૯૮૮માં મેં સ્વામીશ્રીને અમદાવાદમાં પૂછ્યું કે ‘મારે વ્યવસાય માટે જાપાન જવું છે, તો આપ આશીર્વાદ આપો.’

ત્યારે સ્વામીશ્રીએ મને શંકાથી પૂછ્યું ‘કઈ રીતે ત્યાં જઈશ? ત્યાં જઈને શું કરીશ?’

ત્યારે મેં કહ્યું કે ‘મારા બનેવી ત્યાં છે. એટલે ખાવા-પીવાની બધી વ્યવસ્થા છે.’

સ્વામીશ્રીએ પૂછ્યું કે ‘એ ક્યાં રહે છે?’

મેં કહ્યું કે ‘તેઓ ટોક્યો શહેરમાં રહે છે.’

સ્વામીશ્રીએ કહ્યું કે ‘જાપાન જાઓ.’

સ્વામીશ્રીએ આમ કહ્યું તો ખરું, પરંતુ મને ખબર નહોતી કે તેમણે મારા માટે કંઈ જુદું જ વિચારી રાખ્યું હતું. આથી, જાપાન જતાં પહેલાં મને બેંગકોક જવાનું કહ્યું. હું ત્યાં ગયો, ત્યારે ત્યાં જતી વેળાએ સ્વામીશ્રીએ મને કહ્યું હતું કે ત્યાં અંબાલાલભાઈ પટેલ, તુલસીભાઈ પટેલ વગેરે સત્સંગીઓની સાથે સત્સંગ કરજો. અહીં લગભગ એક વર્ષ રોકાયો અને સત્સંગ કર્યો. અહીંથી જ મને પ્રેરણા મળી કે મારે હોંગકોંગ જવું જોઈએ. આથી, સ્વામીશ્રીને જણાવીને હું જાપાનને બદલે હોંગકોંગ પહોંચી ગયો. હું હોંગકોંગ આવ્યો ત્યારે અહીં એક સત્સંગી વસંતભાઈ જેઠવા હતા. સ્વામીશ્રીએ મને એમની સાથે સત્સંગ કરવાનું કહ્યું. અને આજ્ઞા આપી કે હોંગકોંગમાં જ વ્યવસાય કરો. આમ, ૧૯૯૦માં અમે હોંગકોંગ આવી ગયા અને ત્યારથી અમે સત્સંગ કરતાં કરતાં વ્યવસાય કરીએ છીએ.

હોંગકોંગમાં પહેલાં હું એક પેઢીમાં નોકરી કરતો હતો અને એ નોકરી છૂટી ગઈ, ત્યારે સ્વામીશ્રીને પૂછ્યું કે હું પહેલાં જ્યાં કામ કરતો હતો ત્યાંથી હવે છૂટો પડી ગયો છું. તો હવે હું શું કરું? ત્યારે સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું કે ‘તું તારો પોતાનો ધંધો ચાલુ કર. તને કામ મળી જશે.’

૨૦૦૧માં સ્વામીશ્રીના આશીર્વાદથી અમે હોંગકોંગમાં અમારો પોતાનો ધંધો શરૂ કર્યો. મારા પુત્ર રાકેશ અને દિનેશને પણ સ્વામીશ્રીએ ધંધો કરવાની આજ્ઞા કરી.

સ્વામીશ્રીની કૃપાથી અમારો ધંધો એવો સરસ ચાલ્યો કે સ્વામીશ્રીએ અમને જયપુર અને હોંગકોંગમાં મંદિરનિર્માણમાં સેવા કરવાની તક આપી.

૧૯૯૭માં પ્રથમ વખત મહંત સ્વામી મહારાજ હોંગકોંગ આવ્યા હતા, ત્યારે મેં એમને કહ્યું કે ‘અમે અહીં આવી તો ગયા છીએ, પરંતુ મારા પુત્ર રાકેશને ભારત પાછા જવું છે.

તેને અહીં ગમતું નથી. તો મારે પણ પાછા જવું પડે.' ત્યારે મહંત સ્વામી મહારાજ મારી ઑફિસમાં બેઠા હતા. એમણે એક બુકમાં આશીર્વાદ લખતાં એમના હાથે લખ્યું કે 'તું ક્યાંય જઈશ નહીં. તારે અહીં જ રહેવાનું છે અને ભવિષ્યમાં તારા હાથે જ મંદિર થશે. તું જોઈશ.'

આજે હું વિચાર કરું છું ત્યારે આશ્ચર્ય થાય છે કે હું ક્યાંથી ક્યાં પહોંચી ગયો! આમેરના એક નાના ગામમાં રહેતા હતા ત્યારે કલ્પના નહોતી કે ભવિષ્યમાં વિદેશમાં સત્સંગની સેવા મળશે. સ્વામીશ્રીએ મારું ભાગ્ય નિર્ધારી રાખ્યું હતું એટલે જાપાનને બદલે હું હોંગકોંગ પહોંચી ગયો અને ત્યાં સ્થિર થઈ ગયો.

૨૦૧૪માં હોંગકોંગમાં મંદિરની પ્રતિષ્ઠા થઈ ત્યારબાદ થોડા સમય પછી મંદિરની સામે થોડી વધુ સુવિધા માટે એક હોલ લીધો હતો. આ હોલ લીધો ત્યારે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને તે અંગે વાત કરી હતી. ત્યારે એક દિવસ અચાનક રાત્રે ૧૨ વાગ્યે સ્વામીશ્રીનો ફોન આવ્યો. ૯ સપ્ટેમ્બર, ૨૦૧૫ની એ રાત્રી હતી. સ્વામીશ્રીના સેવક નારાયણચરણ સ્વામીએ કહ્યું કે સ્વામીબાપા આપની સાથે વાત કરવા માંગે છે. મારું તો આશ્ચર્ય સમાતું નહોતું. સ્વામીશ્રીએ સામેથી બધું પૂછ્યું કે કઈ રીતે આ હોલ લીધો? કેટલો ખર્ચ થયો? વગેરે માહિતી લઈને મને કહ્યું કે તમે આ હોલ લીધો છે તો બહુ સારી સેવા કરી છે. આમ લગભગ ૧૦ મિનિટ સુધી ફોનમાં સ્વામીશ્રીએ વાત કરી. મને લાગ્યું કે સ્વામીશ્રીએ ફોન દ્વારા મારા ઘરે અને નવા મંદિરના નવા હોલમાં પધરામણી કરી દીધી છે.


સ્વામીશ્રી ૨૦૦૩માં જયપુર આવ્યા હતા ત્યારે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી પણ સાથે જ હતા. તેઓએ મારા એક મકાનની વાત કરતાં સ્વામીશ્રીને કહ્યું કે જયપુરમાં આપણા આ મંદિરની પાસે જ આમણે જમીન લીધી છે અને તેમની ઘર બનાવવાની ઈચ્છા છે. ત્યારે સ્વામીશ્રીએ મને કહ્યું કે અત્યારે જયપુર મંદિરમાં તારી બહુ સેવા છે. જયપુર મંદિરની પ્રતિષ્ઠા પછી તું ઘર બનાવજે. અત્યારે રહેવા દેજે.'

એ વખતે મારા મનમાં ઊંડે ઊંડે એવી ભાવના હતી કે મંદિરની બાજુમાં જ જમીન છે તો સ્વામીશ્રી ક્યારેક આવતાં-જતાં ત્યાં પુષ્પો છાંટી આશીર્વાદ આપે. મેં આ વાત કોઈને કરી નહોતી. મનની વાત મનમાં રહી ગઈ અને સ્વામીશ્રી જયપુરથી નીકળી ગયા.

બન્યું એવું કે ૨૦૦૫માં જયપુર મંદિરની પ્રાણપ્રતિષ્ઠા વેળાએ મહંત સ્વામી મહારાજ ત્યાં આવ્યા હતા ત્યારે તેઓ એક પધરામણીએ ગયા હતા. હું તેઓની સાથે હતો. પધરામણી પૂરી કરીને અમે મંદિરે પાછા આવતા હતા ત્યારે મહંત સ્વામીએ સામેથી મને પૂછ્યું કે તમે ઘર માટે જે જમીન લીધી છે એ ક્યાં છે? મેં કહ્યું કે અહીં નજીક જ છે. તો મંદિરે જવાને બદલે મહંત સ્વામી એ જમીન પર પધાર્યા. કારમાંથી નીચે ઊતરીને જમીન પર દૃષ્ટિ કરી, ખૂણે ખૂણે પુષ્પ પધરાવ્યાં. આમ સ્વામીશ્રીએ અમારી ઈચ્છા પૂર્ણ કરી.


ત્યારબાદ, જયપુર મંદિરની પ્રતિષ્ઠા બાદ અમે ૨૦૦૬માં દિલ્હીમાં સ્વામીશ્રીને મળ્યા ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું કે હવે તમારા ઘરનું બાંધકામ શરૂ કરો. થઈ જશે. આશીર્વાદ છે.

આમ, મારું ઘર, મારો પરિવાર, મારો વ્યવસાય અને સાથે સત્સંગ દ્વારા મારી આધ્યાત્મિક પ્રગતિ - એ બધું જ આ ગુરુના પ્રતાપે થયું છે. મારા જીવનની કે મારા પરિવારના સભ્યોની નાનામાં નાની બાબતમાં સ્વામીશ્રી સતત સાથે રહીને અમારી નૌકા ચલાવતા રહ્યા છે. એ વર્ષોમાં જયપુરમાં વધારે હરિભક્તો નહીં એટલે અમને સેવાનો લાભ પણ ખૂબ મળ્યો છે. નાનપણથી જ અમારા બાળકોને પણ સત્સંગ-લાભ મળતો રહ્યો. અને સ્વામીશ્રીની એ કૃપાના પરિણામે આજે મારા પરિવારમાં ૫૦ સભ્યો છે એ બધાને દૃઢ નિષ્ઠા છે.



આમ, ત્રણ-ત્રણ ગુણાતીત ગુરુઓએ મારી જીવનદિશા નક્કી કરીને મને સુખી કર્યો છે. આજે વિદેશમાં રહેવા છતાં મારી ત્રીજી પેઢી પણ સત્સંગમાં નિયમધર્મની દૃઢતા સાથે સત્સંગમાં સેવા કરી રહી છે.

આવો સત્સંગનો લાભ આપવા માટે એ મહાન ગુરુદેવનાં ચરણોમાં કોટી કોટી વંદન. ◆



# માનવશક્તિની મર્યાદા આવી જાય ત્યાં માર્ગ બતાવે ગુરુહરિ



■ શ્રી યશવંત જેઠવા, આઈ.પી.એસ.
(ડાઇરેક્ટર,
વિજિલન્સ ડિરેક્ટોરેટ, ઓડિશા)

વર્ષો પહેલાંની વાત છે. મુંબઈમાં અમારા ઘરની નજીક રહેતા સત્સંગી શ્રી હર્ષદભાઈ બક્ષીના પ્રાંગણમાં સત્સંગસભા યોજાઈ હતી. ત્યાં નાનો એવો મંડપ બાંધ્યો હતો. કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી અને અન્ય સંતો આવ્યા હતા. ત્યાં કથા-કીર્તન થઈ રહ્યું હતું. મારા ઘરમાં રહ્યાં રહ્યાં હું અને મારા પરિવારના સભ્યો તે સાંભળતા હતા. મને સહજ આકર્ષણ થયું. એ બધું ગમ્યું. આથી ઘરેથી અમે સભામાં ત્યાં ગયા. સભાના અંતમાં અમારી આસપાસ જ્યાં પરા સત્સંગસભાઓ થતી હતી તેની જાહેરાત થઈ. અમને તેમાં જવાની સહજ ઇચ્છા જાગી.

ત્યાંથી જે માહિતી મળી તે મુજબ, અમારા ઘરની નજીકમાં જ્યાં બાળસભા થતી હતી ત્યાં મારાં બહેન મને લઈ ગયાં, અને કેટલી ફી છે? શું કરવાનું છે? કેવી રીતે નોંધણી કરાવવાની છે? જાણે અમે કોઈ સ્કૂલમાં એડમિશન માટે ન ગયા હોઈએ એ રીતે બધી પૂછપરછ કરી! ત્યારે અમને જણાવવામાં આવ્યું કે એવું કશું નથી, બસ સભામાં બેસી જાઓ! એ દિવસથી મેં નિયમિત બાળસભામાં જવાનું ચાલુ કર્યું. અને તે દિવસથી જાણે મારા જીવનની કોઈ અનોખી ઘડતરયાત્રા શરૂ થઈ. તે વખતે હું લગભગ દસેક વર્ષનો હતો.

એ બાળસભાને કારણે હું દાદર ખાતે બી.એ.પી.એસ. મંદિરે જતો થયો, ત્યાં નારણભૂષણદાસ સ્વામી વગેરે સંતો સાથે સંપર્ક થયો. સંતો સાથે સહેજે હેત થયું.

એ અરસામાં સન ૧૯૭૮માં પ્રમુખસ્વામી મહારાજ દાદર મંદિરે આવ્યા હતા. નારાયણભૂષણ સ્વામીએ સ્વામીશ્રી સમક્ષ બાળકોના મુખપાઠનો કાર્યક્રમ રાખ્યો હતો, જેમાં બધા બાળકોને શિક્ષાપત્રીના પાંચ-પાંચ શ્લોક ગોખાવડાવ્યા. હું પણ તેમાંનો એક હતો. એક પછી એક બાળકોએ પાંચ-પાંચ શ્લોક બોલીને સ્વામીશ્રી સમક્ષ શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોકનો મુખપાઠ રજૂ કર્યો. મારે શ્લોક ક્રમાંક ૧૭૫ થી ૧૮૦ - એ પાંચ શ્લોકનો મુખપાઠ બોલવાનો હતો. એ સમય સવારનો હતો અને મારી શાળાનો સમય સવારનો હતો. એટલે મને ઘરેથી સ્કૂલનો યુનિફૉર્મ પહેરીને જ મોકલ્યો હતો. દાદર મંદિરે પહેલીવાર જ મને આ રીતે સ્વામીશ્રીનો નજીકથી દર્શનલાભ કરવાની તક મળી હતી. મને એ યાદ છે કે કંઈક ભાવપ્રધાનતાને કારણે એ પાંચ શ્લોક હું ધ્રૂજતાં ધ્રૂજતાં બોલ્યો હતો. અગાઉના બાળકોની જેમ હું પણ શ્લોક બોલીને ચાલી જતો હતો, પરંતુ એ વખતે સ્વામીશ્રીએ મારા પર કૃપાદૃષ્ટિ કરીને મને ઊભો રાખીને મારું નામ પૂછ્યું અને કહ્યું કે તું બહુ સ્પષ્ટ બોલ્યો. એમ કહીને મને આશીર્વાદ આપ્યા. એ વખતે જ સ્વામીશ્રી સાથે મારું જોડાણ થઈ ગયું અને સમયે સમયે સ્વામીશ્રીનો પ્રેમ મળતો રહ્યો એટલે એ જોડાણ વધતું જ ગયું.

એમનું એ પ્રોત્સાહન અને એમની એ દૃષ્ટિથી મને વક્તૃત્વમાં રસ જાગ્યો. ત્યારપછી બાળસભાઓમાં અને બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા યોજાતાં અધિવેશનોમાં હું વક્તૃત્વ સ્પર્ધાઓમાં ભાગ લેતો અને ઇનામો મેળવતો. સ્વામીશ્રી હાજર હોય ત્યારે તેઓ ખૂબ પ્રોત્સાહન આપતા. તેઓની ઉપસ્થિતિમાં ક્યારેક કીર્તન આરાધના થાય ત્યારે હું કોમેન્ટ્રી સાથે સભાસંચાલન કરતો, ભજન પણ ગાતો, સંવાદોમાં ભાગ લેતો અને એવા અનેક પ્રસંગોએ સ્વામીશ્રીની ખૂબ પ્રસન્નતાનો આનંદ માણતો.

એમાંય ૧૯૮૯માં વલ્લભવિદ્યાનગરમાં એક સંવાદમાં મેં પોલીસ અધિકારીનો રોલ ભજવ્યો હતો. સ્વામીશ્રી સામે દર્શકગણમાં બેસીને એ સંવાદ જોતા હતા. ત્યારે મારી ઍક્ટિંગ અને ડાયલોગ વગેરેથી પ્રસન્ન થતાં સ્વામીશ્રીએ એમની પાસે બેઠેલા એક સંતને કહ્યું કે 'આ જેઠવા તો એકદમ સાચો પોલીસવાળો લાગે છે!' સંવાદ પૂરો થયા પછી અમે સૌ બાળકો-કિશોરો તેમની પાસે આશીર્વાદ લેવા

ગયા ત્યારે પ્રસન્નતા દર્શાવી સ્વામીશ્રીએ મને આશીર્વાદનો ધબ્બો મારતાં કહ્યું: 'તું તો એકદમ સાચો પોલીસવાળો લાગતો હતો!' એમની એ દૃષ્ટિ પડી અને આગળ જતાં સાચે જ મારે એક 'સાચા પોલીસવાળા' તરીકે, દેશના આઈ.પી.એસ. અધિકારી તરીકે ફરજ બજાવવાનો અવસર આવ્યો!

સ્વામીશ્રીએ મારા જીવનની દિશા જાણે પહેલેથી જ નક્કી કરી રાખી હોય તેમ તેઓ મને સતત માર્ગદર્શન આપતા રહ્યા. એક ગુરુપૂર્ણિમાના અવસરે હું સ્વામીશ્રીનાં દર્શને બોચાસણ ગયો હતો. ત્યારે વી.જે.ટી.આઈ. એન્જિનિયરિંગ કૉલેજમાં મેં એન્જિનિયરિંગનો અભ્યાસ ચાલુ કર્યો હતો. એના માટે આશીર્વાદ લેવા માટે ગયો ત્યારે તેમણે હાથ પકડીને મને પર્સનલ ઘણા બધા નિયમો આપ્યા હતા કે તારે કોલેજમાં આ રીતે વર્તન રાખવાનું છે. તિલક-ચાંદલો કરવાનો, સ્ત્રી-પુરુષ મર્યાદાનું પાલન કરવું, વગેરે બધા જ નિયમો મને વ્યક્તિગત આપીને કહ્યું હતું કે આ બધા નિયમો કાયમ પાળવાના છે ને આ રીતે આગળ વધવાનું છે. અને સાચે જ, સ્વામીશ્રીએ આપેલા એ નિયમો મારા જીવનની લક્ષ્મણરેખાઓ બની ગયા. આજ સુધી એ લક્ષ્મણરેખાઓએ મારી રક્ષા કરી છે. એમણે મને જે સાત્ત્વિકતા, આધ્યાત્મિકતા, ઈન્ટેગ્રિટી, ઑનેસ્ટી અને ડિસિપ્લિન્ડ જીવનનાં બંધારણો શીખવ્યાં હતાં તે મારી સમગ્ર કરિયરમાં મારી આગળ રહ્યાં છે. જ્યારે પણ કોઈ પડકારો આવે, કોઈ પ્રલોભનો આવે ત્યારે તરત જ એ લક્ષ્મણરેખાઓ સામે આવી જાય અને સ્વામીશ્રીનું કોઈ દિવ્ય અદૃશ્ય છત્ર કે 'ઈન્વિઝિબલ ફોર્સ' મને તેમાંથી બચાવે છે.

એન્જિનિયરિંગ કરીને મારે એમ.બી.એ. કરવું હતું અને મને આઈ.આઈ.એમ.માં એડમિશન પણ મળ્યું. પરંતુ ૧૯૯૧માં એ સમયે કેટલીક એવી ઘટનાઓ બની કે દેશમાં તોફાનો ફાટી નીકળ્યાં, જેને કારણે હું એમ.બી.એ.માં સમયસર જોડાઈ શક્યો નહીં. પરિણામે એમ.બી.એ.માં અમારાં ઍડમિશન કેન્સલ થઈ ગયાં. તેથી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની કૉર્પોરેટ ઑફિસમાં એન્જિનિયરિંગ ડિવિઝનમાં મેં જોબ ચાલુ કરી. એવામાં પૂજ્ય ડૉક્ટર સ્વામી મુંબઈ પધાર્યા હતા, તેઓએ મને કહ્યું કે તમારે સિવિલ સર્વિસમાં જોડાવું જોઈએ. એમ કહીને તેઓ મને સ્વામીશ્રી પાસે લઈ ગયા. સ્વામીશ્રીએ મને આશીર્વાદ આપ્યા અને આજ્ઞા આપી કે તમે સિવિલ સર્વિસીઝ માટે તૈયારી કરવા માંડો. આપણે એવા સિવિલ સર્વન્ટ ઊભા કરવા છે, જે સરકારી તંત્રમાં ઉચ્ચ ફરજ બજાવે અને દેશની સેવા કરે. તેઓનાં આશીર્વાદ અને આજ્ઞાથી મેં દિશા બદલી અને હું એક આઈ.પી.એસ. અધિકારી બન્યો અને એક ઉચ્ચ સરકારી હોદ્દે પહોંચ્યો. મારી દેશ-સેવાઓમાં પણ સ્વામીશ્રીના આશીર્વાદનો સતત સહારો રહ્યો.

તેઓએ હંમેશાં મને સાચો માર્ગ બતાવ્યો છે. મને અત્યારે પણ આશ્ચર્ય થાય છે કે આપણા વ્યાવસાયિક અને પ્રૉફેશનલ જીવનના નિર્ણયોમાં એક આધ્યાત્મિક ગુરુ કેવી રીતે માર્ગદર્શન આપી શકે? એ તો પ્રૉફેશનલ જ્ઞાન, પ્રૉફેશનલ ટ્રેનિંગ, પ્રૉફેશનલ ક્ષમતા અને પ્રૉફેશનલ નીતિ-નિયમોની વાત કહેવાય. એમાં આધ્યાત્મિક માર્ગદર્શનની જગ્યા જ ક્યાં છે? પરંતુ આપણી ક્ષમતાથી ઉપર ક્યારેક એવો સમય આવે છે કે જ્યારે આપણને આપણા માર્ગમાં બધું ધૂંધળું દેખાય છે. એવા વખતે આધ્યાત્મિક માર્ગદર્શન જ સાચી પ્રેરણા આપે છે, જ્યાં અંધકાર છે ત્યાં પ્રકાશ લાવી દે છે. મારા જીવનમાં હું મારી પ્રૉફેશનલ દક્ષતાની લિમિટ ઉપર પહોંચી ગયો હોઉં ત્યારે સ્વામીશ્રીને યાદ કરું, જ્યાં પણ હોઉં ત્યાંથી ફોન કરીને એમની સાથે વાત કરું, એમનું માર્ગદર્શન લઉં અને હું ભાગ્યશાળી હતો કે તેઓ તરત જ એવું માર્ગદર્શન આપે કે મારી દિશા સ્પષ્ટ થઈ જાય.

એવી અનેક ઘટનાઓ પૈકીની એક ઘટના હું ભૂલી શકીશ નહીં.

એ સમયે ઓડિશામાં નક્સલવાદનો ખૂબ ત્રાસ ચાલી રહ્યો હતો. ખાસ કરીને પોલીસદળ સાથે નક્સલીઓનો આકરો સંઘર્ષ ચાલતો હતો. એવા એક સંઘર્ષમાં પોલીસ-દળના વડા આઈ.પી.એસ. અધિકારી તરીકે મારે નેતૃત્વ કરીને જંગલમાં નક્સલીઓ સાથે કામ પાર પાડવાનું હતું. સંજોગો એવા હતા કે જો નિર્ણય લેવામાં સહેજ પણ ભૂલ થઈ જાય તો પોલીસદળ અને મારા જીવનનું નુકસાન થઈ શકે. વાત એમ હતી કે ઓડિશાના જંગલમાં અમારી ટીમ અને નક્સલી લોકો વચ્ચે અથડામણ થઈ. તેમાં એક ગામના કેટલાક લોકો મરી ગયા. આથી વાત ખૂબ વણસી. નક્સલીઓએ તે ગામના લોકોને ઉશ્કેર્યા. આથી એ ગામના આઠ-દસ હજાર માણસો ધનુષ, બાણ, ભાલા એવું બધું લઈને એક પોલીસ સ્ટેશન ઉપર હુમલો કરવા નીકળી પડ્યા. મને સમાચાર મળ્યા કે બે કલાકમાં તેઓ પોલીસ સ્ટેશન પર પહોંચી જશે.

લૉ ઍન્ડ ઑર્ડરની આવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે અમારે ફોર્સનો ઉપયોગ કરવો પડે. પોલીસ ફોર્સને લઈને હું તે પોલીસ સ્ટેશન ઉપર જવા માટે નીકળતો હતો, પરંતુ

મારા માણસો બધા એકદમ જ ઢીલા પડી ગયા હતા. કારણ કે આટલા બધા લોકો હુમલો કરે તો અમારો નાનો પોલીસ ફોર્સ શું કરી શકે? એ લોકો તો પોલીસ સ્ટેશનને પણ સળગાવી નાંખે, પોલીસને પણ મારી નાખે, બધું લૂંટી લે - એવું એમનું બળ હતું. આથી અમારું પોલીસ દળ ખરેખર મૂંઝાઈ ગયું હતું. નિર્ણયશક્તિ તો ખતમ જ થઈ ગઈ હતી. એટલે મારે પણ જે નિર્ણયો લેવા પડે, એ બહુ મૂંઝવણભર્યું હતું.

એવા સમયે કોઈ જ આપણી પાસે ઊભું ન હોય. એવી પરિસ્થિતિ આવે ત્યારે આશીર્વાદ માટે હું સ્વામીશ્રીને ફોન કરું. તેઓ મને આશીર્વાદની સાથે સચોટ માર્ગદર્શન પણ આપે. મને એનાથી બળ મળી જાય કે 'વી આર પ્રમુખસ્વામીઝ રિપ્રેઝન્ટેટિવ.' એટલે હું પોલીસ ફોર્સ સાથે નીકળવાનો હતો તે પહેલાં માત્ર સ્વામીશ્રીના આશીર્વાદ માટે મેં પોલીસ સ્ટેશનમાંથી તેઓને ફોન કર્યો. એ મોબાઈલ ફોનનો જમાનો નહોતો કે હું રસ્તામાંથીયે સ્વામીશ્રી સાથે વાત કરી શકું.

કટોકટીની પળો હતી. માત્ર એક-બે મિનિટ સ્વામીશ્રી સાથે વાત કરીને મારે તાકીદે પોલીસ ફોર્સ સાથે નીકળી જ જવું હતું, પરંતુ સ્વામીશ્રી ટૂંકમાં પતાવવાને બદલે ખૂબ લંબાણથી મને પ્રશ્ન ઉપર પ્રશ્ન ઉપર પ્રશ્ન પૂછવા લાગ્યા. આ પરિસ્થિતિ કેમ ઊપજી? કેમ એ લોકોને આટલો બધો વિરોધ છે? કેમ એ લોકો આટલા ગુસ્સામાં આવ્યા છે? શું તમે લોકોએ ભૂલ કરી છે? એડમિનિસ્ટ્રેશને શું ભૂલ કરી છે? એ લોકોને આવી પરિસ્થિતિથી રોકવા માટે, તમારે શું કરવાની ઈચ્છા છે? એક તરફ મારે ઉતાવળ હતી, બીજી તરફ સ્વામીશ્રી આવા સવાલો પૂછી રહ્યા હતા. છેલ્લે તેમણે આશીર્વાદ સાથે માર્ગદર્શન આપતાં કહ્યું કે તમે બળપ્રયોગ કરવાને બદલે એ લોકોને મળો, એ લોકોના પ્રશ્નો સમજવાની કોશિશ કરો અને પ્રામાણિકપણે તેમના એ પ્રશ્નો ઉકેલવા એ લોકોને બાંયધરી આપો. અને સ્વામિનારાયણ ભગવાન તમારી સાથે રહેશે અને રક્ષા કરશે.

આ માર્ગદર્શન કંઈક અનોખું હતું. મને ચિત્ર એકદમ સાફ થઈ ગયું હતું. જે નિર્ણય હું મારા પોલીસવડા તરીકેના હોદ્દા પરથી ક્યારેય લઈ ન શકું, એવો નિર્ણય મેં લઈ લીધો. મને હિંમત આવી ગઈ.

સ્વામીશ્રીની આજ્ઞા માથે ચઢાવીને મેં મારા ફોર્સને સમજાવ્યું કે એ લોકો આવીને આપણી ઉપર હુમલો કરે એના કરતાં આપણે જ તેમને સામા જઈએ. સામાન્ય રીતે હજારોના આક્રમક ટોળા સામે આવી હિંમત કરવાની કોઈ ભૂલ ન કરે. પરંતુ મારા ફોર્સને સમજાવીને અમે ટોળા પોલીસ સ્ટેશને આવે તે પહેલાં તેમની સામા જઈ પહોંચ્યા. મારા ફોર્સને એક તરફ ઊભો રાખીને હું સૌથી આગળ ચાલ્યો. મેં નક્સલીઓના એ ટોળાને સંબોધીને કહ્યું કે હું જ આ પોલીસ દળનો નેતા છું. એમ કહેતો હું એકલો જ એ આક્રમક ટોળા સામે આગળ વધ્યો ત્યારે મારા માણસો ચિંતિત થઈ ગયા કે અમારા વડા આવું જોખમ કેમ ખેડે છે? પરંતુ પ્રમુખસ્વામી મહારાજના બળે હું નિશ્ચિંત હતો. હું હથિયાર વિના સામે ગયો એટલે આક્રમક ટોળાના લીડર ઢીલા પડી ગયા. એમને થયું કે આ એકલા આવે છે તો એમની સાથે વાત કરીએ. મેં કહ્યું કે તમારો જે પ્રશ્ન હોય તે મને કહો, હું તેનો ઉકેલ લાવી આપીશ. સ્વામીશ્રીના આશીર્વાદથી એ વખતે એવો આત્મવિશ્વાસ, એવી વાત, એવું વર્તન, એવી બોડી લેન્ગ્વેજ વગેરે આવી ગયું કે એમને મારી વાતમાં વિશ્વાસ આવી ગયો.

હું તો મુંબઈમાં રહેનારો એક ગુજરાતી, મારામાં આ બધી શક્તિ અને ક્ષમતા ક્યાંથી આવે? પણ સ્વામીશ્રીના આશીર્વાદથી એ શક્તિ મળી અને એક ભયાનક આપત્તિ ટળી. એ લોકો સાથે સમાધાનો થયાં. મને બી.એ.પી.એસ. સંસ્થાનાં બાળમંડળ અને યુવકમંડળમાં જે તાલીમ મળી હતી, એને મેં મારા કાર્યમાં પ્રયોજી. મેં મારા સાથીઓને કહ્યું કે આપણે જંગલમાં અંદર જઈએ, જ્યાં આ લોકો બધા ભેગા થતા હોય, ત્યાં આપણે ભજન-કીર્તન કરીએ, પછી જમાડીએ, પછી એમની સાથે વાતચીત કરીને એ લોકોને સમજાવીએ. સામાન્ય રીતે પોલીસવાળા આ બધું કરે નહીં, પણ બધાએ મારી વાત માની. એ લોકો બધા ભેગા થતા હોય, ત્યાં અમે પહોંચી જઈએ. એમની પ્રાદેશિક ભાષામાં અમે ભજન-કીર્તન કરીએ. એ માટે મેં અમારી ઓરકેસ્ટ્રાની ટીમ તૈયાર કરેલી. અમે એવી ભજન-ભક્તિ કરીએ કે એ લોકો બધા આનંદમાં આવી જાય. એ લોકોને જમાડીએ, ડૉક્ટરોની ટીમ લઈ જઈને મૅડિકલ કૅમ્પ કરીએ, તેમને દવાઓ આપીએ, રમતો રમાડીએ, હોકીની ટુર્નામેન્ટ કરાવીએ, ઈનામો આપીએ, વસ્ત્ર વિતરણ અને ધાબળા વિતરણ કરીએ, ધામધૂમથી એમનાં સમૂહલગ્નો કરાવ્યાં. આ બધી વાતો જે બી.એ.પી.એસ. બાળમંડળ અને યુવકમંડળમાં શીખવા મળી હતી, એ બધું અહીં અજમાવ્યું. અને એમાં એ લોકોનું જીવનપરિવર્તન થયું. ધીમે ધીમે તોફાની નક્સલ પ્રવૃત્તિ છોડી લોકો શાંત થયા. એ વિસ્તારમાં આમ કરતાં કરતાં શાંતિ થઈ ગઈ.

એકવાર અમારી આ બધી પ્રવૃત્તિઓના સમાચાર

સાંજના ન્યૂઝમાં જોઈને અમારા મુખ્યમંત્રી શ્રી નવીન પટનાયક પણ પ્રભાવિત થઈ ગયા હતા કે ખરેખર આ જ કરવાની જરૂર છે.

હકીકતે, આ બધી જ પ્રેરણાઓ હતી પ્રમુખસ્વામી મહારાજની. અને આ તાલીમ હતી એમની પ્રેરણાથી ચાલતાં બાળમંડળ ને યુવકમંડળની.

હું જ્યારે કેન્દ્ર સરકારના ડેપ્યુટેશનમાં દિલ્હી ગયો અને મારે દેશની એક ખૂબ અગત્યની ફરજ બજાવવાની હતી ત્યારે પણ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા. એ પહેલાં હું ઓડિશાના પોલીસદળમાં આઈ.જી. તરીકે મહત્ત્વની જવાબદારી સંભાળવાનો હતો તે વખતે સ્વામીશ્રીએ મને આશીર્વાદની સાથે માર્ગદર્શન આપતાં કહ્યું હતું કે હવે આ પદ પર તમે પહોંચ્યા છો, તો વધુ સાવધાની રાખવાની છે. એમ કહીને તેઓએ એટલી ઝીણી ઝીણી આજ્ઞાઓ આપી હતી કે જેના પાલનને કારણે હું ગૌરવપૂર્વક કેન્દ્ર સરકારમાં ઉચ્ચ હોદ્દા પર મારી સેવા અને ફરજ બજાવી શક્યો છું.

છેલ્લાં ત્રણ વર્ષથી ઓડિશામાં વિજિલન્સ ડિરેક્ટોરેટના ડાઈરેક્ટર તરીકે એક ઉચ્ચ હોદ્દા પર ફરજ બજાવું છું. કરપ્શન વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની મારી જવાબદારી જ એવી છે કે ઘણા લોકોને સહેજે મારા માટે દુશ્મનાવટ ઊભી થાય. તેમાં કટોકટીની પળો આવે. પરંતુ એમાં મહંત સ્વામી મહારાજને ફોન કરીને આશીર્વાદ લઈ લઉં, એમાંથી મને બળ મળી રહે છે.

આવા મહાન ગુરુની પ્રાપ્તિ એ મારું પરમ સૌભાગ્ય છે, જેમના કારણે હું મારા જીવનની દિશા નક્કી કરી શક્યો છું, શાંતિ-સુખ-આનંદની અનુભૂતિ કરી રહ્યો છું. ◆

---

**(અનુસંધાન પૃષ્ઠ ૬ ઉપરથી)** વાડીએ પધાર્યા. ત્યારે નાજા જોગિયાએ તરત જ માણકીની લગામ પકડી લીધી. શ્રીહરિ કૂદીને હિંડોળા ઉપર બિરાજી ગયા. સંતોએ, હરિભક્તોએ શ્રીહરિને ઝુલાવ્યા અને જાણે હિંડોળો આકાશે ચડ્યો! દેવોને પણ શ્રીહરિને ઝુલાવવાનો લાભ લેવો હતો. આ લાભ તેમને સહેજે મળી ગયો. હરિભક્તો સૌ જોઈ રહ્યા.

આશ્ચર્ય હતું કે હિંડોળો આકાશે ચડ્યો તે આકાશમાં જ અધ્ધર રહ્યો! સૌને થયું હિંડોળો દેવોએ પકડી રાખ્યો કે શું? કે વિરાટના હિંડોળે ઝૂલવા પહોંચી ગયા? શ્રીહરિ ક્યાં અદૃશ્ય થઈ ગયા તે કોઈને સમજાયું નહીં. સૌ આકાશમાં મીટ માંડીને જોઈ રહ્યા. એટલામાં પુષ્પો ખર્યાં, ચંદનની વૃષ્ટિ થઈ અને દુંદુભિના નાદ સંભળાવા લાગ્યા. ગાંધર્વોનું મધુર સંગીત સંભળાયું. રાયણની નીચે બેઠેલા સંતોને લાગ્યું કે મહારાજ દૈવી સંગીત સાંભળે છે; પરંતુ તેમને જો અહીં બોલાવવા હોય તો હવે દિવ્ય સંગીત સંભળાવવું જોઈએ. સંતોએ ધૂન મચાવી અને પ્રેમાનંદ સ્વામીએ કીર્તન શરૂ કર્યું: 'ક્યારે હવે મળશે રે પ્યારા, ઘનશ્યામ સનેહી પ્યારા, ક્યારે હવે દેખું રે હરિ હસતા, મારા મંદિરિયામાં વસતા.' સંતોએ કીર્તન ઉપાડ્યું. સારંગી, સરોદ ને તબલાના તાલનો સુમેળ જામ્યો, રમઝટ મચી. પ્રેમાનંદ સ્વામીના ગળામાંથી જાણે દિવ્ય સૂરોની સુરાવલિએ વાતાવરણમાં દિવ્યતા - મધુરતા પ્રસરાવી દીધી. અચાનક આકાશમાંથી ફરી પુષ્પો ખર્યાં. ચંદનની વર્ષા થઈ અને અંતરિક્ષમાંથી હિંડોળો પ્રેમાનંદ સ્વામીના સૂરોના નાદ સાથે સરકતો નીચે આવતો દેખાયો. 'મહારાજ પધાર્યા, એ આવ્યા.' હરિભક્તોના મુખમાંથી શબ્દો સરી પડ્યા અને વીજળી ઝબકારો થાય તેમ શ્રીહરિ હિંડોળામાં ઝૂલતાં નીચે આવ્યા. તરત જ સંતોએ હિંડોળો પકડી લીધો. શ્રીહરિ હસવા લાગ્યા. સંતોએ પૂછ્યું: 'ક્યાં અદૃશ્ય થઈ ગયા હતા?'

શ્રીહરિએ કહ્યું: 'દરેકને અમારાં દર્શનની ખેંચ હોય એટલે દેવતાના લોકમાં દેવોએ હિંડોળો ઝાલી રાખ્યો. પછી તમારી સ્તુતિ સાંભળી ત્યારે અમે તેમને કહ્યું: 'હવે સંતો અધીરા બન્યા છે. માટે જવા દ્યો.' એટલે હિંડોળો મૂક્યો.

આ સાંભળી સૌ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. શ્રીહરિનો વિશેષ મહિમા સમજ્યા.

શ્રીહરિ હિંડોળા ઉપરથી નીચે ઊતર્યા. પાટ ઉપર બિરાજ્યા. તખા પગીએ શ્રીહરિની કેસર, ચંદન અને મોગરાના પુષ્પહારોથી પૂજા કરી. વજેરામ વિપ્રે રસોઈ તૈયાર કરી હતી. તે સૌને જમાડી શ્રીહરિ જમ્યા.


સંવત ૧૮૭૨માં શ્રીહરિએ વડતાલમાં રંગોત્સવ કર્યો અને હિંડોળે ઝૂલ્યા તેનો ઈતિહાસ તો ખૂબ નિરાળો છે.

નિષ્કુળાનંદ સ્વામીએ રચેલો બાર બારણાનો એ હિંડોળો આજે પણ દર્શન આપે છે. શ્રીહરિ ૧૨ સ્વરૂપે એ હિંડોળા પર ચારે બાજુથી હરિભક્તોના હાર લેતા. છડીથી હાર લેતા. ચરણથી હાર લેતા. એમ ખૂબ સુખ આપ્યું હતું.

આમ, ભગવાન સ્વામિનારાયણે શ્રાવણ મહિનાના પર્વે તો હિંડોળે ઝૂલ્યા છે, પરંતુ તે ઉપરાંત, તેઓ વસંત પંચમી, પુષ્પદોલોત્સવ, દીપોત્સવ અને અન્ય દિવસોએ પણ હરિભક્તોને સંતોને સુખ આપવા માટે હિંડોળે ઝૂલ્યા છે અને સૌને ભક્તિભાવમાં ઝબકોળીને તેમને ભાવ-હિંડોળે ઝુલાવ્યા છે. એવા ભક્તિ પરંપરાના પોષક ભગવાન સ્વામિનારાયણને કોટિ કોટિ પ્રણામ. ◆

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## રાજકોટ નગરને સત્સંગ-ભક્તિના રંગે રંગતા સ્વામીશ્રી...

તા. ૧૪-૬-૨૦૨૪ થી તા. ૧૦-૭-૨૦૨૪ સુધી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે રાજકોટ ખાતે અષાઢી માહોલની વચ્ચે સત્સંગ અને ભક્તિના અમૃતમેઘ વરસાવ્યા હતા. અહીં નિત્ય આધ્યાત્મિકતાનો અનોખો માહોલ છવાયો હતો. વહેલી સવારે હજારો હરિભક્તો ગુરુહરિના દર્શનાર્થે ઊમટતા હતા. મંદિરમાં સુંદર વસ્ત્રાલંકારો ધારણ કરીને દર્શનદાન દેતા ઠાકોરજીનાં દર્શન તેમજ નિત્યનિયમથી પરવારીને ઠાકોરજીનાં દર્શને પધારતા સ્વામીશ્રીનાં દર્શનની એક ઝલક પ્રાપ્ત થતાં સૌનાં હૈયાં પુલકિત થઈ ઊઠતાં હતાં. પૂજાદર્શન તેમજ સ્વામીશ્રીના મુખેથી કથામૃતનું રસપાન કરીને સૌ ધન્યતાથી છલકાઈ ઊઠ્યા હતા. બાળકો-યુવકોએ મુખપાઠ ઉપરાંત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરીને સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. સંગીતજ્ઞોએ કીર્તન-ભક્તિ રજૂ કરીને પોતાની કલા પાવન કરી હતી. સ્વામીશ્રીની પ્રાતઃપૂજા પૂર્વે વિદ્વાન સંતોએ કથાવાર્તાનો લાભ સૌને આપ્યો હતો. સૌરાષ્ટ્રના હજારો હરિભક્તો-ભાવિકો સ્વામીશ્રીએ વરસાવેલી અધ્યાત્મવર્ષામાં ઝબકોળાઈને પાવન થયા હતા.

*સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાયેલા વિવિધ પ્રેરણાત્મક દિનને કેન્દ્રમાં રાખીને મહિલાભક્તોએ કોળીમંડપમાં નવીન રંગોળીઓ પૂરી હતી. સ્વામીશ્રીએ આ રંગોળીઓ પર દૃષ્ટિ કરીને પ્રસન્નતા વરસાવી હતી. હરિભક્તોની વસ્તુઓ પ્રાસાદિક કરીને સ્વામીશ્રીએ સૌના મનોરથ પૂર્ણ કર્યા હતા.*

*'મારે મંદિરીયે મહંત સ્વામી મહારાજ...' સૌના અંતરની આ ભાવનાને પ્રતિધ્વનિત કરતા વિવિધ આધ્યાત્મિક કાર્યક્રમો યોજાયા હતા. સાયંકાળે આ વિષયને સુસંગત વિવિધ કાર્યક્રમોનો લાભ પ્રાપ્ત કરવા હજારો હરિભક્તો ઊમટતા હતા. સભાના પ્રારંભે સંત-પારાયણ અંતર્ગત યજમાનોને મહાપૂજાનો લાભ પ્રાપ્ત થયો હતો. પૂજનવિધિ બાદ 'એક નિશાન અક્ષરધામ' વિષય પર પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ પોતાની રસાળશૈલીમાં કથાવાર્તાથી સૌને લાભાન્વિત કર્યા હતા. પ્રાતઃપૂજા અને સાયંસભાઓમાં સ્વામીશ્રીનાં દર્શન-આશિષનો લાભ પ્રાપ્ત કરવા માટે પધારેલા ઉચ્ચ પદાધિકારીઓ, લોકનેતાઓ, વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો તેમજ વિવિધ સમાજોના અગ્રણીઓનું સંતોએ હારતોરા પહેરાવીને અભિવાદન કર્યું હતું. સ્વામીશ્રીએ દર્શન-મુલાકાત આપીને સૌને ધન્ય કર્યા. અને પોતપોતાના ક્ષેત્રમાં તેઓ ખૂબ પ્રગતિ કરે તેવા શુભાશિષ અર્પ્યા હતા. રાજકોટ ખાતે રચાનાર નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર માટે સેવા કરનાર ભક્તો-ભાવિકો સ્વામીશ્રીની કૃપાના અધિકારી બન્યા હતા. સ્થાનિક સંતોએ રાજકોટ સત્સંગ વિકાસના વિવિધ આયામો-ભવિષ્યનાં આયોજનો અંગે સ્વામીશ્રીનું માર્ગદર્શન મેળવ્યું હતું. સમગ્ર રાજકોટ શહેરના વિવિધ વિસ્તારોમાં રચાયેલાં બી.એ.પી.એસ. મંદિરો અઠવાડિક સત્સંગ સભાઓ દ્વારા તેમજ વિવિધ સેવા-પ્રવૃત્તિઓ દ્વારા આબાલ-વૃદ્ધ ભક્તોમાં સંસ્કારોનું સિંચન કરી રહ્યા છે. આ પ્રત્યેક મંદિરની છબિઓ પર સ્વામીશ્રીએ દૃષ્ટિ કરી અને પ્રત્યેક મંદિરને સ્પર્શીને પાવન કર્યું હતું.*

*રાજકોટના વિવિધ વિસ્તારો તેમજ આજુબાજુનાં વિવિધ સત્સંગ કેન્દ્રોમાંથી અસંખ્ય આબાલ-વૃદ્ધ હરિભક્તો વિવિધ વ્રત-તપ-ઉપવાસ સાથે પદયાત્રા કરીને સ્વામીશ્રીનાં દર્શને પધાર્યા હતા. સ્વામીશ્રીએ આ તપસ્વીઓ પર કૃપાદૃષ્ટિ કરીને રાજીપો વરસાવ્યો હતો. જુદા જુદા દિવસોએ વિવિધ સત્સંગકેન્દ્રોના સેંકડો હરિભક્તો-ભાવિકોને સ્વામીશ્રીએ સમીપદર્શનથી લાભાન્વિત કર્યા હતા. મંદિરના વિવિધ વિભાગોમાં સેવા આપતા સૌ સેવકો પર સ્વામીશ્રીએ પ્રસન્નતાભરી દૃષ્ટિ કરીને દર્શનલાભ આપ્યો હતો. રાજકોટ ખાતે સતત ૨૬ દિવસ સુધી સ્વામીશ્રીના સાંનિધ્યમાં સતત આધ્યાત્મિક પ્રેરક કાર્યક્રમોની ભરમાર વહેતી રહી હતી. એ પૂર્વે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના પ્રાગટ્ય તીર્થ મહુવામાં સ્વામીશ્રીએ દિવ્ય લાભ આપ્યો હતો. આવો, આપણે તેનું સ્મરણ કરીને કૃતાર્થ થઈએ...*

## ■ સ્મૃતિમંદિર અને જન્મસ્થાનનાં દર્શને સ્વામીશ્રી

તીર્થધામ મહુવામાં તા. ૮-૬-૨૦૨૪ના રોજ સ્વામીશ્રી માલણ નદીના કાંઠે આવેલા ભગતજી મહારાજના સ્મૃતિમંદિરે પધાર્યા હતા. સન ૧૯૨૦માં શાસ્ત્રીજી મહારાજે અગમવાણી ઉચ્ચારતાં કહ્યું હતું: 'અહીં ભવિષ્યમાં મોટું મંદિર થશે.' તેઓના સંકલ્પે ભગતજી મહારાજના આ દેહોત્સર્ગ સ્થાને નાળિયેરીઓના રળિયામણા ઉપવનની વચ્ચે સન ૨૦૨૨માં કલા-કોતરણીયુક્ત સુંદર સ્મૃતિમંદિર પ્રતિષ્ઠિત થયું છે. આ મંદિરના મધ્યમંડપ તળે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના અસ્થિકુંભ સાથે સ્મૃતિઓટા પર પધરાવેલા શ્રીહરિનાં ચરણારવિંદનાં સ્વામીશ્રીએ દર્શન કર્યાં. અત્રે ભગતજી મહારાજનું પ્રાસાદિક વસ્ત્ર અને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજનાં અસ્થિપુષ્પ પણ પધરાવેલાં છે. અહીં એક આશીર્વાદ પત્ર મૂકવામાં આવેલો છે. મહંત સ્વામી મહારાજે પત્રમાં આ સ્થાનનો મહિમા લખ્યો છેઃ 'ભગતજી મહારાજ સ્મૃતિમંદિરમાં જે કોઈ પ્રદક્ષિણા કરશે તેના શુભસંકલ્પો મહારાજ-સ્વામી અને ભગતજી મહારાજ પૂરા કરશે.'

અહીંથી સ્વામીશ્રી મંદિરના ગર્ભગૃહમાં પધાર્યા. અહીં યોગીજી મહારાજે પધરાવેલાં ચરણારવિંદનાં દર્શન અને સ્વર્ણિમ સિંહાસનમાં વિરાજમાન અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ભગતજી મહારાજનાં દર્શન કરીને સ્વામીશ્રીએ 'અહીં આવે એના શુભ સંકલ્પો પૂરા થાય' એવી સંકલ્પ-પ્રાર્થના કરી. વિવિધ પ્રસંગોની સ્મૃતિઓ અને આરતી બાદ ઈશ્વરચરણદાસ સ્વામીએ શુભસંકલ્પોની પરિપૂર્ણતા માટે ધૂન કરાવી. સ્વામીશ્રીએ આ સ્થાનનો મહિમા કહ્યોઃ ''ભગતજી મહારાજનાં અહીં સાક્ષાત્ દર્શન થાય છે, દિવ્ય દિવ્ય લાગે છે. ભગતજી મહારાજની મૂર્તિ સરસ છે. બધું દિવ્ય અલૌકિક થયું છે. અને મહત્તા જતે દિવસે વધશે. બધા ખૂબ મોટી સંખ્યામાં અહીં દર્શન

માટે પધારશે.''

ભગતજી મહારાજ જેવી જ સ્વામીશ્રીની સ્મૃતિ મળે તે માટે તેઓના હસ્તમાં કાપડ અને સોયદોરો આપવામાં આવ્યાં. સ્મિત ભરેલા મુખે સ્વામીશ્રીએ સ્મૃતિ આપી. ભગતજીની દેરીએ ઘંટનાદ કર્યો.

અહીંથી સ્વામીશ્રી ભગતજી મહારાજના જન્મસ્થાને પધાર્યા. જન્મસ્થાને પધારતાં માર્ગમાં સ્થાનિક મુસ્લિમ બિરાદરોએ પુષ્પાંજલિ અર્પણ કરીને અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને સત્કાર્યા હતા.

ભગતજી મહારાજના નિવાસ-સ્થાનમાં સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાનાં દર્શન કર્યાં. યોગીબાપાની સ્મૃતિઓ સાથે પૂર્વેની સ્મૃતિઓ કરી. આ સ્થાનની વરસો સુધી સેવા કરનાર ભક્તરાજ શ્રી વલ્લભભાઈ ટાંકને યાદ કર્યા.

ભગતજી મહારાજના જન્મસ્થાનના લીંપણવાળા ઓરડામાં ભાવપૂર્વક દર્શન કર્યાં. શુભસંકલ્પોની પૂર્ણતા માટે ધૂન કરી, માળા ફેરવી. સાત વર્ષની ઉંમરે પ્રાગજી ભગત સાડા સાત શેર ચૂરમું જમી ગયા તે પ્રસંગને યાદ કરીને તેઓને ચૂરમું ધરાવ્યું. ભગતજી મહારાજના અન્ય પ્રસંગોની સ્મૃતિ કરતાં તે તે પ્રાસાદિક સ્થાનોનાં અને પ્રાસાદિક વસ્તુઓનાં દર્શન કર્યાં. જન્મસ્થાનનાં દર્શન કરીને શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરે પધારી રહેલા સ્વામીશ્રીએ માર્ગની બંને બાજુએ ભાવપૂર્વક દર્શન-વંદન કરવા ઊભેલા ભક્તોને આશિષ આપ્યા અને નિજનિવાસે પધાર્યા.

## ■ સત્સંગ દિન

તા. ૯-૬-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં 'સત્સંગ દિન' ઊજવાયો હતો. સંગીતજ્ઞ યુવકોએ ધૂન-પ્રાર્થના અને કીર્તનગાનથી સભાનો શુભારંભ કરાવ્યો. પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ પ્રસંગોચિત ઉદ્‌બોધનનો લાભ આપ્યો હતો. બાળકો-કિશોરો-યુવકોએ ઉષ્માભર્યું ભક્તિનૃત્ય કરીને અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને સત્કાર્યા.

૯૧ વર્ષની વયે સ્વામીશ્રીએ મહુવા આવવાનો સંકલ્પ કર્યો અને મહુવા પધારીને સૌને અણચિંતવ્યું સુખ આપ્યું. તેથી સૌએ સ્વામીશ્રીનો આભાર પ્રકટ કર્યો. સ્વામીશ્રીએ મહુવા અને મહુવાવાસીઓને ભગતજી મહારાજ જેવું જ સુખ આપ્યું છે અને આપી રહ્યા છે, એવા કેટલાક પ્રસંગોની રજૂઆત થઈ. ત્યારબાદ પ્રશ્નોત્તરીના માધ્યમથી સ્વામીશ્રીએ સૌને સત્સંગનું અમૃતપાન કરાવ્યું હતું. વિશેષમાં જણાવ્યું કે, ''આપણે બધાએ બ્રહ્મરૂપ થવાનું છે. શ્રીજીમહારાજે સંકલ્પ કર્યો છે કે 'મારે બધા જીવને બ્રહ્મરૂપ કરવા છે.' શ્રીજીમહારાજની સામર્થી જ એટલી બધી છે કે સામાન્ય જીવને બ્રહ્મની કોટિમાં મૂકી દીધો! એટલે આપણાં બહુ જ મોટાં ભાગ્ય છે.

બીજું, આ સત્સંગ તો મોટા-મોટાને પણ દુર્લભ છે. એટલે આ સત્સંગ મળ્યો છે એ સામાન્ય નથી. સામાન્ય જીવને જીવકોટિમાંથી બ્રહ્મકોટિમાં નાખવા એ કોણ કરી શકે!? એ ગુણાતીત ગુરુઓની તાકાત. તો આપણે એમનું બળ રાખવું અને સત્સંગ કરવો.''

અંતમાં, હરિભક્તોના નાના-મોટા પ્રશ્નો યજ્ઞવેદીમાં લઈને સંતો સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રીએ યજ્ઞવેદીના તે પ્રશ્નો પ્રતીકાત્મક અગ્નિજ્વાલામાં પધરાવી સૌના પ્રશ્નો હલ થાય તેવા શુભાશિષ અર્પ્યા હતા.

## ■ પ્રમુખવરણી દિન

તા. ૧૦-૬-૨૦૨૪, જેઠ સુદ ચોથ એટલે તિથિ મુજબ 'પ્રમુખવરણી દિન'. આજથી ૭૪ વર્ષ પૂર્વે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે આમલીવાળી પોળ(અમદાવાદ)માં ૨૮ વર્ષના પ્રમુખસ્વામી મહારાજને સંસ્થાના પ્રમુખ તરીકે નિયુક્ત કરી એક મહાપુરુષની સમાજને ભેટ આપી હતી.

આજના અવસરે મંદિરમાં ઠાકોરજીને અન્નકૂટ ધરાવાયો હતો. પ્રસંગને અનુરૂપ મંદિર પરિસરમાં રંગોળી પૂરવામાં આવી હતી. સ્વામીશ્રીની પ્રાતઃ પૂજામાં રાજુલા ક્ષેત્રના યુવાવૃંદે પ્રમુખસ્વામી મહારાજનાં ગુણકીર્તનોનું ગાન કર્યું અને બાળકોએ મુખપાઠ રજૂ કર્યો હતો. હરિભક્તોએ અક્ષરપુરુષોત્તમ મહારાજની રજતતુલા કરીને વિશેષ ભક્તિ અદા કરી હતી. સ્વામીશ્રીએ પ્રસંગને અનુરૂપ આશિષ અર્પ્યા હતા.

સાયંકાળે યોજાયેલી 'પ્રમુખવરણી દિન'ની સભાનો લાભ લેવા માટે હજારો હરિભક્તો ઊમટ્યા હતા. સંવાદ, વીડિયો, સંતોનાં પ્રવચનો વગેરે દ્વારા ગુરુહરિના દિવ્ય ગુણોનું સ્મરણ કર્યું હતું. બાળવૃંદે જોમભર્યું ભક્તિનૃત્ય કરીને અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને અભિવંદના કરી હતી. નૃત્ય દરમ્યાન સંતોએ વિવિધ હારતોરાથી સ્વામીશ્રીને વધાવ્યા હતા.

નૃત્યાંજલિ બાદ થયેલી પ્રશ્નોત્તરીમાં સ્વામીશ્રીએ દાસત્વભક્તિ, સેવાભક્તિ, નિર્માનીપણું, ભગવાનમાં અનન્ય નિષ્ઠા વગેરે સત્સંગનાં મૂલ્યો દૃઢાવતાં સત્સંગ-જ્ઞાન પીરસ્યું હતું.

● તા. ૧૨-૬-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીએ મહુવા બી.એ.પી.એસ.

મંદિર હેઠળ કાર્યરત સત્સંગ-ક્ષેત્રોના હરિભક્તોને સમીપદર્શનનો લાભ આપ્યો હતો. મંદિર પરિસરમાં બેઠેલા સૌની સમીપેથી પસાર થઈને સ્વામીશ્રીએ સૌને દર્શનલાભ આપ્યો હતો. ત્યારબાદ મંદિરના પોડિયમ પર રચવામાં આવેલા ઉપમંચ પરથી દર્શનસુખ આપતાં સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતી ઉતારી હતી.

મહુવા ખાતેના સ્વામીશ્રીના રોકાણનાં આ અંતિમ દર્શન હતાં, તેથી કોઠારી વિનમ્રમુનિદાસ સ્વામી અને સંતનિર્દેશક અખંડમંગલદાસ સ્વામીએ આભારવિધિ કરતાં કહ્યું, 'આપ ૯૧ વર્ષની ઉંમરે સ્વયં સંકલ્પ કરીને અહીં પધાર્યા એ જ અમારા માટે મોટી વાત છે.' એમ કહીને તેઓએ સૌ હરિભક્તોની આધ્યાત્મિક અને ભૌતિક પ્રગતિ માટે પ્રાર્થનાઓ કરી. તેને સ્વીકારતાં આશીર્વાદ મુદ્રામાં સ્વામીશ્રીએ બે હાથ ઊંચા કરી સૌને કૃતાર્થ કર્યા.

આમ, તીર્થધામ મહુવામાં નવ દિવસ સુધી સત્સંગસુખની લહાણ કરીને, અણચિંતવ્યું સુખ આપીને સ્વામીશ્રી રાજકોટ પધાર્યા હતા.



## રાજકોટમાં મહંત સ્વામી મહારાજની સત્સંગવર્ષા

### ■ આગમન

તા. ૧૪-૬-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ મહુવાથી રાજકોટ પધાર્યા હતા. સ્વામીશ્રીના આગમનથી સંતો-ભક્તોના હૃદયમાં આનંદનાં પૂર ઊમટ્યાં હતાં. હેલિપૅડ પર સૌએ જયજયકારોથી સ્વામીશ્રીને વધાવ્યા. સમગ્ર રાજકોટ સત્સંગ પરિવાર વતી બ્રહ્મતીર્થદાસ સ્વામી અને અપૂર્વમુનિદાસ સ્વામીએ હાર પહેરાવીને સ્વામીશ્રીને સત્કાર્યા. સૌનો ભક્તિભાવ સ્વીકારતા સ્વામીશ્રી ફૂલોથી સુંદર રીતે સજાવેલા રથમાં બિરાજી મંદિર તરફ અગ્રસર થયા. સ્વાગત-યાત્રાના પ્રારંભમાં ૫૦ સાફાધારી બાઈકસવાર યુવકો બી.એ.પી.એસ.ની ધજા લહેરાવી રહ્યા હતા. ૨૫ ફોર્ચ્યુનર ગાડીઓ સુસજ્જ હતી. રાજદુર્ગના માર્ગો ઉપર અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીની રાજસવારીનાં દર્શન કરતાં ભક્તો-ભાવિકો કૃતાર્થ થયા હતા.

સ્વાગત-યાત્રા મંદિરે પહોંચતાં જ હર્ષ અને ઉમંગના નાદ-નિનાદ ગુંજી ઊઠ્યા. રંગબેરંગી પુષ્પોની વિવિધ રંગોળીઓ અને ધજા-પતાકાઓથી મંદિર પરિસર શોભી રહ્યું હતું. ઇષ્ટદેવ અને ગુરુદેવને સત્કારતા વિવિધ વેશભૂષામાં બાળકોએ પુષ્પવૃષ્ટિ કરી. સ્વાગત-કીર્તનોના તાલે યુવાનો થૈકાર કરી રહ્યા હતા. સ્વાગત બૅનરો લઈને યુવકોએ હરખાતાં હૈયે વધામણાં કર્યાં. સૌનો ભક્તિભાવ સ્વીકારતાં

સ્વામીશ્રીએ મંદિરમાં પધારી ઠાકોરજીનાં દર્શન કર્યાં. પૂજારી સંતો અધ્યાત્મજીવનદાસ સ્વામી અને અધ્યાત્મતિલકદાસ સ્વામીએ મોગરાના હાર પહેરાવી સ્વામીશ્રીને સત્કાર્યા.

ઠાકોરજીનાં દર્શન બાદ સ્વામીશ્રી ભક્તમેદનીથી ઊભરાઈ રહેલા 'પ્રમુખસ્વામી સભાગૃહ'માં પધાર્યા ત્યારે સ્વામીશ્રીનાં દર્શન થતાં જ સૌના હર્ષનાદથી સભામંડપ ગુંજી ઊઠ્યો. પોણા પાંચ વર્ષના અંતરાલ બાદ રાજકોટ પધારેલા સ્વામીશ્રીના સ્વાગતમાં સંતો-ભક્તોએ ખૂબ તપ-વ્રત કર્યાં હતાં. સ્વામીશ્રીએ તમામ તપસ્વીઓ પર કૃપાદૃષ્ટિ કરી. ત્યારબાદ તેઓએ સૌને 'જય સ્વામિનારાયણ' કરીને આશીર્વાદ અર્પ્યા.

### ■ સ્વાગત સભા

તા. ૧૬-૬-૨૦૨૪ના રોજ રાજકોટને આંગણે ત્રણ અવસરોની ત્રિવેણી રચાઈ હતી. આજે ભગવાન સ્વામિનારાયણનો અંતર્ધાન દિન, સ્વામીશ્રીનો આગમન દિન અને રવિસભા હતી. આ ત્રિવેણીનો લાભ લેવા માટે ખૂબ મોટી સંખ્યામાં હરિભક્તો ઊમટ્યા હતા. પ્રમુખસ્વામી સભાગૃહ અને યોગી સભાગૃહ હકડેઠઠ ભરાઈ ચૂક્યા હતા. અન્ય હરિભક્તોએ મંદિર પરિસરમાં સ્થાન લીધું હતું. અમીછાંટણાની વચ્ચે ગુરુહરિનાં દર્શનની ઝલક મેળવવા ધીરજ ધરીને બેઠેલા આ સૌને સ્વામીશ્રીએ દર્શન આપ્યા ત્યારે સૌનાં મન-મયૂર થનગની ઊઠ્યાં. સૌને સ્નેહભર્યા 'જય સ્વામિનારાયણ' પાઠવી સ્વામીશ્રી 'પ્રમુખસ્વામી સભાગૃહ'માં પધાર્યા ત્યારે સભાના કાર્યક્રમમાં 'મારે મંદિરિયે સ્વામીરૂપે મહારાજ પધાર્યા' સંવાદ ચાલી રહ્યો હતો.

અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને સૌ વતી વધાવતાં બ્રહ્મતીર્થદાસ સ્વામી અને અપૂર્વમુનિ સ્વામીએ તેઓનું પૂજન કર્યું. બાળ-યુવાવૃંદે *'કરીએ સ્વાગતમ્... કરીએ સ્વાગતમ્...'* કીર્તન પર આનંદભર્યું સ્વાગત-નૃત્ય કરીને ઇષ્ટદેવ-ગુરુદેવને સત્કાર્યા. નૃત્ય દરમ્યાન રાજકોટના અગ્રણી ભક્તોએ ઉપમંચ પર અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનાં ચરણોમાં ફળફળાદિ ધર્યાં.

૧૪ ફેબ્રુઆરીથી લઈને સ્વામીશ્રીના આગમન સુધી રાજકોટનાં બાઈ-ભાઈ ભક્તોએ વિવિધ તપ અને ભક્તિની સરવાણી વહાવી હતી. જેમાં, ૨૯,૬૩,૫૬૦ માળા; ૧૭,૩૫,૮૭૨ પ્રદક્ષિણા; ૧૮,૮૬,૮૬૧ દંડવત-પંચાંગ પ્રણામ; ૩૦૩૨ સજળ સાંકળ ઉપવાસ અને ૧૪૭૦ નિર્જળ સાંકળ ઉપવાસ વગેરે દ્વારા ભક્તિ કરી હતી. ઉપરાંત સંયમ, મુખપાઠ, ઘરસભા, મહિમા યજ્ઞ, સુહૃદભાવ યજ્ઞ, સંપર્ક યજ્ઞ વગેરે અનેકવિધ ભક્તિ-આયોજનો થયાં હતાં, જેમાં સેંકડો ભક્તો ઉત્સાહથી જોડાયા હતા. ભક્તોએ પોતાના ઘરે ભક્તિભાવથી બનાવેલા કલાત્મક હાર અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને અર્પણ કરીને ભાવઅર્ઘ્ય અર્પ્યું હતું.

સૌનો ભક્તિભાવ સ્વીકારી સ્વામીશ્રીએ અમૃતવર્ષા કરતાં જણાવ્યું: ''આજે શ્રીજીમહારાજની ધામગમન તિથિ છે. પણ આપણા માટે તો શ્રીજીમહારાજ સત્પુરુષ દ્વારા પ્રગટ છે છે ને છે જ. આપણા માટે ગયા નથી. ભગતજી મહારાજ ધામમાં પધાર્યા ત્યારે શાસ્ત્રીજી મહારાજે રાજકોટમાં જ રામજી ભટ્ટને કહ્યું કે 'સત્પુરુષ પૃથ્વી પરથી કદી જતા જ નથી' એ વરદાન કાયમ રહેશે. એટલે આપણા માટે તો મહારાજ ગયા જ નથી. મહારાજ પ્રગટ છે જ - સંત દ્વારા. આપણાં બહુ મોટાં ભાગ્ય છે કે આપણને એવા પ્રગટ સત્પુરુષ મળ્યા છે ને એમની ઓળખાણ પણ થઈ છે. હવે તો સ્વરૂપમાં દૃઢ જોડાણ કરવાનું છે. એ જ આપણી સાધના છે. અનંતજન્મથી આપણે તપ કરતા આવ્યા છીએ, કાંઈ વળ્યું નહીં. પણ ભગવાન સત્પુરુષ દ્વારા પ્રગટ મળ્યા ત્યારે મેળ પડ્યો. હવે તેઓને પકડી રાખવાના. 'પકડી રાખવાના' એટલે તેમનામાં જોડાવું. 'જોડાવું' એટલે એમની આજ્ઞાનું દૃઢપણે પાલન કરવું.''

આજે સવારે સ્વામીશ્રીના સાંનિધ્યમાં આમ્રોત્સવ ઊજવાયો હતો. ઠાકોરજીને ૧૦૮ પ્રકારની ૧૨૫૦ કિલો કેરીઓ ધરાવવામાં આવી હતી. આજની ઉત્સવ-સભામાં ઉપસ્થિત ૧૬,૦૦૦ ભક્તોને પ્રસાદની સાથે કેરીરસ જમાડ્યો હતો.

### ■ સંસ્કાર દિન

તા. ૧૭-૬-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીની નિશ્રામાં બી.એ.પી.એસ. બાળમંડળનાં બાળકોએ બાળ દિનને 'સંસ્કાર દિન' તરીકે ઊજવ્યો હતો. સ્વામીશ્રીની પ્રાતઃપૂજાથી જ સંસ્કાર દિનની શરૂઆત થઈ ચૂકી હતી. બાળકોએ સત્સંગદીક્ષાના ૧૦૮મા શ્લોકનો મુખપાઠ વિવિધ ભાષાઓમાં પ્રસ્તુત કરીને સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ ઝીલી હતી.

'સંસ્કાર એ જ સંપત્તિ' વિષય અંતર્ગત બાળકોએ સાયંસભામાં 'સંસ્કાર દિન' ઊજવ્યો હતો. બાળકોએ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવની સ્મૃતિઓ જીવંત કરાવતાં સેરુ, બુઝો અને સુવર્ણાનાં નૃત્યગીતો

પર ઉમંગે ઝૂમતા અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનું સ્વાગત કર્યું હતું.

સ્વામીશ્રી પધારતાં પૂર્વે 'સંસ્કાર સંજીવની બાળસભા' સંવાદ આરંભાઈ ચૂક્યો હતો.

સંવાદની સમાપ્તિ બાદ પ્રશ્નોત્તરીના માધ્યમથી સ્વામીશ્રીએ માર્ગદર્શન આપતાં કહ્યું: ''બાળસભામાં બાળકોને મોકલવા અને ઘરસભા કરવી. તેનાથી સહેજે સહેજે, બાળકને ખબરેય ન પડે ને સંસ્કાર રેડી દેવાય. બાળમંડળમાં જાઓ તો ઘણો બધો લાભ થશે. તાત્કાલિક નહીં દેખાય, પણ ભવિષ્યમાં ઘડતર થશે.

બાળકને પહેલાં પ્રેમ આપવો. પછી એને સમજ આપવી. હેત થાય તો માને. સમજાવીને કરે એ લાંબું ટકે.''

બાળદિનને નિહાળવા માટે વિવિધ સ્કૂલોના ટ્રસ્ટીશ્રીઓ પણ ખાસ ઉપસ્થિત હતા. તે સૌ પર સ્વામીશ્રીએ પાવન દૃષ્ટિ કરી.

## ■ યુવા દિન

તા. ૨૦-૬-૨૦૨૪ના રોજ યુવકોએ 'યુવા દિન'ને 'સંયમ દિન' તરીકે ઊજવ્યો હતો. સ્વામીશ્રીની પ્રાતઃ પૂજામાં આજના દિનને સંલગ્ન પ્રસ્તુતિઓ થઈ હતી.

સાયંકાળે યોજાયેલી યુવાદિનની સભામાં યુવકોએ પ્રેરણાત્મક કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા. સભાના મુખ્ય કાર્યક્રમરૂપે યુવકોએ 'સાવધાની એ જ સલામતી' સંવાદ રજૂ કર્યો હતો. બી.એ.પી.એસ. યુવા પ્રવૃત્તિ દ્વારા કેવા સંસ્કારી યુવાનો તૈયાર થાય છે તેના પ્રેરક પ્રસંગો રજૂ થયા. સભામાં ઉપસ્થિત આ યુવાનોને વિવેકસાગરદાસ સ્વામીએ હારતોરાથી વધાવ્યા. સ્વામીશ્રીએ યુવકો પર રાજીપાની અમીદૃષ્ટિ કરી. યુવાનોના સાચા મિત્ર સ્વામીશ્રીને યુવકોએ પ્રતીકાત્મક હૃદય અર્પ્યું. સ્વામીશ્રીએ બંને બાહુપાશમાં તેને લઈને પ્રેમે સ્વીકાર્યું.

અંતમાં યુવકોએ પ્રશ્નોત્તરીના માધ્યમથી સ્વામીશ્રીનું અમૂલ્ય માર્ગદર્શન મેળવ્યું. સૌ યુવાનોએ સ્વામીશ્રીએ કહેલાં વચનો પ્રમાણે વર્તવાની પ્રતિબદ્ધતા ધજા ફરકાવીને દર્શાવી. અંતે, યુવા-યુવતીઓએ ભક્તિભાવપૂર્વક બનાવેલા વિવિધ હાર સંતોએ સ્વામીશ્રીને અર્પણ કરીને સૌ વતી આશીર્વાદ લીધા હતા.

## ■ સિદ્ધાંત દિન

તા. ૨૧-૬-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં સાયંસભામાં ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાને દૃઢાવતો 'સિદ્ધાંત દિન' ઊજવાયો હતો. વિવેકસાગરદાસ સ્વામીના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ મુખ્ય કાર્યક્રમ તરીકે 'ઉપાસકનું ઉપવસ્ત્ર' સંવાદ રજૂ થયો. ઉપાસનાની દૃઢતા કરાવતા આ પ્રેરક સંવાદ બાદ સ્વામીશ્રીએ હરિભક્તોના ઘરમાં પ્રતિષ્ઠિત થનાર અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા કરી. પ્રતીકરૂપે સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજનાં બે યુગલ સ્વરૂપોની વેદોક્ત વિધિપૂર્વક પૂજન-પ્રતિષ્ઠા કર્યાં.

જીવનના અંતિમ શ્વાસ સુધી સૌના હૃદયમંદિરમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસના દૃઢ રહે એવા કૃપાશિષ વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''વેદ-ઉપનિષદ-પુરાણો અને વચનામૃતમાં પણ અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત છુપાયેલો હતો, પણ કોઈ તેને યથાર્થ જાણી કે સમજી શક્યા નહીં. આ તો શાસ્ત્રીજી મહારાજ જેવા સમર્થ પુરુષ પ્રગટ થયા અને તેમણે તમામ શાસ્ત્રોના સારરૂપે અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત આપણને કૃપા કરીને સમજાવ્યો. તે વખતે ન મળે નાણાં, ન મળે દાણા અને ન મળે પાણા; પણ તેવી પરિસ્થિતિમાં તેમણે અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતનાં પાંચ પાંચ ગગનચુંબી મંદિરો કરી દીધાં!

યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજે તો વિશ્વના ખૂણે ખૂણે અક્ષરપુરુષોત્તમ મહારાજનાં હજારો મંદિરો કરીને આ સિદ્ધાંતનો જયજયકાર કરી દીધો છે. અને એ કાર્ય આજે પણ ચાલુ જ છે.

આજે અમને ખૂબ આનંદ થાય છે કે રાજકોટના ૭૦૦થી અધિક હરિભક્તો પોતાના ઘરમંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ પધરાવવાના છે. 'આ મૂર્તિઓ સાચી છે' એમ માનીને દૃઢ ભક્તિ-સેવા કર્યા કરવી. ઘરમંદિરમાં મૂર્તિઓ પધરાવીને ઉપાસના કરવી. આ મૂર્તિઓ પાસે જ તમારી બધી સમસ્યાઓ મૂકીને સેવા-ભક્તિ-કાર્ય બધું કરવાનું ને ખરેખરા ઉપાસક થવાનું છે.''

બાળ-યુવાવૃંદે 'અક્ષરપુરુષોત્તમ, દયાળુ પ્રભુ અક્ષરપુરુષોત્તમ...' કીર્તન પર અસ્મિતાભર્યું નૃત્ય કર્યું. નૃત્ય દરમ્યાન સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજ જેવી પાઘ ધારણ કરીને ઘંટનાદ કર્યો. બી.એ.પી.એસ.ની ધજા લહેરાવી અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતનો જયજયકાર કર્યો.

નૃત્યાંજલિ બાદ સ્વામીશ્રીએ મંચ પર ગોઠવવામાં આવેલી મૂર્તિઓમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે અંજનશલાકા વડે પ્રાણપ્રતિષ્ઠા કરી!

'શાસ્ત્રીજી મહારાજનો સંગ ભાઈ મુને ભાગ્યે મળ્યો છે...' કીર્તનના તાલે ઉમંગથી તાળી વગાડતાં સ્વામીશ્રીએ




સભામંચ પરથી વિદાય લીધી હતી.

આજે 'વિશ્વ યોગદિન' હતો. વહેલી સવારે સ્વામીશ્રીએ વિવિધ આસન કરીને સૌને નિત્ય યોગ-પ્રાણાયામ દ્વારા તન-મનને તંદુરસ્ત રાખવા સંદેશ પાઠવ્યો.

## ■ શિક્ષણ દિન

તા. ૨૨-૬-૨૦૨૪ના રોજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, રાજકોટના છાત્રોએ 'શિક્ષણ દિન' ઊજવ્યો હતો. આ પ્રસંગે મંદિર પરિસરને વિવિધ શણગારોથી સજાવ્યું હતું. સ્વામીશ્રીએ ફુગ્ગાઓ ગગનગામી કરીને આજના દિનનો શુભારંભ કર્યો. સ્વામીશ્રીની પ્રાતઃ પૂજામાં છાત્રાલયના યુવકોએ કીર્તન પ્રસ્તુતિ કરી અને બાળકોએ મુખપાઠમાં સ્વામીશ્રીના બાળપણની પ્રસંગોચિત સ્મૃતિઓ કરાવી હતી.

'શિક્ષણ દિન' નિમિત્તે યોજાયેલી સભાનો લાભ પ્રાપ્ત કરવા માટે છાત્રો તેમજ ખૂબ મોટી સંખ્યામાં હરિભક્તો ઊમટ્યા હતા. ધૂન-પ્રાર્થનાગાનથી આરંભાયેલી સભામાં છાત્રોએ 'પથદર્શક - પરમાર્થના સારથિ' મધ્યવર્તી વિચાર સાથે વિવિધ કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા. છાત્રોએ 'બ્રહ્માસ્ત્ર' નામક સંવાદ રજૂ કર્યો હતો.

છાત્રોએ છાત્રાલયમાં રહેવાથી જે જે ફાયદા થયા હતા, ફળશ્રુતિઓ મળી હતી તે જણાવી સ્વામીશ્રીનો આભાર માન્યો. સત્સંગ શિક્ષણ પરીક્ષામાં અવ્વલ નંબરે આવનાર છાત્રાલયના વિદ્યાર્થીઓને અપાનાર મેડલ પ્રાસાદિક કર્યા. અભ્યાસમાં પણ ખૂબ સારું પરિણામ લાવનાર છાત્રો પર સ્વામીશ્રીએ કૃપાદૃષ્ટિ કરી. છાત્રોએ ભક્તિભાવથી રચેલાં હાર અને ચાદર રાજકોટ મંદિરમાં સેવા આપતા સંતોએ સ્વામીશ્રીને પહેરાવી આશિષ લીધા. છાત્રોએ 'મહંત સ્વામીનાં દર્શન કરતાં હૈયાં સહુ હરખાતાં...' નૂતન કીર્તન પર જોમભર્યું નૃત્ય કર્યું.

નૃત્યાંજલિ બાદ પ્રશ્નોત્તરીના માધ્યમથી સ્વામીશ્રીએ સૌને સત્સંગનો મહિમા દૃઢાવ્યો અને વિશેષમાં કહ્યું: ''આપણે બી.એ.પી.એસ.ના સત્સંગી છીએ, તો આપણે સત્સંગની ગરિમા રહે એવું કરવું. ચારિત્ર્યની બોલબાલા આખી દુનિયામાં છે. તેવા યુવકથી બધાને બળ મળે, પ્રેરણા મળે. શ્રીજીમહારાજે આપેલા નિયમમાં રહેવું. એમાં ખાસ તો સ્ત્રી-પુરુષ મર્યાદા. એ દૃઢ રાખીએ તો કોઈ જગ્યાએ વાંધો આવશે જ નહીં. અને ઇલેક્ટ્રોનિક સાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો. એ વાપરવામાં મર્યાદા રાખવી. તમે સંયમી હો તો બધું પાર પાડશો. આ બધી ટ્રેનિંગ જીવનમાં કામમાં આવશે. જીવન ઉન્નત બનશે અને ગૌરવપૂર્વક તમે બધું કરી શકશો.'' પ્રેરકવચનો બાદ સ્વામીશ્રીએ છાત્રાલયમાં વ્યવસ્થાપન અને સંચાલનમાં સેવા આપતા તમામ ભક્તો પર આશીર્દૃષ્ટિ કરી હતી.

## ■ સમર્પણ દિન

તા. ૨૩-૬-૨૦૨૪ના રોજ હરિભક્તોની સેવા-સમર્પણ ભક્તિને બિરદાવતો 'સમર્પણ દિન' ઊજવાયો હતો.

સભાના મુખ્ય કાર્યક્રમરૂપે 'સ્વામી સંકલ્પ સાકાર કરી દઈએ' સંવાદ રજૂ

થયો હતો. બી.એ.પી.એસ. સંસ્થામાં કેવાં કેવાં અદ્‌ભુત સમર્પણો થયાં છે, ભક્તો સત્પુરુષનાં વચને તન-મન-ધનથી કેવો ભોગ આપી રહ્યા છે, તેની પ્રેરક પ્રસ્તુતિ થઈ હતી.

અંતમાં સ્વામીશ્રીએ પોતાનો સંકલ્પ જણાવ્યો, ''અહીં એક સુંદર મજાની સ્કૂલ થાય, જેમાં બધા સંસ્કાર અપાય, જેથી વિદ્યાર્થીઓની વૃત્તિ એકાગ્ર થાય અને તે ખૂબ સારી રીતે ભણે-ગણે અને સંસ્કાર પ્રાપ્ત કરે એ રીતે આપણે કાર્ય કરવું.'' સૌએ ખૂબ ઉમંગભર્યા તાળીનાદથી સ્વામીશ્રીના આ સંકલ્પને વધાવ્યો.

નૂતન રચાનાર શૈક્ષણિક સંકુલની વીડિયોના માધ્યમથી વિશેષતાઓ દર્શાવાઈ. ભક્તોએ ધજા લહેરાવતાં તથા બૅનરો દર્શાવતાં કટિબદ્ધતા દર્શાવી કે સ્વામીશ્રીનો આ સંકલ્પ અમે સૌ સાથે મળીને સાકાર કરીશું. યુવાવૃંદે 'સ્વામી સંકલ્પ સાકાર કરી દઈએ...' કીર્તનનું ગાન કર્યું હતું.

આ શુભ પ્રસંગે અક્ષરપુરુષોત્તમ મહારાજની કૃપાદૃષ્ટિમાં સ્વામીશ્રીએ શૈક્ષણિક સંકુલની ભૂમિનું પૂજન કર્યું. અને 'સારામાં સારું સંકુલ થશે અને સર્વોપરિ ડંકો વાગશે' એવા આશિષ અર્પ્યા. સ્વામીશ્રીના આવા ઉમંગ-ઉત્સાહનાં દર્શન કરતાં સૌ સંતો-ભક્તોનો ઉત્સાહ બેવડાઈ ગયો હતો.

અંતે સૌમાં પ્રેરણાબળ સિંચતાં સ્વામીશ્રીએ જણાવ્યુંઃ ''મહારાજ-સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજનાં વિચરણ અને કૃપાથી જ રાજકોટ સત્સંગનો ખૂબ વિકાસ થયો છે અને હજુ વિકાસ થતો રહેશે, અટકશે નહીં. રાજકોટનાં હજારો દીકરા અને દીકરીઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે અહીં એક શૈક્ષણિક સંકુલનો સંકલ્પ કર્યો છે : ભવ્ય, મોટી, દિવ્ય સ્કૂલ થાય. સર્વત્ર અક્ષરધામ! જ્યાં જુએ ત્યાં અક્ષરધામ અક્ષરધામ! સ્કૂલમાંય અક્ષરધામ! એટલે ત્યાં એવા સંસ્કાર આપવામાં આવશે કે જેણે કરીને એ વિદ્યાર્થી પોતાનું જીવનઘડતર સારી રીતે કરી શકે. અને બીજા કેટલાયને પ્રેરણા આપીને સત્સંગ કરવાના માર્ગે લઈ જઈ શકે.

આ સંકુલના ભૂમિસંપાદન અને સંકુલ નિર્માણનો પ્રોજેક્ટ ખૂબ મોટો છે, પણ આપ બધાને ઉત્સાહ અને મહિમા છે તો ખૂબ સરળતાથી વિદ્યામંદિરનું નિર્માણ જોતજોતાંમાં થઈ જશે. આ વિદ્યામંદિરના નિર્માણથી બાળકો સંસ્કારયુક્ત શિક્ષણ પ્રાપ્ત કરશે. જે સંસ્કાર જીવનભર રહેશે. અને આપણા સત્સંગનાં મૂલ્યો આત્મસાત્ કરશે. આ સ્કૂલ સંસ્કારની ગંગોત્રી વહેવડાવશે.''

આજે કચ્છથી ૪૦૦ હરિભક્તો ખાસ સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદ માટે આવ્યા હતા. સ્વામીશ્રીની પ્રાતઃ પૂજામાં તેમણે વિવિધ પ્રસ્તુતિઓ કરી હતી. પૂજાના અંતે પ્રશ્નોત્તરી દ્વારા તેમજ સ્વામીશ્રીનું માર્ગદર્શન મેળવ્યું હતું. સ્વામીશ્રીએ તમામ કચ્છી ભક્તો પર આશીર્દૃષ્ટિ કરી હતી.

## ■ સુહૃદભાવ દિન

તા. ૨૫-૬-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીના અંતરની ભાવનાને ઉજાગર કરતો 'સુહૃદભાવ દિન' ઊજવાયો હતો. ધૂન-પ્રાર્થનાથી આરંભાયેલી સભામાં પધારેલા સ્વામીશ્રીનું સૌએ ઉષ્માભર્યું અભિવાદન કર્યું હતું. સભામાં આજના દિનને અનુરૂપ 'અમારો સંપીલો પરિવાર' સંવાદ રજૂ થયો હતો. વર્તમાન સમયમાં તૂટતા અસંખ્ય પરિવારોને જોડતી પ્રેરક પ્રસ્તુતિ સંવાદ દ્વારા થઈ હતી.


રાજકોટના સત્સંગી પરિવારોમાં ઘરસભા કરવાથી થયેલા ફાયદાની પ્રસંગોચિત વાત અપૂર્વમુનિદાસ સ્વામીએ કરી. બાદ પારિવારિક એકતામાં અભિવૃદ્ધિ થાય, પરસ્પર પ્રેમ અને આદર વધે તે માટે પરિવારના સભ્યોના જ ગુણો લખવા માટેની તથા સત્સંગીઓના, સંતોના ગુણો નોંધી શકાય તે માટેની 'ગુણપોથી'નું સ્વામીશ્રીએ ઉદ્‌ઘાટન કર્યું. સંપના રાજમાર્ગ પર આગળ વધવાની પ્રતિબદ્ધતા સાથે સૌ *'સંપીલો પરિવાર અમારો જંપીલો પરિવાર...'* કીર્તન પર ઝૂમી ઊઠ્યાં.

અંતમાં પારિવારિક પ્રશ્નોનો રામબાણ ઇલાજ આપતાં સ્વામીશ્રીએ કહ્યુંઃ ''Who is right? (કોણ સાચું છે?) નહીં, What is right? (શું સાચું છે?) પર જઈએ તો ઘણા બધા પ્રશ્નો હલ થઈ જાય. Who is right?ની જ મારામારી છે. તેને બાજુમાં મૂકી દેવાનું ને What is right? પર જવાનું. મહારાજ અને સ્વામી એ રાઈટ છે. Who is right? બધી તકરાર કરે.

પ્રમુખસ્વામી મહારાજે ઘરસભારૂપી સંજીવની આપી છે. સંજીવની એટલે એ પ્રમાણે તમે વર્તો તો તમે અમર થઈ જશો.''

## ■ સંપર્ક દિન

તા. ૨૭-૬-૨૦૨૪ના રોજ 'સંપર્ક દિન' ઊજવાયો હતો. ધૂન-પ્રાર્થનાથી આરંભાયેલી સભામાં પધારેલા સ્વામીશ્રીનું સૌએ હર્ષભેર સ્વાગત કર્યું હતું. બાદ યુવકોએ 'અક્ષરપુરુષોત્તમના રંગે રાજકોટને રંગી દઈએ' સંવાદ રજૂ કર્યો. સંવાદ અંતર્ગત જે જે ભક્તોએ ખૂબ સારો સંપર્ક કર્યો હતો તેમના પ્રેરક



પ્રસંગો વિવિધ માધ્યમોથી રજૂ થયા હતા. સ્વામીશ્રીએ આ હરિભક્ત-કાર્યકર પર રાજીપાભરી દૃષ્ટિ કરી હતી.

સંવાદની સમાપ્તિ બાદ સ્વામીશ્રીએ ૧૧૦૦ જેટલા મુમુક્ષુઓને વર્તમાન ધરાવી, સાધનામંત્ર, દીક્ષામંત્ર આપી અક્ષરપુરુષોત્તમ મહારાજના આશ્રિત કર્યા હતા. વર્તમાન બાદ સ્વામીશ્રી દ્વારા પ્રાસાદિક થયેલી કંઠીઓ મુમુક્ષુઓએ ધારણ કરી. કંઠી ધારણ કરનાર તમામ મુમુક્ષુઓ તને-મને-ધને સુખી થાય અને તેમના તમામ પ્રશ્નો હલ થાય તેવી પ્રાર્થનાને સ્વીકારતાં સ્વામીશ્રીએ બંને હાથે આશીર્મુદ્રા કરીને આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ સ્વામીશ્રીએ પ્રત્યેક હરિભક્તને એક વર્ષમાં પાંચ નવા સત્સંગી બનાવવા આજ્ઞા કરી.

અંતમાં સૌને સત્સંગ પ્રચાર-પ્રસારની પ્રેરણા આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''રાજકોટને સત્સંગથી રંગવા માટે સત્પુરુષોએ ખૂબ દાખડો કર્યો છે. યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ શેરીએ શેરીએ અને ગલીએ ગલીએ ફર્યા છે ને સત્સંગની વાત કરી છે. બહુ દાખડો કર્યો છે, ખરેખર! તો તેઓની સામું જોઈને આપણે બધા પણ રાજકોટને સત્સંગના રંગથી રંગવા માટે મંડી પડીએ. આ એક-બેનું કામ નથી, તમે બધા પાંચ-પાંચ સત્સંગી બનાવો તો પાંચ ગણો સત્સંગ થઈ જાય!! તમારા યોગમાં આવે તે બધાને વાત કરવી. એવી રીતે સત્સંગ વધશે અને વધવાનો જ છે.'' સ્વામીશ્રીનાં પ્રેરણાવચનો સૌએ શિરોધાર્ય કર્યાં.

આજે સવારે સ્વામીશ્રીએ ધ્રાંગધ્રા, મોડાસા અને ખેડબ્રહ્મા મંદિરમાં પધરાવવામાં આવનાર અક્ષરપુરુષોત્તમ મહારાજની ચલપ્રતિમાઓની વેદોક્ત વિધિપૂર્વક પૂજન-પ્રતિષ્ઠા કરી હતી. ખેડબ્રહ્માના સ્ટેશન વિસ્તારમાં રચાનાર નૂતન બી.એ.પી.એસ. સંસ્કારધામની ઈષ્ટિકાઓ અને યંત્રોનું વેદોક્ત પૂજન કર્યું. આ પ્રસંગે આવેલા હરિભક્તોને સ્વામીશ્રીએ દૃષ્ટિ-આશિષ અર્પ્યા હતા.

## ■ વિવિધ દિનની ઉજવણી

તા. ૨૮-૬-૨૦૨૪ના રોજ, 'કાર્યકર સુવર્ણ મહોત્સવ' અંતર્ગત રાજકોટના કાર્યકરોનું અભિવાદન કરતો 'સત્કાર દિન' ઊજવાયો હતો. સત્કાર-સભામાં ખૂબ મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા. સ્વામીશ્રીએ કાર્યકરોને આપવામાં આવનાર સ્મૃતિભેટો પ્રસાદીભૂત કરી હતી. આ સ્મૃતિભેટો વિવેકસાગરદાસ સ્વામીએ કાર્યકરને અર્પીને સ્વામીશ્રી વતી તેમને સત્કાર્યા હતા.

- તા. ૨૯-૬-૨૦૨૪ના રોજ 'સંસ્કૃતિ દિન' ઊજવાયો હતો. આજે મોરબીથી સેંકડો હરિભક્તો દર્શનાર્થે આવ્યા હતા. સ્વામીશ્રીએ સૌ ભક્તો તરફ બે હાથે આશીર્મુદ્રા કરી ને પછી પ્રેમથી બોલ્યા: ''મોરબીના હરિભક્તોને જય શ્રી સ્વામિનારાયણ!''

- તા. ૩૦-૬-૨૦૨૪ના રોજ 'કાર્યકર સુવર્ણ મહોત્સવ' અંતર્ગત

‘સેવા દિન’ ઊજવાયો હતો. વહેલી સવારથી જ કાર્યકરોનો દબદબો છવાયો હતો.

આજના દિનની ઉજવણી કરતાં સ્વામીશ્રી કાર્યકરોના ઘરે ઘરે પધરામણી કરતાં હોય એ પ્રકારનું દૃશ્ય રચાયું હતું. કાર્યકરોના ઘરના પ્રતીકરૂપે બનાવાયેલા ‘કેશવકુંજ’માં સ્વામીશ્રીએ ઠાકોરજી સાથે પધરામણી કરી હતી. મંદિરચોકમાં ગણવેશમાં સજ્જ ૨૫૦૦ કાર્યકરોએ સ્વામીશ્રી સંગે ‘કાર્યકર સુવર્ણ મહોત્સવ’ના લખાણ-અંકિત રંગબેરંગી ફુગ્ગાઓ ગગનગામી કર્યા અને બી.એ.પી.એસ.ની ધજાઓ લહેરાવી. સ્વામીશ્રીએ ‘કાર્યકર સુવર્ણ મહોત્સવની જય!’ ઝિલાવી મહોત્સવનો ઉદ્‌ઘોષ કર્યો હતો.

અટલાદરામાં ચાલી રહેલા ‘પ્રમુખ ઍકેડેમી’ દ્વારા ‘પ્રમુખ સંકલ્પ પ્રોગ્રામ’ શરૂ થઈ રહ્યો હતો. તેજસ્વી વિદ્યાર્થીઓ UPSC અને GPSCની તૈયારી કરી શકે તે માટેનો આ ઓનલાઇન કોર્સ છે. સ્વામીશ્રીએ આઈપેડ પર કોર્સનું ઉદ્‌ઘાટન કર્યું હતું. અને જણાવ્યું કે, ‘જો આ પ્રોગ્રામ બરાબર કરશો તો જીવનમાં દેશના ઉપયોગમાં આવશો. તમે ખરેખર એવા તૈયાર થશો કે તમારું જીવન જ બદલાઈ જશે.’

સાયંકાળે ધૂન-પ્રાર્થનાગાનથી આરંભાયેલી ‘સેવા દિન’ની સભામાં પધારેલા સ્વામીશ્રીનું કાર્યકરોએ અને હરિભક્તોએ ભાવભર્યું સ્વાગત કર્યું. ત્યારબાદ કાર્યકરોની વર્તમાન પરિસ્થિતિ દર્શાવતી એક સ્કિટ રજૂ થઈ. સ્કિટના આધારે સ્વામીશ્રી સાથે કાર્યકરોએ પ્રશ્નોત્તરી કરીને સુંદર સમાધાન મેળવ્યું હતું. તેમાં સ્વામીશ્રીએ પ્રાપ્તિનો વિચાર દૃઢાવતાં કહ્યું: ‘‘પ્રાપ્તિનો વિચાર કરીએ તો માન અને બીજા બધા દોષો પણ ઠેકાણે પડે. પ્રાપ્તિ એટલી મોટી થઈ છે, હિમાલય જેટલી અને આપણા બધા પ્રશ્નો ઢેફાં જેવા. તો પ્રાપ્તિના વિચાર કર્યે રાખવા.’’

આજની સભામાં રાજકોટ સત્સંગમાં કાર્યરત ૨૫૦૦થી વધુ કાર્યકરોએ સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ ઝીલી. તમામ કાર્યકરો માટે તૈયાર કરવામાં આવેલી એક વિશિષ્ટ ડાયરીને સ્વામીશ્રીએ ઉદ્‌ઘાટિત કરી. રાજકોટની તમામ પાંખોના બધા જ કાર્યકરોનાં નામ લખેલી સુંદર ચાદર તથા કલાત્મક હારતોરા અર્પણ કરીને સંતોએ સ્વામીશ્રીના આશીર્વાદ લીધા હતા.

સભાના ચરમસીમારૂપ ‘કાર્યકરોને સુવર્ણ વર્ષે, મહંતજીનું આહ્‌વાન છે...’ અપૂર્વમુનિદાસ સ્વામી રચિત આ કીર્તનના તાલે ભક્તિનૃત્ય પ્રસ્તુત થયું, જેણે સૌને જોમથી ભરી દીધા.

સભાના અંતે મહાઆરતી થઈ. સ્વામીશ્રી, સંતો અને કાર્યકરોએ અક્ષરપુરુષોત્તમ મહારાજને ભવ્ય આરતી-અર્ઘ્ય અર્પ્યું.

● તા. ૧-૭-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીએ રાજકોટ વિસ્તારના પ્રમુખરાજ અને ચંદનપાર્ક ખાતેના સંસ્કારધામમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વેદોક્ત પૂજન-પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. તા. ૬ જુલાઈના રોજ સ્વામીશ્રીએ ભાવનગર બી.એ.પી.એસ. મંદિરના અભિષેક મંડપમ્‌ની નવીનીકરણ પામેલી નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિનો વેદોક્ત મંત્રોચ્ચાર સાથે પૂજન-પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. તા. ૮ જુલાઈના રોજ સ્વામીશ્રીએ નિકાવા (રાજકોટ ગ્રામ્ય) ખાતે રચાનાર બી.એ.પી.એસ. મંદિરની ઇષ્ટિકાઓનું વેદોક્ત પૂજન કર્યું હતું.

● તા. ૩ જુલાઈના રોજ સ્વામીશ્રીનો દ્વિતીય પાર્ષદી દીક્ષાદિન હતો. સ્વામીશ્રીએ પ્રશ્નોત્તરીના માધ્યમથી દીક્ષાની સ્મૃતિઓ કરી હતી.

## ■ રથયાત્રા ઉત્સવ

સનાતન હિન્દુ સંસ્કૃતિમાં ભક્તિભાવપૂર્વક ઊજવાતા ઉત્સવો પૈકીનો એક અનોખો ઉત્સવ એટલે રથયાત્રા ઉત્સવ. અષાઢી બીજના શુભ દિને યોજાતી રથયાત્રાનો માહોલ કંઈક અનેરો હોય છે. આ વર્ષે ભગવાન જગન્નાથજીની રથયાત્રાના પાવન અવસરે દેશભરમાં નાની-મોટી અસંખ્ય રથયાત્રાઓ યોજાઈ હતી. ભક્તો ભેદભાવ ભૂલીને આ રથયાત્રામાં જોડાયા હતા. વિશ્વનાં સેંકડો બી.એ.પી.એસ. મંદિરોમાં રથયાત્રા ઉત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવે છે.

આ વર્ષે તા. ૭-૭-૨૦૨૪, અષાઢી બીજના શુભ દિને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં રાજકોટ ખાતે રથયાત્રા ઉત્સવ અને ‘રાજકોટ મંદિર રજતજયંતી મહોત્સવ’ની પૂર્ણાહુતિનો અવસર યોજાયો હતો. વહેલી સવારે મંગળા આરતીના સમયથી દર્શને ઊમટેલી ભક્તમેદનીથી સમગ્ર મંદિર પરિસર છલકાતું હતું.

આજના ઉત્સવે વિવિધ સુશોભનોથી સજાવેલા મંદિરમાં ઠાકોરજી સમક્ષ અન્નકૂટ રચવામાં આવ્યો હતો. પ્રસન્નતાપૂર્વક ઠાકોરજીનાં દર્શન કરીને સ્વામીશ્રી પ્રાત:પૂજા માટે મંચ પર પધાર્યા ત્યારે આજના ઉત્સવને અનુરૂપ મંચ શોભી રહ્યો હતો. અક્ષરપુરુષોત્તમ મહારાજ સુંદર રથમાં વિરાજમાન થઈને દર્શનદાન આપી રહ્યા હતા. સંતો-



યુવકોએ પ્રાસંગિક કીર્તનોનું ગાન કરીને ઉત્સવને વધાવ્યો.

પૂજાની સમાપ્તિ બાદ સ્વામીશ્રીએ આશિષ અર્પ્યાઃ ''આજે રથયાત્રાનો પવિત્ર દિવસ છે. આપણું આખું જીવન રથયાત્રા જ છે. આ જીવનરૂપી રથને કઈ દિશામાં લઈ જવો એ આપણા હાથમાં છે. આપણાં બહુ મોટાં ભાગ્ય છે કે સત્પુરુષ દ્વારા આપણને પ્રગટ ભગવાનની પ્રાપ્તિ થઈ છે - શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ દ્વારા... તેઓ આપણા રથના સારથિ બન્યા છે એટલે આપણાં બહુ મોટાં ભાગ્ય છે. આ જીવનરૂપી યાત્રામાં ગમે તેવાં સુખ-દુઃખ આવે પણ ભગવાન અને સત્પુરુષને ક્યારેય છોડવા નહીં. સત્પુરુષ જ આપણો રથ ભગવાન સુધી, અક્ષરધામ સુધી પહોંચાડશે.''

આશીર્વાદની સમાપ્તિ બાદ સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ભગવાન શ્રીકૃષ્ણ-સુભદ્રાજી-બલરામજીની પ્રતિમાઓનું પૂજન કર્યું. બાદ સ્વામીશ્રીએ રિમોટ કંટ્રોલ વડે યંત્રસંચાલિત રથમાં વિરાજમાન અક્ષર-પુરુષોત્તમ મહારાજને મંચ પર વિહાર કરાવ્યો.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના ચોકને રાજકોટ નગર-પાલિકાએ 'બી.એ.પી.એસ. સ્વામિ-નારાયણ મંદિર ચોક' નામ આપ્યું હતું. સ્વામીશ્રીએ નામાભિધાન તકતીનું અનાવરણ કર્યું હતું.

સાયંસમયે મંદિરના પ્રાંગણમાં રથયાત્રા અને 'રાજકોટ મંદિર રજતજયંતી મહોત્સવ' પૂર્ણાહુતિ નિમિત્તેની ઉત્સવ-સભા યોજાઈ હતી. આ ઉત્સવનો લાભ લેવા ઊમટેલા હજારો હરિભક્તોથી મંદિર પરિસર છલકાતું હતું. સ્વામીશ્રી ઉત્સવમાં પધાર્યા ત્યારે સૌએ બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવી ગુરુહરિનું અભિવાદન કર્યું હતું. સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજનું અને ભગવાન શ્રીકૃષ્ણ-સુભદ્રાજી-બલરામજીનું પૂજન કરીને આજના ઉત્સવનો પ્રારંભ કર્યો. ગગનભેદી જયનાદો સાથે રથયાત્રાએ પ્રસ્થાન કર્યું. સૌપ્રથમ પાલખીમાં ભગવાન શ્રીકૃષ્ણ-સુભદ્રાજી-બલરામજી વિરાજમાન હતાં. ત્યારપછી કલાત્મક રથમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ સાથે સ્વામીશ્રી બિરાજ્યા હતા. સંતોએ પાલખી ઊંચકી અને અન્ય સંતોએ સ્વામીશ્રીના રથનું વહન કરાવ્યું. મંદિરની ફરતે બિછાવેલી લાલ જાજમ પર વિહાર કરી રહેલી રથયાત્રાની આગળ બી.એ.પી.એસ.ના ધ્વજધારી યુવકો અને પાછળ સંતો હાથમાં કરતાલ લઈને કીર્તનોની રમઝટ બોલાવી રહ્યા હતા. પુષ્પપાંદડીઓ



અને રંગબેરંગી પતાકાઓની વર્ષા થઈ રહી હતી. માર્ગની બંને તરફ બેઠેલા ભક્તો જયઘોષ કરી રહ્યા હતા. સ્વામીશ્રી સહિત તમામ સંતોએ સુંદર પુષ્પહાર ધારણ કર્યા હતા. પ્રાસંગિક કીર્તનોના તાલે રથયાત્રાએ મંદિરની ફરતે પ્રદક્ષિણાઓ કરી. મંદિર પરિસરમાં ઊમટેલા હજારો હરિભક્તો ઉપરાંત મંદિરની સામેના જાહેર માર્ગ પરથી પસાર થતા ભાવિકોને રથયાત્રા દર્શનનો લાભ મળ્યો. સ્વામીશ્રી સૌના હૃદયમાં ભગવાનનો વિહાર કરાવતા હોય એવો આનંદ સર્વત્ર અનુભવાઈ રહ્યો હતો.

સ્વામીશ્રીએ પ્રાસંગિક આશીર્વચન અર્પ્યા: ''આજે રથયાત્રાનો મંગલ દિવસ છે. મહારાજ-સ્વામીને પ્રાર્થના કરીએ કે સૌનાં જીવનમાં સત્સંગ દૃઢ થાય અને બધા તને-મને-ધને સુખી થાય. આપણું જીવન પણ એક રથયાત્રા છે. આ જીવનરૂપી રથયાત્રામાં સુખ-દુ:ખ, માન-અપમાન બધું જ આવવાનું છે. પણ સત્સંગની સમજણને લીધે આપણે એ દુ:ખને ટાળી શકીએ છીએ. બધા સંજોગોમાં સત્સંગ આપણને સ્થિર રાખે છે. આ સહજાનંદી સત્સંગ મળ્યો છે એ બહુ મોટી વાત છે. આવો ભવ્ય-દિવ્ય સત્સંગ મળ્યો છે, એમાં આપણે અંતર્દૃષ્ટિ કરીને પોતાના સામે જ જોઈએ. અંતર્દૃષ્ટિ એટલે પોતાને જાણપણું હોવું જોઈએ કે આપણે ક્યાં છીએ? કોણ છીએ? આ અંતર્દૃષ્ટિ રાખીને સત્સંગ કરીએ તો ઠેઠ શ્રીજીમહારાજનાં ચરણમાં પહોંચી જવાય. આમ કરતાં કરતાં આપણે આપણા જીવનરથને નિર્વાસનિક કરીને છેક અક્ષરધામ સુધી પહોંચાડીએ.''

બાળ-યુવાવૃંદે ભક્તિનૃત્ય કરીને આજના ઉત્સવને વધાવ્યો ત્યારે સ્વામીશ્રીએ બી.એ.પી.એસ.નો ધ્વજ લહેરાવી 'રાજકોટ મંદિર રજત જયંતી મહોત્સવ'નો જયઘોષ કરીને ઉત્સવની પૂર્ણાહુતિ કરી હતી.

અંતમાં સ્વામીશ્રી સંગે હજારો હરિભક્તોએ સમૂહ આરતી વડે ઠાકોરજીને આરતી-અર્ઘ્ય અર્પ્યું હતું. આરતીના સમાંતરપણે થયેલી આતશબાજીથી ગગન રંગબેરંગી તરંગોથી ભરાઈ ગયું હતું. આજના પવિત્ર દિને રથયાત્રા ઉત્સવ અને રાજકોટ મંદિર રજતજયંતી ઉત્સવનો એક અવિસ્મરણીય માહોલ અને તેમાં સ્વામીશ્રીની દિવ્ય ઉપસ્થિતિ સૌના હૈયે સદાયને માટે અંકિત થઈ ગયાં હતાં.

## ■ સત્પુરુષ દિન

તા. ૮-૭-૨૦૨૪ના રોજ 'સત્પુરુષ દિન' ઊજવાયો હતો.



સ્વામીશ્રીના રાજકોટ ખાતેના રોકાણ દરમ્યાનની અંતિમ સભાનો લાભ લેવા માટે ખૂબ જ મોટી સંખ્યામાં હરિભક્તો ઊમટ્યા હતા. સભા કાર્યક્રમમાં બાળકોએ એક સંવાદ રજૂ કર્યો, તેમાં સ્વામીશ્રીને રાજકોટમાં રોકાઈ જવા બાળકોએ પ્રેમાગ્રહ કર્યો.

સ્વામીશ્રીએ આ વખતના રોકાણ દરમ્યાન પાંચ ઉપાયો દર્શાવ્યા કે તેઓ સ્વયં અહીં રોકાયેલા જ છે, તેની અનુભૂતિ થાય.

સ્વામીશ્રીએ આપેલું પંચામૃત હતુંઃ (૧) બધાએ સાથે હળીમળીને રહેવું. બધાના ગુણ ગ્રહણ કરવાઃ આમાં ગુણપોથીમાં ગુણ લખી ગુણ ગ્રહણ કરવાની અને અભાવ-અવગુણનો ત્યાગ કરવાની પ્રેરણા અપાઈ. (૨) સમર્પણઃ આમાં સ્વામીશ્રીનો અહીં વિદ્યાસંકુલનો સંકલ્પ ઘૂંટાવાયો. (૩) સંપર્ક અને સત્સંગ પ્રચાર-પ્રસારઃ આમાં સત્સંગના પ્રચાર-પ્રસારની ઉમંગથી સેવા કરવાનો સંદેશ અપાયો. (૪) પ્રાપ્તિનો વિચારઃ નિત્ય પ્રાપ્તિનો વિચાર કરવાની પ્રેરણા અપાઈ. (૫) છેલ્લો ઉપાય હતો – 'આહ્નિક.' કથાવાર્તા-આરતી-ચેષ્ટા-માનસી... ભગવાનની પાસે પહોંચવાનો અને તેઓના સામીપ્યનો અનુભવ કરવાનું આ ઉત્તમોત્તમ સાધન છે.

ઉપરોક્ત પંચામૃતને હૃદયસ્થ કરવાથી સ્વામીશ્રી હમેશાં આપણા સૌની સાથે રહેશે તેવી બાંયધરી આપતાં સ્વામીશ્રીએ 'I will always be with you' લખેલું બોર્ડ દર્શાવ્યું. સૌએ સ્વામીશ્રીનું આ વરદાન તાળીઓના ગડગડાટથી વધાવ્યું.

અંતે, પ્રશ્નોત્તરી દ્વારા સ્વામીશ્રીનું માર્ગદર્શન મેળવ્યું. પ્રશ્નોત્તરી બાદ તમામ સંતો-ભક્તો વતી વિવિધ પ્રાર્થનાઓ કરી. સ્વામીશ્રીએ પ્રાર્થનાઓ પ્રેમે સ્વીકારી, બે હાથે આશીર્મુદ્રા કરીને સૌ ઉપર ખૂબ ખૂબ આશિષ વરસાવ્યા.

સભાના અંતે સ્વામીશ્રી સંગે સહુએ અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતી ઉતારી. આરતી બાદ યુવાવૃંદે સ્વામીશ્રીની આ અલૌકિક પ્રાપ્તિનો ઉમંગ નૃત્ય દ્વારા અભિવ્યક્ત કર્યો. જે દરમ્યાન સંતોએ કલાત્મક હારતોરાથી સ્વામીશ્રીને વિદાયમાન આપ્યું.

આમ, રાજકોટ ખાતે હજારો હરિભક્તો-ભાવિકોને સત્સંગ-ભક્તિનું અનહદ સુખ આપીને સ્વામીશ્રી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના પ્રાકટ્યધામ ભાદરા પધાર્યા હતા.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆

# કલમસર, ખેડબ્રહ્મા અને ગુરુગ્રામમાં રચાયેલાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં યોજાયા પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવો





ખેડબ્રહ્મા અને કલમસરમાં મૂર્તિસ્થાપન વિધિ કરતા વરિષ્ઠ સંતો...

## કલમસર ખાતે ઊજવાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી તાજેતરમાં ખંભાત તાલુકામાં વધુ એક બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર પ્રતિષ્ઠિત થઈ ગયું.

કલમસર ગામમાં ૪૮ વર્ષ પૂર્વે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પધાર્યા હતા. ગુરુહરિના આશીર્વાદ આ ગામમાં વરસ્યા ને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં બીજ વવાયાં અને તે ઝડપથી અંકુરિત થતાં સત્સંગ અને સત્પુરુષનો મહિમા દૃઢ થયો. બોચાસણ મંદિરથી વિચરણ કરતા સંતોએ અને અવારનવાર વરિષ્ઠ સંતોએ કલમસરમાં પધારીને સત્સંગના કાર્યને ખૂબ બળ-પ્રેરણા આપીને વેગ આપ્યો. અગ્રણી હરિભક્તોએ મંદિર-નિર્માણનું કાર્ય આદર્યું. તે અન્વયે સન ૨૦૦૧ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના હસ્તે ઈષ્ટિકા પૂજન થયું, પરંતુ અમુક કારણોસર ભૂમિ સંપાદન કાર્યમાં વિલંબ થયો. પુનઃ તા. ૧૨-૧૧-૨૦૨૧ના રોજ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા ઈષ્ટિકા પૂજન થયું. આમ બંને ગુરુવર્યોના હસ્તે પૂજિત ઈષ્ટિકાઓ દ્વારા સંતો-હરિભક્તોએ મહિમાપૂર્વક મંદિરનો શિલાન્યાસ વિધિ કર્યો.

નિષ્ઠાવાન હરિભક્તોની જાત-મહેનતથી અને અન્ય ગ્રામજનોના સમર્પણયુક્ત સહકારથી જોતજોતાંમાં મંદિરનું નિર્માણ-કાર્ય સંપન્ન થયું.

આ મંદિરમાં પ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓ ગામમાં શુભદૃષ્ટિ પાથરે અને ગામજનો મૂર્તિઓનાં દર્શન કરીને ધન્યતા અનુભવે તે હેતુસર તા. ૨૮-૨-૨૦૨૪ના રોજ શોભાયાત્રા યોજાઈ. બીજા દિવસે સવારે બ્રાહ્મમુહૂર્તમાં વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં વૈદિક મંત્રગાન વચ્ચે ૧૧૩ યજમાન યુગલોએ યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કર્યો. યજ્ઞની પૂર્ણાહુતિ બાદ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૯-૯-૨૦૨૨ના રોજ આણંદ ખાતે વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ જ્ઞાનેશ્વરદાસ સ્વામી, ભક્ત-વત્સલદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં સંતોના ગામજનોને આશિષ પ્રાપ્ત થયા.

બોચાસણ મંદિરથી આ વિસ્તારમાં વિચરણ કરતા દિવ્યમંગલદાસ સ્વામી, નૈષ્ઠિકમુનિદાસ સ્વામીના અથાગ પુરુષાર્થથી મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો.

## હરિયાણાના ગુરુગ્રામ ખાતે યોજાયો પ્રતિષ્ઠા ઉત્સવ

રાજધાની દિલ્હીમાં અક્ષરધામ નિર્માણ બાદ ઉત્તર ભારતમાં સત્સંગ ઉત્તરોત્તર અભિવૃદ્ધિ પામી રહ્યો છે. તેના વધુ એક સોપાનરૂપે તા. ૭-૭-૨૦૨૪ના રોજ દિલ્હીના જ એક ભાગરૂપે વિસ્તરેલા ગુરુગ્રામ(હરિયાણા)માં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર નિર્માણ પામ્યું છે. આ નવનિર્મિત મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં તાજેતરમાં યોજાઈ ગયો.

ગુરુગ્રામ ભારતનું બીજું સૌથી મોટું ઇન્ફર્મેશન ટેક્નોલોજી કેન્દ્ર તેમજ ત્રીજું સૌથી મોટું બૅન્કિંગ કેન્દ્ર છે. ગુરુગ્રામ ભારતના સૌથી મોટા તબીબી પ્રવાસન ઉદ્યોગોમાંનું એક શહેર પણ છે. અહીં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ અને સંતો-ભક્તોના પુરુષાર્થથી આ સુંદર મંદિર આકાર પામ્યું છે.

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના માર્ગદર્શન મુજબ સન ૨૦૧૭માં મંદિર નિર્માણ માટે સેક્ટર-૪૬ની આ જગ્યા પ્રાપ્ત કરવામાં આવી. તેમાં મંદિરનું નિર્માણકાર્ય તા. ૨૯-૩-૨૦૨૧ના રોજ શરૂ થયું હતું. ત્રણ વર્ષમાં સ્થાનિક હરિભક્તોએ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ અને દિલ્હી અક્ષરધામના સંતોના માર્ગદર્શન હેઠળ નિઃસ્વાર્થ પરિશ્રમથી આ કાર્ય પૂર્ણ કર્યું.

આ મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓનો વેદોક્ત પૂજનવિધિ ગુરુહરિ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજે સારંગપુરમાં તા. ૨૮-૪-૨૦૨૪ના રોજ કર્યો હતો.

આ મંદિરના પ્રતિષ્ઠા ઉત્સવની શરૂઆત તા. ૬-૭-૨૦૨૪ના રોજ સવારે સદ્‌ગુરુ સંતોના સાંનિધ્યમાં વૈદિક મહાયાગથી થઈ. એ જ દિવસે પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની શાનદાર નગરયાત્રા સેક્ટર ૪૬ના રાજમાર્ગો પર સેંકડો આબાલ-વૃદ્ધ સ્ત્રી-પુરુષ હરિભક્તોની ઉપસ્થિતિમાં સાંજે યોજાઈ. આ (અનુસંધાન પૃષ્ઠ ૫૦ ઉપર)

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીના હસ્તે હરિયાણામાં ગુરુગ્રામ ખાતે નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિરના ઉદ્‌ઘાટન તેમજ પ્રાણપ્રતિષ્ઠા અવસરનાં સ્મૃતિદૃશ્યો...









# ૫૦ વર્ષ પૂર્વે અમેરિકામાં રચાયેલા પ્રથમ બી.એ.પી.એસ. મંદિરની ૫૦મી જયંતીએ ન્યૂયોર્ક એસેમ્બલીમાં થયું સન્માન...



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તા. ૩-૮-૧૯૭૪ના રોજ રક્ષાબંધનના દિને અમેરિકામાં ન્યૂયોર્કના ફ્લશિંગ વિસ્તારમાં એક નાનકડા મકાનમાં સર્વપ્રથમ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી. ત્યારબાદ આ મંદિરમાંથી વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની ગંગોત્રી વહેવા માંડી અમેરિકાનાં વિવિધ શહેરોમાં. ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજે પ્રચંડ પુરુષાર્થ કરીને અમેરિકાની ધરતી પર હજારો પરિવારોમાં આધ્યાત્મિકતાનું સિંચન કર્યું. સમર્પિત હરિભક્તોનો સમાજ ઊભો કરીને ૬ ભવ્ય શિખરબદ્ધ મંદિર અને સ્વામિનારાયણ અક્ષરધામ સહિત સનાતન ધર્મની ધજા ફરકાવતાં ૧૨૫થી વધુ મંદિરો રચ્યાં.

અમેરિકાના બી.એ.પી.એસ. સત્સંગના ઉદ્‌ગમસ્થાન સમા આ ફ્લશિંગ બી.એ.પી.એસ. મંદિરને તાજેતરમાં ૫૦ વર્ષ પૂર્ણ થતાં ન્યૂયોર્ક રાજ્ય સેનેટ અને એસેમ્બલીમાં આ મંદિરના કાર્યને બિરદાવવામાં આવ્યું હતું. તા. ૫-૬-૨૦૨૪ના રોજ, ઉત્તર અમેરિકાના ન્યૂયોર્ક સ્ટેટ સેનેટ અને એસેમ્બલીએ ફ્લશિંગ સ્થિત પ્રથમ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના ઉદ્‌ઘાટનની ૫૦મી વર્ષગાંઠની યાદમાં ઠરાવો પસાર કર્યા હતા. ન્યૂયોર્ક રાજ્યના સેનેટર જ્હોન લિયુ અને એસેમ્બલી મેમ્બર નિલી રોઝિકે અનુક્રમે સેનેટ અને એસેમ્બલીમાં ઠરાવો પ્રસ્તુત કર્યા હતા. સમગ્ર ન્યૂયોર્કમાંથી આલ્બનીના સ્ટેટ કેપિટલમાં, બી.એ.પી.એસ. સમુદાયના સ્વયંસેવકોનાં સમર્પણ, સેવા અને પ્રયત્નોને આટલા સન્માન સાથે ઓળખવામાં આવ્યાં તે અત્યંત ગર્વ અને આનંદની ક્ષણ હતી.

બી.એ.પી.એસ.ના યોગદાનને બિરદાવતાં સેનેટર જ્હોન લિયુએ જણાવ્યું: 'આ વર્ષે ફ્લશિંગમાં બી.એ.પી.એસ. મંદિરની ૫૦મી વર્ષગાંઠ છે, જે મંદિર અને અમારા માટે એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ છે. બી.એ.પી.એસ. મંદિર હિંદુ સમુદાયનો પાયાનો પથ્થર છે, જે ઘણા લોકોની આધ્યાત્મિક અને સામાજિક જરૂરિયાતોની સેવા કરે છે. અન્યોની જરૂરિયાતો પૂરી કરવાની તેમની જબરજસ્ત પ્રતિબદ્ધતા અમે ગર્વથી યાદ કરીએ છીએ.'

આ લાગણીઓનો પડઘો પાડતાં એસેમ્બલી મેમ્બર રોઝિકે કહ્યું: 'બી.એ.પી.એસ. મંદિરને તેમની ૫૦મી વર્ષગાંઠ પર માન્યતા આપવી એ અમારા માટે એક સન્માનની વાત છે. ૫૦ વર્ષથી, મંદિર પૂજા, સાંસ્કૃતિક વારસો અને સામુદાયિક સેવાનું કેન્દ્ર રહ્યું છે. સરકારમાં મારા સાથી નેતાઓ સાથે તેમના સમર્પણની ઉજવણી કરવા બદલ હું ગૌરવ અનુભવું છું.''

આમ, આ મંદિરની ગૌરવની ક્ષણને સૌએ વધાવી હતી.

# ફ્રાન્સની રાજધાની પેરિસમાં રચાનાર બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનો ફાઉન્ડેશન દ્વારા થયો નિર્માણનો શુભારંભ...





વિશ્વના અનેક દેશોમાં ચાલી રહેલી બી.એ.પી.એસ. સત્સંગ પ્રવૃત્તિના પરિપાકરૂપે ઠેર ઠેર સનાતન આધ્યાત્મિક પરંપરાનાં મંદિરો રચાઈ રહ્યાં છે. તાજેતરમાં ફ્રાન્સની ધરતી પર પેરિસ શહેરના સેન્ટ જ્યોર્જીસ ખાતે શિખરયુક્ત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના નિર્માણ-કાર્યનો આરંભ થઈ ચૂક્યો છે. તે ઉપક્રમે પાઈલિંગ ફાઉન્ડેશનનો આરંભ તા. ૪-૬-૨૦૨૪ના રોજ સારંગપુરમાં વિરાજમાન ગુરુહરિ મહંત સ્વામી મહારાજની વર્ચ્યુયલ હાજરીમાં અને સ્થળ પર ઉપસ્થિત શ્રીજીસ્વરૂપદાસ સ્વામી, અક્ષરવત્સલદાસ સ્વામી, યોગવિવેકદાસ સ્વામી અને સંતો દ્વારા થયો. આ પ્રસંગે, શ્રી હેડ્રિયન ઘોમી (સાંસદ, ફ્રેન્ચ નેશનલ એસેમ્બલી) અને શ્રી યાન ડુબોસ્ક(મેયર, સેન્ટ જ્યોર્જિયા) અને બી.એ.પી.એસ. સંસ્થાના અગ્રણી હરિભક્તો પણ ઉપસ્થિત રહ્યા હતા.

સંતોએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનું વેદોક્ત પૂજન કરીને શ્રીફળ વધેરીને વિશાળ પાઈલ રિંગ વડે જમીનમાં ડ્રિલિંગનો પ્રારંભ કર્યો હતો.

આ પ્રસંગે શ્રી હેડ્રિયન ઘોમીએ જણાવ્યું હતું કે, 'ફ્રાન્સના સાંસદ અને નેશનલ એસેમ્બલીમાં ફ્રાન્સ-ઈન્ડિયા ફ્રેન્ડશિપ ગ્રૂપના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે, આપણા બંને દેશોને એક કરતા સાંસ્કૃતિક અને ભાઈચારાના સંબંધોને મજબૂત કરતું આ કાર્ય મહત્ત્વપૂર્ણ છે. આ મંદિર ફ્રાન્સમાં ભારતીય સમુદાય અને ફ્રેન્ચ લોકો બંને માટે એક નોંધપાત્ર સેતુ છે. હું બી.એ.પી.એસ. ટીમને આ જબરદસ્ત કાર્ય માટે અભિનંદન આપું છું.'

મેયર શ્રી યાન ડુબોસ્કે કહ્યું: 'આજે બાંધકામનું કામ શરૂ થઈ રહ્યું છે તે મારા માટે ખૂબ જ ઉત્સાહજનક છે. જ્યારે અમે ૨૦૧૭માં પહેલીવાર મળ્યા ત્યારે મેં કહ્યું હતું કે આ મંદિર પેરિસમાં અમારા સેન્ટ જ્યોર્જીસમાં જ હોવું જોઈએ! અને તેને થતું જોવું, ખરેખર! હૃદયસ્પર્શી છે.'

પ્રોજેક્ટ પરના મુખ્ય આર્કિટેક્ટ શ્રી એન્ડ્રુ હોબસન, શ્રી ગુઈલોમ લે રેવેલી(ડેપ્યુટી ડાયરેક્ટર, VINCI કન્સ્ટ્રક્શન), શ્રી જીન-ક્રિસ્ટોફ ગોમ્સ(વડા, જીએસ કન્સ્ટ્રક્શન) વગેરેએ આ પ્રોજેક્ટમાં જોડાવા બદલ ગૌરવ વ્યક્ત કર્યું હતું.

આમ, કળા, સ્થાપત્ય, સાહિત્ય અને ભવ્ય સ્મારકો માટે વિશ્વવિખ્યાત શહેર પેરિસ ખાતે રચાઈ રહેલું આ મંદિર ફ્રાંસનું પ્રથમ પરંપરાગત હિન્દુ મંદિર બનશે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી રચાઈ રહેલું આ બી.એ.પી.એસ. હિન્દુ મંદિર, પ્રાચીન ભારતીય સ્થાપત્ય, કલા અને આધ્યાત્મિક સંસ્કારોનો રાજદૂતાવાસ બની રહેશે.

# બી.એ.પી.એસ. હિન્દુ મંદિર, અબુધાબીમાં 'રણમાં કમળ' મધ્યવર્તી વિચાર સાથે યોજાઈ રાષ્ટ્રીય શિબિર





અખાતી દેશ યુ.એ.ઈ.ની રાજધાની અબુધાબીમાં તાજેતરમાં નિર્માણ પામેલા બી.એ.પી.એસ. હિન્દુ મંદિરમાં પ્રથમ યુ.એ.ઈ. નેશનલ શિબિર તા. ૧૭-૬-૨૦૨૪ના રોજ યોજાઈ ગઈ. 'રણમાં કમળ' મધ્યવર્તી વિચાર હેઠળ યોજાયેલી આ શિબિરમાં અબુધાબી મંદિરના નિર્માણની પ્રક્રિયામાંથી પ્રતિધ્વનિત થતા અદ્‌ભુત જીવન-સંદેશ વિષયક વિવિધ સત્રો યોજાયાં હતાં.

આત્મનિરીક્ષણ, મજબૂત પાયો - પ્રાપ્તિ, સત્પુરુષના ગુણો, પડકારો જેવાં રસપ્રદ સત્રો યોજાયાં હતાં. આ સત્રોમાં પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી (વીડિયો પ્રવચન), બ્રહ્મવિહારીદાસ સ્વામી, અક્ષરાતીતદાસ સ્વામી, બહુશ્રુતદાસ સ્વામી, ઉત્તમનિલયદાસ સ્વામી, પરમસંકલ્પદાસ સ્વામી, સર્વજીતદાસ સ્વામી અને અનંતયોગીદાસ સ્વામીએ પ્રેરક વક્તવ્યો આપ્યાં હતાં. સંતો દ્વારા પ્રસ્તુત થયેલા આ મંદિરના પ્રેરણાદાયી ઈતિહાસ અને સંદેશ દ્વારા સૌ શિબિરાર્થીઓએ દૃઢ કર્યું કે ''આપણું હૃદય પણ એક મંદિર છે, તો ચાલો તેને ભગવાનને ગમે તેવું બનાવીએ.''

આ અવસરે બાળમંડળ, કિશોરમંડળ અને યુવામંડળ દ્વારા સમાન મધ્યવર્તી વિચાર સાથે જુદી જુદી શિબિરો યોજાઈ હતી. આ શિબિરનાં કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ શિબિરાર્થીઓના સમજણના સ્તરને અનુરૂપ હતી. અહીં ટીમવર્ક, ટ્રેઝર હન્ટ્સ, સ્કેવેન્જર હન્ટ્સ, પપેટ શો અને પત્રલેખન જેવી સામૂહિક બાબતોનો સમાવેશ કરાયો હતો.

આ શિબિર-સત્રોમાં મંદિર બાંધકામ પ્રક્રિયાના વીડિયો, સંવાદો, સમૂહ ચર્ચાઓ અને ઈન્ટરેક્ટિવ ક્વિઝ દ્વારા વિવિધ પ્રસ્તુતિઓ કરવામાં આવી હતી. અંતે સૌ શિબિરાર્થીઓએ સંતો અને ભારતીય રાજદૂત શ્રી સંજય સુધીર સાથે મંદિર પરિસરમાં ગંગા-યમુના ઘાટ પર સંધ્યા આરતીનો સમૂહલાભ પ્રાપ્ત કર્યો હતો. ખુલ્લા આકાશ તળે, સંધ્યા સમયે ઝળહળતા મંદિરમાં દર્શનની સાથે ગંગા આરતીનો લાભ માણીને સૌએ અવિસ્મરણીય સ્મૃતિ હૃદયસ્થ કરી હતી.

સૌ શિબિરાર્થીઓએ આ ભવ્ય મંદિર જે ગુણવત્તા, પ્રામાણિકતા અને સંવાદિતાનો સંદેશ આપે છે તે જીવનમાં ધારણ કરવાના દૃઢ નિશ્ચય સાથે, હૃદયમાં આદર્શ મંદિરનું સર્જન કરવા પ્રતિબદ્ધ થયા હતા.

આમ, અબુધાબી ખાતે આ પ્રથમ નેશનલ બી.એ.પી.એસ. શિબિર યોજાઈ ગઈ, જેમાં રોજબરોજના જિવાતાં જીવનપથમાં આધ્યાત્મિક ઉત્કર્ષ કરવા એક ડગલું આગળ વધવા સૌ પ્રેરિત થયા હતા. ◆

# બી.એ.પી.એસ. સત્સંગ પ્રવૃત્તિ દ્વારા ઠેર ઠેર યોજાઈ યુવાનોને પ્રેરણા આપતી યુવા શિબિરો





દેશ-વિદેશના લાખો યુવાનો પર પોતાની નિઃસ્વાર્થ વાત્સલ્ય-વર્ષા વરસાવીને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજે અને મહંત સ્વામી મહારાજે પ્રચંડ યુવાશક્તિને રચનાત્મક વળાંક આપ્યો છે. આજની સુશિક્ષિત યુવાપેઢીને સંસ્કારથી અલંકૃત કરવા માટે, બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ગતિમાન યુવક-યુવતી મંડળોમાં હજારો યુવક-યુવતીઓ અનેકવિધ કૌશલ્યો તેમજ ચારિત્ર્ય-ઘડતરની તાલીમ પ્રાપ્ત કરી રહ્યાં છે. આ યુવામંડળોમાં સમગ્ર વર્ષ દરમ્યાન અનેકવિધ રચનાત્મક આયોજનો થતાં રહે છે. તેમાંનું એક વિશિષ્ટ આયોજન એટલે યુવા સત્સંગ શિબિર.

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ભારતભરનાં વિવિધ યુવા સત્સંગકેન્દ્રોમાં યુવાશિબિરોનું અદ્‌ભુત આયોજન થયું હતું. તાજેતરમાં મે અને જૂન માસમાં ભરૂચ, હિંમતનગર, નવસારી, કામરેજ-વ્યારા, વડોદરા શહેર અને ગ્રામ્ય, રાજસ્થાન, નાગપુર વગેરે શહેર-ગ્રામ્ય ક્ષેત્રોમાં ચાલતી બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિ સંલગ્ન ૮,૦૦૦થી વધુ યુવક-યુવતીઓને પ્રેરણા આપતી સત્સંગ શિબિરો વિવિધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં યોજાઈ હતી.

ઉપરોક્ત દરેક શિબિરમાં મધ્યવર્તી વિચારને દૃઢાવતાં વિદ્વાન સંતો દ્વારા પ્રવચનો, ગુણાતીત ગુરુવર્યોના વીડિયો-આશીર્વાદ, સમૂહપૂજા, ગોષ્ઠિ, પ્રેરણાત્મક સંવાદ, પ્રશ્નોત્તરી અને અન્ય કાર્યક્રમો પ્રસ્તુત થયાં, જેના દ્વારા સૌએ વિશેષ માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. ઠેર ઠેર યોજાયેલી આ શિબિરો દ્વારા યુવાનોના શિથિલ માનસને વજ્ર સમી મજબૂતાઈ પ્રાપ્ત થઈ હતી.

વળી, આ વર્ષે સંસ્થા દ્વારા યોજાઈ રહેલા કાર્યકર સુવર્ણ મહોત્સવ અંતર્ગત પણ ખંતીલા કાર્યકરોના સત્સંગ-સેવાના પ્રસંગો જાણીને સૌને કાર્યકરો પ્રત્યે વિશેષ મહિમાદૃષ્ટિ ખીલી હતી.

આ સાથે, આ શિબિરાર્થીઓને અન્ય બી.એ.પી.એસ. મંદિરોમાં દર્શન-લાભ મળે તે હેતુથી મંદિરોની દર્શન-યાત્રાની સાથે સાથે કેન્દ્રવર્તી વિચારને દૃઢાવતાં શિબિરસત્ર પણ યોજાયાં હતાં. આ બી.એ.પી.એસ. મંદિરોનાં દર્શન કરીને તેમજ જે તે પ્રાસાદિક સ્થાનોનો મહિમા જાણીને દરેક શિબિરાર્થીને સત્સંગ પ્રત્યે વિશેષ અસ્મિતા સ્વતઃ જાગ્રત થઈ હતી.

આ શિબિરોમાં ભાગ લેનાર પ્રત્યેક શિબિરાર્થીને સત્સંગ અને સત્પુરુષમાં વિશેષ જોડાણ તો થયું જ, પરંતુ સાથે સાથે સત્સંગ અને સત્પુરુષની અલૌકિક પ્રાપ્તિની સમજણથી જીવનની સાર્થકતાનો પણ અનુભવ થયો હતો. આ શિબિરોનાં સફળ આયોજન પાછળ પુરુષાર્થ કરનાર સ્થાનિક સંતો-કાર્યકરોનો ફાળો નોંધનીય રહ્યો હતો. ◆





# કાર્યકર સુવર્ણ મહોત્સવે સેવારત ૬૮,૦૦૦ કાર્યકરોને નવાજતો 'કાર્યકર અભિવાદન સમારોહ'

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની ગતિ અને પ્રગતિમાં સંસ્થાના સમર્પિત કાર્યકરોનો ફાળો અતુલનીય રહ્યો છે. ૫૦ વર્ષ પહેલાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે માળખાબદ્ધ કરેલ આ બી.એ.પી.એસ. સત્સંગ-પ્રવૃત્તિ કાર્યમાં સમર્પિત થયેલા હજારો નિઃસ્વાર્થ કાર્યકરોને બિરદાવવા, આ વર્ષે, ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી કાર્યકર સુવર્ણ મહોત્સવ યોજાયો છે. તેના ઉપક્રમે, તાજેતરમાં જ ઠેર ઠેર સંયુક્ત-યુવા-બાળ-મહિલા-યુવતી-બાલિકા પ્રવૃત્તિના કાર્યકરોને નવાજતો 'કાર્યકર અભિવાદન સમારોહ' યોજાઈ ગયો. તા. ૧૯-૫-૨૦૨૪ થી તા. ૩૦-૬-૨૦૨૪ દરમ્યાન ગુજરાત, મુંબઈ તથા પરપ્રાંતનાં કુલ ૨૭૮ સત્સંગ ક્ષેત્રોમાં આ કાર્યકર અભિવાદન સમારોહ દબદબાભેર યોજાયા.

બે કલાકના આ સમારોહના પ્રારંભમાં સભાસ્થળના મધ્યભાગમાં બિછાવેલી લાલ જાજમ પરથી મંચ તરફ અગ્રસર થતા તમામ કાર્યકરોનું હરિભક્તો અક્ષત-પુષ્પોથી સ્વાગત કરતા, અભિવાદન કરતા. આ સ્વાગતની સૂરાવલિઓમાં જયનાદો પણ સૂર પૂરાવતા. શ્વેત વસ્ત્રો અને કેસરિયા સાફાથી શોભતા આ કાર્યકરવીરોને સૌ પ્રેમાદરપૂર્વક તાળીનાદથી વધાવતા. હરિભક્તો દ્વારા અભિવંદિત થયેલ સૌ કાર્યકરો સભામાં પોતાનું સ્થાન ગ્રહણ કરતા. ત્યારબાદ મંચ પરથી કાર્યકર અભિવાદનના કાર્યક્રમનો પ્રારંભ થતો, જેમાં મંચસ્થ પૂજ્ય સંતો વાણી દ્વારા તથા પૂજ્ય સદ્ગુરુ સંતો વીડિયોના માધ્યમથી કાર્યકરોનાં સેવા-સમર્પણને હૃદયપૂર્વક બિરદાવતા હતા.

કાર્યકરોની સેવાભાવનાનો ઉપસ્થિત શ્રોતાગણને આછો પરિચય સંવાદ 'સ્વામીની સેના' દ્વારા થયો, જેમાં કાર્યકરો પોતાના દેહ તથા પરિવારને ગૌણ કરીને સેવાકાર્યને હંમેશ અગ્રિમ સ્થાન આપે છે, તે દર્શાવવામાં આવ્યું. ત્યારબાદ જે તે ક્ષેત્રના સેવાનિષ્ઠ કાર્યકરોના હૃદયદ્રાવક પ્રસંગો સાંભળીને કેટલાય ભક્તો અશ્રુભીના થઈ જતા હતા.

ત્યારબાદ મહંત સ્વામી મહારાજના વીડિયો આશીર્વાદ દ્વારા તેમની કાર્યકરો પ્રત્યેની મહિમાદૃષ્ટિનાં સૌને દર્શન થયાં. સભાના અંત ભાગમાં, સભામંચ પર એક-એક કાર્યકરને ભાલે ચાંદલો કરી સ્મૃતિભેટ સાથે વધાવવામાં આવ્યા, જેમાં ભારતના જુદાં જુદાં ક્ષેત્રોના કુલ ૬૮,૦૦૦ જેટલા કાર્યકરોને સંતો-ભક્તોએ ઉષ્માભેર વધાવ્યા. કાર્યકરો પોતાની અલ્પ સેવાને બિરદાવવા બદલ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ તથા સૌનો મનોમન હૃદયપૂર્વક આભાર માનતા અને કટિબદ્ધ થઈને સૌ અંતરથી ગાતા...

આજે સૌ ભેગા મળી, આ ઉત્સવને વધાવીશું,
અક્ષરુપુરુષોત્તમનું જ્ઞાન દિગંતમાં ગુંજાવીશું... ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## પોર્ટુગલના લિસ્બન શહેર ખાતે યોજાઈ પદયાત્રા

યુરોપ ખંડના પોર્ટુગલ દેશની રાજધાની લિસ્બન મહાનગરમાં ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજે સન ૨૦૧૪માં પ્રતિષ્ઠિત કરેલા બી.એ.પી.એસ. મંદિરને દસ વર્ષ પૂર્ણ થતાં દશાબ્દી ઉત્સવ યોજાયો હતો. તે ઉપક્રમે તા. ૧૨-૫-૨૦૨૪ના રોજ ૩૦૦થી વધુ આબાલવૃદ્ધ ભક્તવૃંદે પદયાત્રા યોજીને ઠાકોરજીનાં શ્રીચરણે ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું હતું. અલેમેડા ડી. એફોન્સો હેન્રિક્સથી આરંભાયેલી યાત્રા અલમેડા ગાગો કોટિન્હોમાં સ્થિત મંદિરમાં વિરામ પામી. સૌ પદયાત્રીઓએ ધૂન-કીર્તનગાનથી વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. સ્થાનિક અધિકારીઓએ અને કાર્યકરોએ આ પદયાત્રીઓને આવશ્યક સહાય પૂરી પાડી હતી.



## યુવા તાલીમ કેન્દ્ર દ્વારા યોજાયું અંતર જાગૃતિ પર્વ

બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના એક નૂતન આયામ તરીકે સારંગપુરમાં ૧૮ વર્ષ પૂર્વે આરંભાયેલા યુવા તાલીમ કેન્દ્ર દ્વારા પ્રતિવર્ષે 'અંતર જાગૃતિ પર્વ' યોજાય છે. આ વર્ષના પ્રથમ સત્રના ૬૦ તાલીમાર્થીઓએ ૧૫ વૃંદમાં માર્ચ-એપ્રિલ મહિનામાં વિવિધ ક્ષેત્રમાં વિચરણ કર્યું હતું, કુલ ૧૨૩ ગામડાંઓમાં આ તાલીમાર્થીઓએ વિચરણ કરીને ૧,૬૮૧ ઘરોમાં સંપર્ક કર્યો હતો. આ વૃંદોએ ૧૨૨ સંયુક્ત સભા, ૭૬ બાળસભા, ૪૯ શાળાઓમાં સભા યોજી હતી. વ્યક્તિગત સંપર્ક દ્વારા ૫૩૪ વ્યસનીઓને વ્યસનમુક્ત કર્યા. પરિણામે, હજારો વ્યક્તિઓને જીવનમાં આધ્યાત્મિક ક્ષેત્રે એક ડગલું આગળ વધવાની પ્રેરણા મળી હતી.



## લિલોંગ્વેમાં યોજાઈ રક્તદાન શિબિર

'અમે લોકોને મદદ કરતી સેવાઓ કરવાનું ચાલુ રાખીશું.' આ શબ્દો છે – મલાવી દેશના પાટનગર લિલોંગ્વે શહેરમાં ગતિમાન બી.એ.પી.એસ. સત્સંગ મંડળના હરિભક્તોના. સન ૨૦૧૦થી નિયમિત રીતે રક્તદાન કરી રહેલા આ મંડળે તા. ૨૮ એપ્રિલે રક્તદાન શિબિર(બ્લડથોન)નું આયોજન કરીને ૮૭ પાઇન્ટ્સ રક્ત એકઠું કર્યું. આ રક્ત કેન્સરગ્રસ્તો અને પ્લેટલેટ્સની અછત ધરાવતા દર્દીઓ માટે જીવનરક્ષક બની રહેશે. વિશ્વભરમાં સામાજિક, આરોગ્ય અને પર્યાવરણલક્ષી સેવાઓ માટે જાગ્રત બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સેવાપ્રવૃત્તિઓ અહોરાત્ર ચાલતી રહે છે. તેની વિસ્તૃત જાણકારી માટે નિહાળો - www.bapscharities.org



Hindus in blood donation drive

CLEMENT CHINOKO

(અનુસંધાન પૃષ્ઠ ૪૩ ઉપરથી) ભક્તિસભર શોભાયાત્રાને નિહાળીને સ્થાનિક નગરજનો પણ ખૂબ પ્રસન્ન થયા હતા.

બીજે દિવસે તા. ૭-૭-૨૦૨૪, અષાઢ સુદ બીજ, રથયાત્રાના પવિત્ર દિવસે સદ્ગુરુ સંતોની ઉપસ્થિતિમાં અને સ્થાનિક ૮૦૦ હરિભક્તોની હાજરીમાં મહાપૂજા અને મૂર્તિસ્થાપનવિધિ સંપન્ન થયો. ત્યારબાદ સભાગૃહમાં પ્રાસંગિક લોકાર્પણ સમારોહ યોજાયો. બી.એ.પી.એસ. મંદિર અને અક્ષરધામ, દિલ્હીના કોઠારી મુનિવત્સલદાસ સ્વામીએ ગુરુગ્રામ વિસ્તારમાં સત્સંગનો ચિતાર આપ્યો.

પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીના સંબોધન બાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ કહ્યું કે 'ગુરુગ્રામ એ ગુરુ દ્રોણાચાર્યનું ગામ હતું, તેથી આ પવિત્ર ભૂમિ યુગોથી ગુરુ પ્રત્યે પ્રેમ અને ભક્તિમાં જોડાયેલી છે. આજે આ ગુરુ-શિષ્ય વારસાએ મંદિરનું સ્વરૂપ ધારણ કર્યું છે.'

આ મંદિરનિર્માણ માટે ગુરુગ્રામના સ્થાનિક હરિભક્તોએ શ્રમયજ્ઞની સાથે સાથે માળાજાપ, દંડવત્, અખંડ ઉપવાસ શૃંખલા જેવા વિશિષ્ટ નિયમો લીધા. તો નાના બાળકોએ પણ મનપસંદ વસ્તુઓનો ત્યાગ કરી પોતાની ભક્તિ અર્પણ કરી હતી. ઉલ્લેખનીય છે કે હરિયાણા રાજ્યનાં અન્ય બે શહેર પંચકુલા અને કુરુક્ષેત્રમાં પણ બી.એ.પી.એસ. સંસ્થાનાં મંદિર નિર્માણાધીન છે.

આ નવનિર્મિત કલાત્મક બી.એ.પી.એસ. મંદિર ગુરુગ્રામની ધરોહર બનીને આવનારાં અનેક વર્ષો સુધી અહીં આધ્યાત્મિકતાનો ઉજાસ પ્રસરાવશે. સાથે સાથે સેવા, ચરિત્ર, ભક્તિ, પ્રેમ, ભ્રાતૃભાવ અને સંવાદિતાને વિસ્તૃત કરતું રહેશે.

## ખેડબ્રહ્મા ગામ વિસ્તારમાં યોજાયો પ્રતિષ્ઠા ઉત્સવ


ખેડબ્રહ્મા શહેરના ગામ વિસ્તારમાં તા. ૧-૭-૨૦૨૪ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયો. ખેડબ્રહ્મામાં તા. ૨૪-૮-૧૯૫૩માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ ધોધમાર વરસાદમાં હરણાવ નદી તરાપા પર પાર કરીને નારણદાસ મોદીને ત્યાં પધાર્યા હતા. શ્રી નારાયણદાસના પૌત્ર શ્રી યોગેશભાઈએ યોગીબાપા પધાર્યા હતા તે ગામ વિસ્તારમાં આવેલું પ્રસાદિક ઘર મંદિર માટે અર્પણ કરતાં તેમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયો. ગુરુહરિ મહંત સ્વામી મહારાજે સારંગપુરમાં તા. ૧-૫-૨૦૨૪ના રોજ આ મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓનો પૂજનવિધિ કર્યો હતો.

સત્સંગદીક્ષા હોમાત્મક યજ્ઞ, ભવ્ય નગરયાત્રા બાદ સાંજે ૫-૩૦ વાગ્યે અક્ષરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ સંપન્ન થયો. ઉત્સવસભામાં મંગલપુરુષદાસ સ્વામી અને સંતોએ સેવા કરનાર ભક્તોનો આભાર વ્યક્ત કરીને સન્માન્યા હતા. ◆

## અક્ષરવાસ

**બી.એ.પી.એસ. પરિવારના અક્ષરનિવાસી હરિભક્તને હાર્દિક શ્રદ્ધાંજલિ...**

### ભક્તરાજ શ્રી હસમુખભાઈ શાંતિલાલ પટેલ, ભરૂચ, ઉ.વ. ૭૩, અક્ષરવાસ તા. ૮-૬-૨૦૨૪



ભરૂચ મંદિર હેઠળ આવતાં સત્સંગ ક્ષેત્રોમાં બાળપ્રવૃત્તિ અગ્રેસર તરીકે સેવા આપતા શ્રી હસમુખભાઈ પટેલને ૧૯૮૫માં સત્સંગનો યોગ થયો હતો. ત્યારથી શરૂઆતનાં વર્ષોમાં બાળમંડળ સંચાલક ત્યારબાદ બાળપ્રવૃત્તિ નિર્દેશક અને ૧૯૯૨થી મંદિર હેઠળ આવતા તમામ ક્ષેત્રના બાળ પ્રવૃત્તિના સંયોજક તરીકે અંતિમ શ્વાસ સુધી પોતાની સેવા આપી. એટલું જ નહીં પોતાના વ્હાલસોયા સુપુત્રને (પૂજ્ય ધર્મપુરુષદાસ, સુરત) બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સેવામાં સાધુ થવાની પ્રેરણા આપી સન ૨૦૦૪માં સમર્પિત કર્યા છે. બાળપ્રવૃત્તિ સેવાની સાથે સાથે પોતાના મિલનસાર, સેવાભાવી અને ગુણગ્રાહી સ્વભાવને લીધે સૌના માનીતા રહેલા હસમુખભાઈ મંદિરમાં પણ આવનાર તમામને અને ખાસ કરીને બાળકોને સંપર્ક કરી સત્સંગ અભિમુખ કરતા રહ્યા. સન ૨૦૧૩માં નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ પોતાનો સંપૂર્ણ સમય સત્સંગ માટે ફાળવીને મંદિરમાં પૂર્ણ સમય માટે સેવાઓમાં જોડાઈ ગયા અને અંતિમ શ્વાસ સુધી સેવારત રહેનાર આવા ભક્તરાજના ધામગમનથી સત્સંગ સમાજને નિષ્ઠાવાન હરિભક્તની ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ...

## અભિનંદન

**બી.એ.પી.એસ. પરિવારનું ગૌરવ વધારનારા તેજસ્વી તારલાને અભિનંદન...**

### શ્રી ગર્વિત ખંડેલવાલ, જયપુર : સમગ્ર ભારતમાં ઉત્તમ સિદ્ધિ મેળવી



રાજસ્થાન યુવક મંડળના સંનિષ્ઠ યુવાસભ્ય શ્રી ગર્વિત ખંડેલવાલે તાજેતરમાં કન્સોર્ટિઅમ ઓફ નેશનલ લો યુનિવર્સિટી, બેંગલૂરુ દ્વારા તાજેતરમાં લેવાયેલી કોમન લો એડમિશન ટેસ્ટ (CLAT) ૨૦૨૪માં ૯૯.૭૫ માર્ક્સ પ્રાપ્ત કરીને સમગ્ર ભારતમાં ૬૨મા ક્રમે ઉત્તીર્ણ થયા છે. સમગ્ર ભારતમાં આવી સિદ્ધિ મેળવીને તેઓએ સત્સંગનું અને પરિવારનું ગૌરવ વધાર્યું છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદન.









## થાઇલેન્ડના મહાનગર બેંગકોકમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી તાજેતરમાં ગુરુપૂર્ણિમા, તા. ૨૧-૭-૨૦૨૪ના રોજ બેંગકોક ખાતે કલામંડિત છ મંજિલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો હતો. અનેકવિધ સત્સંગ-સુવિધાઓથી સંપન્ન આ મંદિરનો મૂર્તિસ્થાપન વિધિ નગરયાત્રા, મહાપૂજા વગેરે કાર્યક્રમો સાથે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીના હસ્તે સેંકડો ભક્તોની ઉપસ્થિતિમાં ધામધૂમથી સંપન્ન થયો હતો.

Swaminarayan Prakash Gujarati, August 2024, Published on 1-8-2024. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2024-2026, Valid upto 31-12-2026, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2024-2026, Valid upto 31-12-2026.





**તીર્થધામ બોચાસણ ખાતે ગુરુહરિ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં ગુરુપૂર્ણિમા અવસરે હજારો ભક્તોએ કરી ગુરુવંદના...**

તા. ૨૧-૭-૨૦૨૪ના રોજ તીર્થધામ બોચાસણ ખાતે પ્રાણપ્યારા ગુરુહરિ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના દિવ્ય સાંનિધ્યમાં હજારો ભક્તો-ભાવિકોની ઉપસ્થિતિમાં ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો. ગુરુમહિમાનું ગાન કરતા આ ઉત્સવમાં ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના મંગલમય સ્મરણ સાથે પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં ચરણોમાં સૌએ ગુરુવંદના કરી હતી.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas